અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૮ ડિસેમ્બર ૨૦૨૪, શનિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, માગશર વદ ૧૩ | અંક : ૧૭૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886



### મનમોહન સિંહના નિધન પર શોકની લાગણી ફેલાઈ

## મનમોહન સિંહના નિધન પર દેશમાં સાત દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર

પૂર્વ પ્રધાનમંત્રી મનમોહન સિંહનું ગુરુવાર રાતે નિધન થઈ ગયું છે. જાણકારી અનુસાર, તબિયત ખરાબ થયા બાદ તેમને મોડી સાંજે દિલ્હીની એઈમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં ડોક્ટર્સે તેમને મૃત જાહેર કર્યા હતા. જાણકારી અનુસાર, કાલે એટલે કે શનિવારે રાજકીય સન્માન સાથે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવશે. પણ શું તમે જાણો છો કે રાજકીય શોક અથવા રાષ્ટ્રીય શોક ક્યારે જાહેર થાય છે? પૂર્વ પ્રધાનમંત્રી મનમોહન સિંહના નિધન પર આખા દેશમાં શોકની લાગણી ફેલાઈ છે. દેશના મહાન સપૂતના નિધન બાદ દેશમાં ૭ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો છે. આ દરમ્યાન તિરંગો અડધી કાઠીએ ફરકાવવામાં આવશે. આપને જણાવી દઈએ કે, દેશમાં રાજકીય શોકની જાહેરાત પહેલા ફક્ત કેન્દ્ર સરકાર કરતી હતી. પણ નિયમોમાં ફેરફાર થયા બાદ રાજ્ય સરકાર પણ રાજકીય શોકની ઘોષણા કરે છે. જોકે આ પહેલા ઘોષણા ફક્ત કેન્દ્ર સરકારની સલાહ પર રાષ્ટ્રપતિ જ કરી શકતા હતા. દેશના તમામ રાજ્યો હવે ખુદ નક્કી કરી શકે છે કે, કોને રાજકીય સન્માન આપવું. એટલું જ નહીં ઘણી વાર રાજ્ય અને કેન્દ્ર સરકાર અલગ અલગ રાજકીય શોક જાહેર કરે છે. જ્યારે દેશમાં કોઈ મોટા નેતા, કલાકાર અથવા કોઈ એવી હસ્તીનું નિધન થઈ જાય છે, જેણે દેશના સન્માન માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી દીધું છે. તેવી સ્થિતિમાં રાજકીય અથવા રાષ્ટ્રીય શોકની ઘોષણા થાય છે. કેન્દ્ર સરકારના ૧૯૯૭ના નોટિફિકેશનમાં કહેવાયું છે કે રાજકીય શબયાત્રા દરમ્યાન કોઈ સાર્વજનિક રજા જરૂરી નથી. નિયમો અનુસાર, ફરજિયાત સાર્વજનિક રજાને ખતમ કરી દેવામાં આવી છે. હવે ફક્ત પદ પર રહેતા રાષ્ટ્રપતિ અથવા વડાપ્રધાનના નિધન પર જ રજા રહે છે. પણ સરકાર ઈચ્છે તો રજાની જાહેરાત પણ કરી શકે છે. તો વળી રાજકીય શોક દરમ્યાન ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયા નિયમ અનુસાર, વિધાનસભા, સચિવાલય સહિત મહત્વના કાર્યાલયોમાં લાગેલા રાષ્ટ્રીય ધ્વજ અડધો ઝૂકેલો રહે છે. આ ઉપરાંત રાજ્યમાં કોઈ ઔપચારિક અને સરકારી કાર્યક્રમો આયોજિત થતા નથી. આ સમય દરમ્યાન સમારંભ અને સત્તાવાર મનોરંજન પર પણ પ્રતિબંધ રહે છે. રાષ્ટ્રીય શોક, રાજકીય શોકનું મહત્વપૂર્ણ પાસુ રાજકીય સન્માનથી અંત્યેષ્ટિ પણ છે. રાજકીય શોક જાહેર થયા બાદ સચિવાલય, મંત્રાલય સહિત કોઈ પણ રાજકીય ભવનમાં આયોજિત તમામ મનોરંજન સાંસ્કૃતિક કાર્યક્રમોને રદ કરી દેવામાં આવે છે. આ દરમ્યાન ફક્ત ખાસ કામકાજી કામ થાય છે. બહારના કોઈ કામ થતા નથી.

## ભારતને અનેક મોટા આર્થિક સંકટોથી મુક્ત કરાવ્યું હતું

પૂર્વ વડા પ્રધાન ડૉ. મનમોહન સિંહજીનું ગઈ રાતે ૯:૫૧ વાગ્યે દુઃખદ નિધન થયું છે. દેશના છેલ્લા એવા વડા પ્રધાનના જીવન બાબતે જેમનો આઝાદી પહેલા જન્મ થયો હતો અને તેમણે કેવી રીતે ભારતને અનેક મોટા આર્થિક સંકટોથી મુક્ત કરાવ્યું. ડૉ. મનમોહન સિંહનો રાજકીય કાર્યકાળ ૩૩ વર્ષ લાંબો હતો, ભારતમાં આર્થિક સુધારાના નાયક હતા. તેઓ એક કુશળ રાજનેતા હોવાની સાથે વિદ્વાન, અર્થશાસ્ત્રી અને વિચારક હતા. તેઓ ભારતના નાણા પ્રધાન અને નાણા સચિવ, રિઝર્વ બેંકના ગવર્નર પણ રહી ચુક્યા છે. આવા મહાન અર્થશાસ્ત્રીએ ભારત જેવા વિકાસસીલ દેશને વિશ્વની હરોળમાં લાવવા આર્થિક ઉદારીકરણ લાવી દેશને મજબુત બનાવ્યો. તેઓ ભારતના અર્થવ્યવસ્થાને મજબૂત કરનાર અને ગ્લોબલાજેશન અને આર્થિક ઉદારીકરણન પ્રણેતા લગભગ ૧૯૯૧થી ફાઈનાન્સ મિનિસ્ટરથી ૨૦૧૪ સુધી દેશને આર્થિક મજબૂતાઈ આપવા ખૂબ મોટો ફાળો હતો. આર્થિકવ્યવસ્થાને ૨૧ સદીમાં લઈ જનાર વડા પ્રધાન ૨૦૦૨થી ૨૦૦૪માં રાજ્યસભાના વિપક્ષ નેતા હતા. ભારતના ૧૪માં કર્તવ્યપરાયણતા, અભ્યાસુ વલણ, સરળતાથી બધાને ઉપબલ્ધ રહેવાનું વલણ, સતત પરિશ્રમની વળતિ અને વ્યાવસાયિક સૂઝબૂઝ માટે તેમને યાદ કરવામાં આવે છે. અખંડ ભારતના પંજાબ પ્રાંતના એક ગામમાં ૨૬ સપ્ટેમ્બર, ૧૯૩૨ના રોજ તેમનો જન્મ થયો હતો. ડૉ. સિંહે ૧૯૪૮માં પંજાબ યુનિવર્સિટીમાંથી મેટ્રીક પરીક્ષા ઉત્તીર્ણ કરી હતી. તેમની શૈક્ષણિક કારકિર્દીએ તેમને પંજાબથી બ્રિટનની કેમ્બ્રિઝ યુનિવર્સિટી પહોંચાડયા હતા. ૧૯૫૭માં આ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્ર વિષયમાં પ્રથમ વર્ગમાં ઓનર્સ ડિગ્રી મેળવી હતી. ૧૯૬૨માં ઓક્સફોર્ડ યુનિવર્સિટીની નુફિલ્ડ કૉલેજમાંથી અર્થશાસ્ત્ર વિષયમાં જ ડી. ફિલ ડિગ્રી પ્રાપ્ત કરી હતી. પોતાના પુસ્તક 'ઈન્ડીયાસ અક્સપોર્ટ ટ્રેન્ડ્સ એન્ડ પ્રોસ્પેક્ટસ ફોર સેલ્ફ સસ્ટેઈન્ડ ગ્રોથ' (ક્લારેન્ડન પ્રેસ, ઓક્સફોર્ડ, ૧૯૬૪)માં તેમણે ભારતની આંતરલક્ષી (ઈનવર્ડ ઓરિએન્ટેડ) વેપારનીતિની આલોચના કરી હતી. પંજાબ યુનિવર્સિટી તેમજ પ્રતિષ્ઠિત દિલ્હી સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાં ફેકલ્ટી તરીકે સેવા આપતા તેમની કારકિર્દીને નિખાર મળ્યો હતો. આ વર્ષો દરમિયાન જ તેમણે ટૂંક સમય માટે 'અંકટાડ' (UNCTAD) મંત્રાલયમાં પણ સેવા આપી હતી.

## મનમોહન સિંહને પીએમ મોદી-રાહુલ ગાંધી સહિત અનેક દિગ્ગજ નેતાઓએ શ્રદ્ધાંજલિ આપી

### મનમોહન સિંહનું જીવન તેમની પ્રામાણિકતા અને સાદગીનું પ્રતિબિંબ હતું, તેમની નમ્રતા અને બૌદ્ધિકતા તેમના સંસદીય જીવનની ઓળખ બની ગઈ હતી










। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહનું ૯૨ વર્ષની વયે અવસાન થયું છે. ગુરુવારે સાંજે બેહોશ થઈ જતાં તેમને દિલ્હી એમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમણે રાત્રે ૯.૫૧ વાગ્યે અંતિમ શ્વાસ લીધા હતા. તેમના પાર્થિવ દેહને તેમના ઘરે લાવવામાં આવ્યો છે, જ્યાં પૂર્વ પીએમના અંતિમ દર્શન માટે લોકોની ભીડ ઉમટી પડી હતી. મનમોહન સિંહના અંતિમ સંસ્કાર આવતીકાલે થઈ શકે છે. તેમની એક દીકરી અમેરિકાથી આવી રહી છે અને તેની રાહ જોવાઈ રહી છે. તેમની એક દીકરી અમેરિકાથી આવી રહી છે અને તેની રાહ જોવાઈ રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સહિત અનેક દિગ્ગજ નેતાઓએ તેમને શ્રદ્ધાંજલિ આપી છે. જ્યાં પૂર્વ પીએમના અંતિમ દર્શન માટે લોકોની ભીડ ઉમટી રહી છે. મનમોહન સિંહના અંતિમ સંસ્કાર આવતીકાલે થઈ શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના નિધન પર એક વીડિયો સંદેશ જાહેર કર્યો છે. તેમણે પોતાના વિડીયો સંદેશમાં કહ્યું, "મનમોહન જીના નિધનથી દરેકના હૃદયમાં ઊંડું દુઃખ થયું છે. એક રાષ્ટ્ર તરીકે આ આપણા માટે બહુ મોટી ખોટ છે. ભાગલાના એ સમયગાળામાં ઘણું બધું ગુમાવ્યા પછી ભારત આવવું અને અહીં જીવનના દરેક ક્ષેત્રમાં સિદ્ધિઓ હાંસલ કરવી એ સામાન્ય વાત નથી. તેમનું જીવન નવી પેઢીને શીખવતું રહેશે કે કેવી રીતે ખામીઓથી ઉપર ઊઠીને ઊંચાઈ પ્રાપ્ત કરી શકાય. અર્થશાસ્ત્રી તરીકે તેમણે વિવિધ સ્તરે યોગદાન આપ્યું હતું. લોકો અને દેશના વિકાસ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને હંમેશા સન્માનની નજરે જોવામાં આવશે. મનમોહન સિંહ જીનું જીવન તેમની પ્રામાણિકતા અને સાદગીનું પ્રતિબિંબ હતું. તેમની નમ્રતા, નમ્રતા અને બૌદ્ધિકતા તેમના સંસદીય જીવનની ઓળખ બની ગઈ હતી.

પૂર્વ પીએમના નિધન પર સરકારે ૭ દિવસનો રાજકીય શોક જાહેર કર્યો છે. તેમના નિધન બાદ કોંગ્રેસ પાર્ટીએ આજે પોતાના તમામ કાર્યક્રમો રદ



કરી દીધા હતા. તેમના અવસાન બાદ મનમોહન સિંહના પાર્થિવ દેહને એઈમ્સથી મોડી રાત્રે દિલ્હીમાં તેમના નિવાસસ્થાને લાવવામાં આવ્યો હતો. તમને જણાવી દઈએ કે ડૉ.મનમોહન સિંહ લાંબા સમયથી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓનો સામનો કરી રહ્યા હતા. આ પહેલા પણ તેમને સ્વાસ્થ્યના કારણોસર ઘણી વખત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ ભૂતપૂર્વ પીએમ મનમોહન સિંહના અંતિમ દર્શન માટે તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતા. ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા પણ તેમની સાથે હાજર હતા. આ દરમિયાન બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે ડૉ. મનમોહન સિંહના નિધનને ધ્યાનમાં રાખીને તેમની ૨૭ અને ૨૮ ડિસેમ્બરની પ્રગતિ યાત્રા સ્થગિત કરી દીધી છે. તેમની યાત્રાનો પ્રથમ ચરણ ગઈકાલે સમાપ્ત થવાનો હતો. આજે તેમની મુલાકાત મુઝફ્ફરપુર અને કાલે વૈશાલીની હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહના અંતિમ દર્શન માટે તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતા. ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા પણ તેમની સાથે છે. આ દરમિયાન બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે ડૉ. મનમોહન સિંહના નિધનને ધ્યાનમાં રાખીને તેમની ૨૭ અને ૨૮ ડિસેમ્બરની પ્રગતિ યાત્રા સ્થગિત કરી દીધી છે. તેમની યાત્રાનો પ્રથમ ચરણ ગઈકાલે સમાપ્ત થવાનો હતો. આજે તેમની મુલાકાત મુઝફ્ફરપુર અને કાલે વૈશાલીની હતી.

### આજે રાજકીય સન્માન સાથે અપાશે અંતિમ વિદાય

## પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહની પુત્રી અમેરિકાથી આવી રહી છે ભારત

પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહે ગુરુવારે (૨૬મી ડિસેમ્બર) દિલ્હી એઈમ્સમાં અંતિમ શ્વાસ લીધા હતા. તેમના નિધનથી દેશમાં શોકની લહેર છે. ડૉ. મનમોહન સિંહના નિધનથી રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાનથી લઈને વિપક્ષના નેતાઓએ શોક વ્યક્ત કર્યો છે. કેન્દ્ર સરકારે ૭ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો છે. તેમના અંતિમ સંસ્કાર શનિવારે (૨૮મી ડિસેમ્બર) કરવામાં આવશે. હવે સવાલ એ છે કે જ્યારે ડૉ. મનમોહન સિંહનું ગુરુવારે નિધન થયું તો શુક્રવારે (૨૭મી ડિસેમ્બર) તેમના અંતિમ સંસ્કાર કેમ નથી કરવામાં આવ્યા? આખરે શા માટે તેને શનિવાર સુધી મોકૂફ રાખવામાં આવ્યો? આ વિલંબનું કારણ શું છે અને તેનું અમેરિકા કનેક્શન શું છે? આ બધા સવાનો જવાબ એ છે કે, તેમની પુત્રી અમેરિકામાં રહે છે. જ્યાં સુધી તેમની પુત્રી ન આવે ત્યાં સુધી તેમના અંતિમ સંસ્કાર થઈ શકે નહીં. સૂત્રોના જણાવ્યાનુંસાર, ડૉ. મનમોહન સિંહની પુત્રી આજે રાત્રે અમેરિકાથી પરત ફરશે. તેથી આજે અંતિમ સંસ્કાર કરવામાં આવશે નહીં. શનિવારે સવારે ૮થી ૧૦ વાગ્યાની વચ્ચે મનમોહન સિંહના પાર્થિવ દેહને અંતિમ દર્શન માટે કોંગ્રેસ મુખ્યાલયમાં રાખવામાં આવશે. રાહુલ ગાંધી, સોનિયા ગાંધી સહિત તમામ મોટા નેતાઓ કોંગ્રેસ હેડક્વાર્ટરમાં પૂર્વ પીએમ મનમોહન સિંહને શ્રદ્ધાંજલિ આપશે. જે બાદ પૂર્વ પીએમ મનમોહન સિંહની અંતિમ યાત્રા કોંગ્રેસ મુખ્યાલયથી જ શરુ થશે.

### સ્ટાર્સે ભાવુક શ્રદ્ધાંજલિ આપી

## મનમોહન સિંહના નિધન પર શોકમાં ડૂબ્યું બોલિવૂડ અને ટીવી જગત

પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહનું ૯૨ વર્ષની વયે દિલ્હીની છૈંસ્જી હોસ્પિટલમાં નિધન થયું છે. મનમોહન સિંહ લાંબા સમયથી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓનો સામનો કરી રહ્યા હતા. તેમના નિધન પર રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો છે. તેમના નિધનના સમાચાર મળતા જ બોલિવૂડ અને ટીવી સેલિબ્રિટીઓએ સોશિયલ મીડિયા પર શોક વ્યક્ત કર્યો હતો અને પીઢ નેતાને શ્રદ્ધાંજલિ આપી હતી. ભારતીય રાજકારણ અને આર્થિક સુધારામાં તેમનું યોગદાન હંમેશા યાદ રાખવામાં આવશે. પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહના નિધનથી બોલિવૂડ-ટીવી જગતમાં શોકનો માહોલ છે. ઘણા સ્ટાર્સે તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો અને તેમને ભાવુક શ્રદ્ધાંજલિ આપી હતી. સની દેઓલે ડૉ. મનમોહન સિંહની ભૂમિકા પર એક ભાવનાત્મક સંદેશ શેર કર્યો હતો. "રાષ્ટ્રના વિકાસમાં તેમની બુદ્ધિમત્તા, પ્રમાણિકતા અને યોગદાનને હંમેશા યાદ રાખવામાં આવશે. મારી હૃદયપૂર્વકની સંવેદના." અભિનેત્રી નિમરત કૌરે પોતાની ભાવનાત્મક નોટમાં લખ્યું કે, 'એક વિદ્વાન-રાજકારણી, ભારતના આર્થિક સુધારાના શિલ્પકાર, તેમની અજોડ બુદ્ધિમત્તા અને નમ્રતાએ આપણા રાષ્ટ્રના ફેબ્રિક પર અમીટ છાપ છોડી છે. ડૉ. મનમોહન સિંહના આત્માને શાંતિ મળે. સતનામ વાહે ગુરુ. ફિલ્મ નિર્માતા મધુર ભંડારકરે આધુનિક ભારતને આકાર આપવામાં મનમોહન સિંહની પરિવર્તનકારી ભૂમિકાની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે, 'ડૉ. મનમોહન સિંહનું નિધન એક યુગનો અંત છે. ભારતના આર્થિક સુધારાના આર્કિટેક્ટ તરીકે, જાહેર સેવા પ્રત્યેના તેમના સમર્પણે આધુનિક ભારતને આકાર આપ્યો છે. તેમના પરિવારના સભ્યો અને ચાહકો પ્રત્યે મારી ઊંડી સંવેદના. શ્રદ્ધાંજલિ આપતા અભિનેત્રી જેનેલિયા દેશમુખે લખ્યું કે, 'આપણા પૂર્વ પીએમ મનમોહન સિંહના નિધન વિશે સાંભળીને ખૂબ જ દુઃખ થયું. તેઓ પોતાની પાછળ ઈમાનદારી, જ્ઞાન અને દેશની નિઃસ્વાર્થ સેવાનો વારસો છોડી ગયા છે. તેમના આત્માને શાંતિ મળે.' મનમોહન સિંહને શ્રદ્ધાંજલિ આપતા રવિ કિશને લખ્યું કે, 'પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના નિધનના દુઃખદ સમાચાર મળ્યા. ભગવાન રામને વિનંતિ છે કે, સદાચારી આત્માને તેમના ચરણોમાં સ્થાન આપે. 'ઓમ શાંતિ' અભિનેતા રિતેશ દેશમુખે તેના પિતા વિલાસરાવ દેશમુખ સાથે મનમોહન સિંહની જૂની તસવીર શેર કરી છે. તેમણે લખ્યું કે, 'આજે આપણે ભારતના શ્રેષ્ઠ વડાપ્રધાનમાંથી એક ગુમાવ્યા છે. ભારતની આર્થિક વૃદ્ધિને વેગ આપનાર વ્યક્તિ. તેઓ ગૌરવ અને નમ્રતાના પ્રતીક હતા. આપણે તેમના વારસાના હંમેશા ઋણી રહીશું. તેમના આત્માને શાંતિ મળે.' મનોજ બાજપેયીએ પણ શોક વ્યક્ત કર્યો અને કહ્યું કે, 'આપણા પૂર્વ વડાપ્રધાનના નિધનથી હું દુઃખી છું. એક એવા રાજકારણી જેમનું આપણા દેશના વિકાસના દરેક પાસામાં યોગદાન હંમેશા યાદ રહેશે. તેમના પરિવાર પ્રત્યે મારી દિલથી સંવેદના. કપિલ શર્માએ ઠ પર મનમોહન સિંહ સાથેની તેમની મીટિંગની જૂની તસવીર શેર કરી છે.

## સુરતમાં દીકરાએ માતા-પિતા, પત્ની અને બાળકને છરીના ઘા માર્યા

। (એજન્સી) સુરત, તા.૨૭ ।

સુરતના સરથાણામાં સૂર્યા ટાવર સોસાયટીમાં દીકરાએ માતા-પિતા, પત્ની અને બાળકને છરીના ઘા મારતા એરેરાટી વ્યાપી ગઈ છે. બાદમાં પોતે પણ ગળાના ભાગે છરી મારી દીધી હતી. આ ઘટનામાં છરી મારમારની પત્ની અને તેના બાળકનું મોત થયું છે. જ્યારે અન્ય લોકો સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.સ્મિત જીયાણી નામના યુવકે પોતાના જ પરિવાર પર હુમલો કર્યો છે. જ્યારે માતા-પિતા અને હુમલો કરનાર સ્મિત હાલ સારવાર હેઠળ છે. સરથાણા પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. પરિવારમાં અંદરો અંદરના મન દુ:ખના કારણે બબાલ ચાલતી હતી. જેને લઈ સ્મિતે ઘટનાને અંજામ આપ્યો હોવાની ચર્ચા હાલ ચાલી રહી છે. પરિવાર મુળ અમરેલીના સાવરકુંડલાનો રહેવાસી હોવાનું સામે આવ્યું છે.

## તમારી જોડે કશું ખોટું નથી કરવાનું કહીને ગઠિયાએ રૂપિયા પડાવ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

દાણીલીમડામાં પરિવાર સાથે રહેતો યુવક તેના પિતાની ચાની કીટલી પર કામ કરે છે અને બીકોમમાં અભ્યાસ કરે છે. રવિવારે યુવક ઘરમાં હાજર હતો અને ફેસબુકની લિંક પર ક્લિક કરતા વોટ્સએપ પર કોલ આવ્યો અને આઈફોન વોચ ગિફ્ટમાં લાગી છે, પરંતુ ટોકન પેટે રૂ.૪૦૦૦ આપવા પડશે. ભગવાનની કસમ તમારી જોડે કશું જ ખોટું નથી કરી રહ્યા કહીને યુવક પાસે ઓનલાઈન રૂપિયા મગાવી લીધા બાદમાં ગિફ્ટ નહીં મોકલીને ઠગાઈ આચરી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.દાણીલીમડા ખોડિયારનગરમાં પરિવાર સાથે રહેતો ભાવેશ કલાલ (ઉ.૧૯) બીકોમમાં અભ્યાસ કરે છે. તેના પિતાની ચાની કીટલી પર કામ કરે છે. ગત રવિવારે યુવકે ફેસબુકની લિંક પર ક્લિક કરતા વોટ્સએપના જુદા જુદા ગ્રૂપમાં જોઈન્ટ થયો હતો. બાદમાં અજાણ્યા નંબર પરથી યુવકને કોલ આવ્યો અને તેમને વીડિયો અને કોમેન્ટ લાઈક કરેલા છે. જેથી તમને આઈફોનની વોચ ગિફ્ટમાં લાગેલી છે. ટોકન પેટે રૂ.૪૦૦૦ આપવા પડશે ત્યારબાદ જ તમારા સરનામે આઈફોન વોચ મોકલી શકાશે. પરંતુ યુવકે પોતાની પાસે રૂ.૨૦૦૦ જ હોવાનું કહેતા લોકોને ગિફ્ટમાં આઈફોન આપ્યા હોય તે પ્રકારના વીડિયો મોકલી આપ્યા હતા. બાદમાં ગઠિયાએ ભગવાનના કસમ તમારી જોડે ખોટું કશું જ નથી કરવાનું તેમ કહ્યું હતું. આથી યુવકને વિશ્વાસ આવતા તેના પોતાના ખાતામાંથી રૂ.૨૦૦૦ અને પિતાના ખાતામાંથી રૂ.૨૦૦૦ કુલ રૂ.૪૦૦૦ ગૂગલ પેથી મોકલી આપ્યા હતા.

### ગુણોત્સવ કર્યા પછી મૂલ્યાંકનનું પરિણામ નિયમિત જાહેર ન કરતાં તર્કવિતર્ક

# રાજ્યની સ્કૂલોમાં ખાલી પડેલી શિક્ષકોની જગ્યા વચ્ચે ગુણોત્સવ ૨.૦ મૂલ્યાંકન કરાશે

### સરકારી શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તાની ચકાસણી કરવા માટે વર્ષ ૨૦૧૦થી ગુણોત્સવ કરવામાં આવતો હોય છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।



રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સ્કૂલોમાં આગામી દિવસોમાં ગુણોત્સવ ૨.૦ અંતર્ગત મૂલ્યાંકન માટેની ગાઈડલાઈન અને કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. રાજ્યની જુદી જુદી સ્કૂલોમાં ૩૮ હજારથી વધુ શિક્ષકોની જગ્યા ખાલી પડી છે. આ સ્થિતિમાં ગુણવત્તા અને ગુણોત્સવ કેવી રીતે થશે તેવી ચર્ચાઓ શરૂ થઈ છે.સરકારી શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તાની ચકાસણી કરવા માટે વર્ષ ૨૦૧૦થી ગુણોત્સવ કરવામાં આવતો હોય છે. ગુણોત્સવ કર્યા પછી તેનું પરિણામ પણ જાહેર કરવામાં આવે છે. આ પરિણામમાં મૂલ્યાંકનના આધારે જુદી જુદી સ્કૂલોને એ પ્લસ, એ, બી સહિતના જુદા જુદા ગ્રેડ આપવામાં આવતાં હતા. હવે ગુણોત્સવ ૨.૦ લાગુ કરવામાં આવ્યો છે. નવી પદ્ધતિ પ્રમાણે દર વર્ષે સ્કૂલોનું નિયમિત મૂલ્યાંકન થઈ શકે તે માટે ઈન્સ્પેક્ટરની નિયુક્તિ કરવામાં આવી હતી. આ પદ્ધતિમાં પરીક્ષાના આધારે ઈન્સ્પેક્ટરની નિમણૂક થતી હતી. જોકે, સ્કૂલમાં ઈન્સ્પેક્ટરની જગ્યામાં અન્ય કોઈ શિક્ષકની નિયુક્તિ ન થતાં વિદ્યાર્થીઓના અભ્યાસને અસર પહોંચતી હતી. આ ઉપરાંત કેટલાક ઈન્સ્પેક્ટર પણ મૂલ્યાંકનની પદ્ધતિમાં રીતસરની વેઠ ઉતારતાં હોવાની ફરિયાદો પણ બહાર આવી હતી. જેના કારણે ગત વર્ષે સ્કૂલ ઈન્સ્પેક્ટરોને પોતાની મૂળ શાળાઓમાં પરત મોકલી આપવામાં આવ્યા હતા. ચાલુ વર્ષથી દરેક સ્કૂલોને સ્વમૂલ્યાંકનની સૂચના આપવામાં આવી છે. સ્કૂલો દ્વારા સ્વમૂલ્યાંકન કર્યા પછી તે પરિણામ બહાર આવે તેમાં રેડન્મ ક્રોસ વેરિફિકેશન કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે. સૌથી મહત્વની અને અસરકારક બાબત એ છે કે, મોટાભાગની સ્કૂલોમાં પુરતી સંખ્યામાં શિક્ષકો જ ઉપલબ્ધ નથી. જે શિક્ષકો છે તેઓને KYC સહિતના જુદી જુદી કામગીરીમાં વ્યસ્ત રાખવામાં આવી રહ્યા છે. આ સ્થિતિમાં વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ કેવી રીતે મળશે તેવા પ્રશ્નો પણ શિક્ષણજગતમાં ઉભા થયા છે. આમ, જૂની પદ્ધતિ બંધ કરીને હવે નવી પદ્ધતિ પ્રમાણે આગામી દિવસોમાં શાળોમાં ગુણવત્તાની ચકાસણીનો કાર્યક્રમ હાથ ધરવામાં આવશે.

### અશાંત ધારા મામલે

## અરજદારના કેસમાં નવેસરથી નિર્ણય કરવા હાઈકોર્ટનો આદેશ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

અશાંત ધારાના કાયદા હેઠળ ભાવનગરના ડિવિઝનલ મેજિસ્ટ્રેટે અરજદારની અરજી રદ કરી દેવાનો આદેશ કર્યો હતો. જે આદેશને પડકારતી અરજી હાઈકોર્ટ સમક્ષ કરાઈ હતી. જેમાં હાઈકોર્ટના જસ્ટિસ અનિરૂદ્ધ પી. માયીની ખંડપીઠે આદેશમાં નોંધ્યું હતું કે,'આ કેસમાં સંબંધિત ઓથોરિટી દ્વારા કાયદાની પ્રક્રિયા અને હાઈકોર્ટના આદેશ મુજબ નક્કી કરાયેલા ધારાધોરણોનો અમલ કર્યો નથી. તેથી અરજદારની અરજી રદ કરવાનો આદેશ ભૂલભરેલો હોઈ તેને રદબાતલ કરવામાં આવે છે. સાથે સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ ભાવનગરને આદેશ કરવામાં આવે છે કે તેઓ અરજીમાં ગુણદોષને આધારે નવેસરથી નિર્ણય કરે. અરજદારને સુનાવણીની પૂરતી તક આપવામાં આવે અને છ સપ્તાહની અંદર કાયદાની જોગવાઈઓ પ્રમાણે નિર્ણય લેવામાં આવે.'આ મામલે અરજદાર મનોજભાઈ જીવરાજભાઈ કણબીએ એડવોકેટ સી.જે. ગોગદા મારફતે હાઈકોર્ટ સમક્ષ અરજી કરી એવી દાદ માગી હતી કે ભાવનગર સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા અરજદારની અરજી સંદર્ભે ૧૪-૦૩-૨૦૨૪ના રોજ જે આદેશ કરાયો છે એ ભૂલ ભરેલો હોઈ તેને રદ કરવામાં આવે. ગુજરાત અશાંત ધારાના કાયદાની ધારા ૫(૩)(b)નો અરજદારના કેસમાં ભંગ કરાયો છે. અશાંત ધારામાં આવતી કોઈ પણ સંપત્તિને ટ્રાન્સફર કરવા કાયદાની જોગવાઈઓ અન્વયે જે બે મુખ્ય મુદ્દાઓને ધ્યાનમાં લઈને નિર્ણય લેવાનો હોય છે એને મેજિસ્ટ્રેટે નજર અંદાજ કર્યો છે. અશાંત ધારાની પ્રોપર્ટીના વ્યવહારમાં શું વેચનારને બજાર કિંમતની પૂર્ણ કિંમત મળી છે કે કેમ અને વેચનાર સ્વતંત્ર રીતે કોઈ પણ ધાકધમકી વિના વેચાણ કરી રહ્યો છે કે કેમ એ બે મુદ્દાનું મૂલ્યાંકન કરવાનું હોય છે અને નિર્ણય કરવાનો રહે છે.' હાઈકોર્ટે રજૂઆતોને ધ્યાનમાં લેતાં આદેશમાં નોંધ્યું હતું કે, આ કેસમાં ઓથોરિટીનો નિર્ણય અશાંત ધારાના કાયદાની ધારા ૫(૩)(b) મુજબનો નથી. હાઈકોર્ટ દ્વારા આવા મામલે સ્પષ્ટ કરાયું છે કે કાયદા હેઠળ વેચનારની મુક્ત સંમતિ છે કે કેમ અને બીજું કે તેને યોગ્ય કિંમત મળી છે કે કેમ એ બંને બાબતોને ધ્યાનમાં લઈને નિર્ણય કરવાનો હોય છે. જોકે પ્રસ્તુત કેસમાં આવા કોઈ તારણો આદેશમાં રજૂ કરાયા ન હોવાથી એ આદેશ કાયદાની દૃષ્ટિએ અયોગ્ય જણાતા તેને રદબાતલ કરવામાં આવે છે. આ મામલો સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટને પરત મોકલી આપવામાં આવે છે અને છ સપ્તાહની અંદર અરજદારને રજૂઆત કરવાની તક આપવાની સાથે કાયદાની જોગવાઈઓ મુજબ અરજીનો નિર્ણય કરવાનો રહેશે.'

### ખેડામાં ગેરકાયદેસર ગેસ રિફલિંગ કરતાં હતા

## ખેડામાં ગેસ રિફીલિંગ કૌભાંડનો પર્દાફાશ, ૭૦થી વધુ બોટલો જપ્ત

। (એજન્સી) નડીયાદ, તા.૨૭ ।

ખેડાના નડીયાદની નવરંગ સોસાયટીમાં ચાલી રહેલા ગેરકાયદેયર ગેસ રિફિલિંગના કૌભાંડનો ખેડા જિલ્લા ન્ઝ્રમ્ એ પર્દાફાશ કર્યો છે. આ ઘટનામાં પુરવઠા વિભાગની ટીમ પણ જોડાઈ અને આરોપી પાસેથી ૭૦થી વધુ ગેસની બોટલો જપ્ત કરવામાં આવી છે. મળતી માહિતી અનુસાર, નવરંગ સોસાયટીના બી-૨૫ મકાનમાં ગિરીશ પટેલ નામનો યુવક ગેરકાયદેયસર રીતે ગેસ રિફિલિંગનો ધંધો ચલાવતો હતો. પોલીસને બાતમી મળતા જ એલસીબી અને પુરવઠા વિભાગની ટીમે સંયુક્ત રીતે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન મોટી માત્રામાં ગેસ બોટલો મળી આવી હતી. પોલીસના દરોડા દરમિયાન પણ કેટલાક સ્થાનિક ગ્રાહકો ગેસ રિફિલિંગ કરાવવા માટે આવ્યા હતા. પોલીસે આ ગ્રાહકોના બોટલ અને વાહનો પણ જપ્ત કર્યા છે. પુરવઠા વિભાગે જપ્ત કરેલા ગેસના જથ્થાને સીઝ કરવાની કાર્યવાહી હાથ ધરી છે અને એલસીબી આ મામલે ગુનો નોંધીને વધુ તપાસ કરશે. પોલીસ હવે આ ગેસની બોટલ ક્યાંથી લાવવામાં આવી હતા અને કોના નામે હતી તે અંગે તપાસ કરી રહી છે. આ ઘટનાથી સ્પષ્ટ થાય છે કે, ખેડામાં ગેસ રિફિલિંગનું કૌભાંડ ચાલી રહ્યું છે. પોલીસે આવા કૌભાંડો સામે કડક કાર્યવાહી કરવી જોઈએ જેથી કરીને ગ્રાહકોને છેતરવામાં આવી શકાય નહીં.

### અપેક્ષા ફાઉન્ડેશને પૂરું કર્યું તેમનું સપનું

## ગુજરાતમાં પહેલીવાર દિવ્યાંગોને કરાવવામાં આવ્યો ગીરનો પ્રવાસ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

સમગ્ર ગુજરાતમાં નિરાધાર દિવ્યાંગો માટે કાર્યરત અપેક્ષા ફાઉન્ડેશન દ્વારા ગુજરાતમાં સૌપ્રથમ વખત અનોખો પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો. 'ગાંડી ગીરની ગોદમાં, દિવ્યાંગો મોજમાં' નામના અર્થસભર ગીર પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦ જેટલા દિવ્યાંગોએ ૨ દિવસ સુધી ગીરમાં રહી દેવળિયા પાર્ક સફારી, સોમનાથ દાદાના દર્શન અને જંગલ વચ્ચે રહી મોજ માણી હતી તેમજ સાસણ ગીરને ખુંદી વળ્યા હતા. પ્રકૃતિની મહેંક કેવી હોય, પ્રાણીઓના અવાજ કેવા હોય, પશુઓનો કલરવ કેવો હોય... આ બધી વસ્તુનો અનુભવ જીવનમાં પહેલીવાર કરનાર દિવ્યાંગો ખરેખર પ્રવાસ પછી ખુબ ખુશ હતા. દરેક લોકોના ચહેરા પર એક અનોખું જ સ્મિત હતું. ગીરની રઢિયાળી સાંજમાં પ્રકૃતિના સુર સાથે દિવ્યાંગોએ પોતાના સુર રેલી અનોખું આલ્હાદાયક વાતાવરણ ઉભું કર્યું હતું. તો વળી ડીજે નાઈટમાં ડાન્સ અને ગરબાની રમઝટ પણ બોલાવી હતી. અપેક્ષા ફાઉન્ડેશનના આ આયોજનમાં લાભ લેનારા દિવ્યાંગો એવા હતા કે જેઓ એકદમ નિરાધાર છે. કાં તો કોઈ લિફ્ટમેનની નોકરી કરે છે કાં તો કોઈ ઘરકામના કામ કરે છે. કોઈ છુટક મજુરી કરે છે અથવા તો કોઈનું શરીર કામ કરી શકે એટલું સક્ષમ જ નથી.

### સચિવાલયમાં નોકરી કરતા હોવાની ઓળખ આપી છેતરપિંડી આચરી હતી

## PM આવાસ યોજનામાં મકાન માટે ૧૮ લાખની ઠગાઇ કરનારા રિમાન્ડ પર

### પોલીસે આરોપીની પૂછપરછ અને તપાસ કરવા તેના ૧૦ દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કરવા અરજી કરી હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન અપાવી દેવાના નામે ફરિયાદી પાસેથી રૂ. ૧૮ લાખથી વધુ રકમની ઠગાઈ અને છેતરપિંડી કરનારા બે આરોપીના ૩૦મી ડિસેમ્બર સુધીના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. આ મામલે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે આરોપીની પૂછપરછ અને તપાસ કરવા તેના ૧૦ દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કરવા અરજી કરી હતી. કોર્ટે ૩૦મી સુધીના રિમાન્ડ આપ્યા છે.અમદાવાદ ગ્રામ્ય કોર્ટ સમક્ષ રિમાન્ડ માટે પોલીસે અરજી કરી જણાવ્યું હતું કે આ ગુનામાં ફરિયાદી સીમાબેન ભટ્ટીએ ફરિયાદ નોંધાવી છે. હકીકત એવી છે કે વર્ષ ૨૦૨૨થી ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં આરોપીઓએ તેમને એવું જણાવ્યું હતું કે તે પોતે પ્રધાનમંત્રી આવાસ યોજનાની સચિવાલયની કચેરીમાં સરકારી નોકરી કરે છે. આવી ખોટી ઓળખ આપી તેમણે હેતાર્થ પાર્ટી પ્લોટની સામે, સાયન્સ સિટી રોડ, સોલાના પીએમ આવાસના ત્રણ મકાન ફરિયાદીને ફાળવવા અંગે વસ્ત્રાપુર એનએફડી સર્કલ પાસે દેવપ્રિય કોમ્પ્લેક્ષમાં પહેલા માળે આવેલી દુકાનમાં ફરિયાદીને વાતવાતમાં વિશ્વાસમાં લઈ ઉક્ત યોજનામાં ત્રણ મકાન પેટે કુલ ૧૮.૪૫ લાખની રકમ ગુગલ પેથી તથા રોકડમાં મેળવી લીધી હતી. ફરિયાદની હકીકત મુજબ આ ત્રણ મકાન અંગે ખોટી સહીવાળા સરકારી ફાળવણી પત્ર તથા ફરિયાદીને ફાળવેલ મકાનોના મકાન નંબર સહિતના ખોટી સહીવાળા સરકારી પત્રો આપી તેનો સાચા તરીકે ઉપયોગ કરી ફરિયાદી સાથે વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. પોલીસ અરજીમાં જણાવ્યું હતું કે આરોપીઓ વિરલભાઈ સોની, રવિ સોલંકીની પૂછપરછ કરતાં ગુના સંબંધે કોઈ હકીકત જણાવતા ન હોઈ કસ્ટડીનો સમય વ્યતીત કરતા હોય બંને આરોપીઓ ખૂબ રીઢા હોઈ તેમની વધુ તપાસ અને પૂછપરછ જરૂરી છે.

### અમદાવાદ પૂર્વમાં દંપતીનો

## મોબાઇલ પડી ગયો ને અંગત પળોનો વીડિયો વાયરલ થયો

### પતિ-પત્ની વચ્ચે છૂટાછેડા થયા બાદ સમાધાન થઇ જતાં ફરીથી સાથે રહેવા લાગ્યા હતા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

અમદાવાદ પૂર્વમાં એક દંપતી ઘરના આંગણમાં બેસીની વાતો કરી રહ્યું હતું ત્યારે તેમના એક સ્વજન ઘરે આવ્યા અને તેમણે દંપતી મનોજ અને વંદના (નામ બદલ્યા છે)ના ખબર અંતર પૂછીને કહ્યું કે, તમને ખબર પડી કે નહીં? અજાણ મનોજ અને વંદનાએ કંઈ જ જાણતા ન હોવાનું કહેતા સ્વજને રહસ્ય ખોલતા કહ્યું કે, તમારા બેડરૂમના દૃશ્યોવાળો વીડિયો સોશિયલ મીડિયામાં ફરતો થયો છે! પહેલા તો પતિ-પત્ની આ વાત માનવા તૈયાર ન હતા, પરંતુ જ્યારે પેલા સ્વજને તેમને વીડિયો બતાવ્યો ત્યારે પતિ પત્ની ચોંકી ઊઠ્યા હતા. આ સમગ્ર બાબતે તપાસ કરતા ખબર પડી કે, તેમનો મોબાઈલ ફોન ક્યાંક પડી ગયો હતો અને તે ફોનની અંદર તેમના અંગત પળોના વીડિયો હતા, જે કોઈ વ્યક્તિના હાથમાં મોબાઈલ આવ્યો હતો તેણે આ વીડિયો વાયરલ કરી દીધા હતા. અંતે આ મામલો શાહપુર પોલીસ સ્ટેશન પહોંચ્યો. દંપતીની ફરિયાદ નોંધીને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.અમદાવાદ પૂર્વમાં ઘટેલી અસામાન્ય ઘટનાની ચોંકાવનારી વિગતો એવી છે કે, મનોજ અને વંદનાએ સામાજિક રિતરિવાજ મુજબ લગ્ન કર્યા હતા. લગ્નના થોડા સમય પછી બંને વચ્ચે મનમેળ ન રહેતા તેઓ છૂટાછેડા લઈ લીધા હતા.

જોકે, સમયનું ચક્ર ફર્યું અને તેઓ ફરીથી એકબીજાને મળ્યા અને જૂના ઝઘડા-મનદુ:ખ ભૂલીને ફરીથી પતિ-પત્ની તરીકે રહેવા લાગ્યા હતા. અચાનક જ એક ઘટના એવી બની કે, ખરેખર દંપતીને હચમચાવી દીધા. મનોજ અને વંદના નાનો- મોટો વેપાર કરીને ગુજરાન ચલાવતા હતા. દરમિયાન તેઓ એક દિવસ પોતાના સગાને ઘરે રહેવા માટે ગયા અને રાત્રિ રોકાણ પણ કર્યું હતું. તે સમયે પતિ-પત્નીએ સંબંધો બાંધ્યા હતા.

**વિશેષ** | મંત્રી કુબેરભાઈ ડીંડોર રાજપીપળાની આદર્શ નિવાસી શાળાના બાળકોને અપાતા ભોજન, શિક્ષા અને સુવિધાઓનું જાત નિરીક્ષણ કર્યું

# કેબિનેટ મંત્રી કુબેરભાઈ ડિંડોર નર્મદા જિલ્લાના પ્રવાસે આવી પહોંચ્યા હતા અને રાજપીપળા ખાતે સ્વામિત્વ કાર્યક્રમમાં હાજરી આપવાના હતા પરંતુ ગઇકાલે પૂર્વ વડાપ્રધાન ડો. મનમોહનસિંહના નિધનના સમાચાર મળતા કાર્યક્રમ રદ કર્યો

। (માહિતી) રાજપીપળા ।

રાજ્યના કેબિનેટ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર ગઈકાલે સાંજે રાજપીપળા સર્કિટ હાઉસ ખાતે આવી પહોંચ્યા હતાં અને રાજપીપળા ખાતે સ્વામિત્વ કાર્યક્રમમાં હાજરી આપવાના હતાં પણ મોડીરાત્રે પૂર્વ વડાપ્રધાનશ્રી ડૉ. મનમોહનસિંહના નિધનના સમાચાર મળતા આ કાર્યક્રમ રદ કર્યો હતો અને સવારે તેમણે રાજપીપળા આદર્શ નિવાસી કુમાર છાત્રાલયની આકસ્મિક મુલાકાત લીધી હતી અને બાળકોને આપવામાં આવતા ભોજન, રહેઠાણ અને સરકાર દ્વારા પુરી પાડવામાં આવતી સુવિધાઓનું જાત નિરીક્ષણ કર્યું હતુ અને વર્ગખંડમાં જઈને બાળકો સાથે સંવાદ કર્યો હતો.





વર્ષ ૧૯૯૦ના દાયકામાં દેશમાં આર્થિક સુધારામાં મહત્વનું યોગદાન આપનાર અર્થશાસ્ત્રી અને પૂર્વ વડાપ્રધાનશ્રી ડો. મનમોહનસિંહને મંત્રીશ્રી વિદ્યાર્થી અને સ્ટાફ સહિત લોકોએ બે મિનિટ મૌન પાળીને દિવ્ય આત્માને શ્રદ્ધાંજલી અર્પી હતી. ત્યારબાદ મંત્રીશ્રીએ એકતાનગર ખાતે આવેલી ગોરા એકલવ્ય રેસિડેન્સિયલ સ્કૂલ પી.એમશ્રી સ્કૂલ ફોર રાઈઝીંગ ઈન્ડિયાની મુલાકાત કરી હતી. જેમાં ધોરણ-૧૦ -૧૨ના સાયન્સ વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સાથે શિક્ષણની ગુણવત્તા અને સરકાર દ્વારા પુરી પાડવામાં આવતી સગવડો સુવિધા અંગે વિદ્યાર્થીઓને પૃચ્છા કરી હતી. અને એક શિક્ષક તરીકેની ટૂંકી પ્રેરણાદાયી ભૂમિકા અદા કરી હતી. અને કહ્યું હતું કે, હું પણ એક આશ્રમ શાળા અને સરકારી સ્કૂલમાં ભણીને આગળ આવ્યો છું. સાથે સ્ટાર્ટ અપ, ઈનોવેશન, સ્માર્ટ ક્લાસ, કમ્પ્યુટર અને વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ અંગે પ્રશ્નો પૂછીને શિક્ષણની ગુણવત્તા સંવાદ થકી જાણી ચકાસી હતી. અને શાળાના આચાર્ય પાસેથી બાળકોને સુવિધા-બાળકો દ્વારા કરાવવામાં આવતી પ્રવૃત્તિ ખેલમહાકુંભની અને શૈક્ષણિક પ્રવાસ અંગેની વિગતો મેળવી હતી. અને બાળકોને ઈનોવેશન રૂબરૂ જોવા મળે તેવા પ્રવાસો ગોઠવવા સૂચન કર્યું હતું. બાળકોને પૌષ્ટિક આહાર મળી રહે તે માટેની ગુણવત્તા પણ રસોડામાં જઈને ચકાસી હતી અને કેટલીક તૃટીઓ ધ્યાને આવતા તેને તાત્કાલિક બદલી સુધારવા સૂચના આપી હતી. મંત્રીશ્રીએ તિલકવાડા ખાતે આવેલી રેસિડેન્સિયલ સ્કૂલની પણ મુલાકાત કરી હતી. અને કોમર્સ – સાયન્સના વિદ્યાર્થીઓને પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. તિલકવાડા ખાતે ધોરણ-૧૨ સાયન્સમાં ભણતી હાર્દવી સોમાભાઈ વસાવા, ગામ પીપલોદ, દેડિયાપાડાની દીકરીને પ્રેમથી પૃચ્છા કરી હતી. તેમના પિતા સિકલસેલની બિમારીના કારણે કોરોનામાં મૃત્યુ પામ્યા હતા અને માસીને ત્યાંથી અભ્યાસ કરીને આજે અહીં રેસિડેન્સીયલ સ્કૂલ-તિલકવાડામાં ભણે છે. તેને વહાલથી હૂંફ આપી કહ્યું કે, ચિંતા કરવાની જરૂર નથી. આવી સુંદર સ્કૂલમાં ભણી ગણીને આગળ વધવા પ્રોત્સાહિત કરી હતી. અને કહ્યું હતું કે, તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબે દેડિયાપાડામાં શાળા પ્રવેશ કરાવેલી ઘણી દીકરીઓ આજે નોકરી કરીને કારકિર્દી બનાવી છે. સ્કૂલમાં ગણવેશમાં સજ્જ વિદ્યાર્થીઓની દરકાર સરકાર લઈ રહી છે. નેગેટિવિટી છોડી હકારાત્મક અભિગમ સાથે આગળ વધવા જણાવી તમે આવતી કાલના ભારતના ભાવિ નાગરિકો છો વિકસિત ભારત-૨૦૪૭ના સ્વપ્નના તમે સાક્ષી બનવાના છો. તેમ જણાવી ઉજ્જવળ ભવિષ્ય ઘડતર કરવા સખત મહેનત કરવા હિમાયત કરી હતી. તિલકવાડા સ્કૂલની મુલાકાત બાદ મંત્રીશ્રીએ છોટાઉદેપુર જિલ્લાની કોસિન્દ્રા સ્કૂલની મુલાકાત લીધી હતી. અને ત્યાં વિદ્યાર્થીઓને અપાતી સુવિધા અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. અને ત્યાં પણ બાળકો અને શૈક્ષણિક સ્ટાફ સાથે સંવાદ કરીને બે મિનિટ પૂર્વ વડાપ્રધાન ડો. મનમોહનસિંહના માનમાં મૌન પાળીને દિવ્ય આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના કરી હતી. નર્મદા જિલ્લાની મુલાકાત વેળાએ મંત્રીશ્રી સાથે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી નિશાંત દવે, નાયબ કલેક્ટર પ્રોટોકોલ શ્રી એન.એફ. વસાવા, નાયબ માહિતી નિયામકશ્રી અરવિંદભાઈ મછાર, તાલુકાના મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી અને સંગઠનના અગ્રણી તથા શાળાનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# કાળી પટ્ટી બાંધીને ઉતર્યા ટીમ ઈન્ડિયાના ખેલાડી

## ટીમ ઈન્ડિયાના ખેલાડીઓએ પૂર્વ પ્રધાનમંત્રી મનમોહન સિંહના નિધન પર શોક વ્યક્ત કરવા કાળી પટ્ટી બાંધી

। (એજન્સી) મેલબર્ન, તા.૨૭ ।



મેલબર્ન ટેસ્ટની વચ્ચે એક ખરાબ સમાચાર સામે આવ્યા છે. ટીમ ઈન્ડિયાના ખેલાડી ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ મેલબર્નમાં ચાલી રહેલી બોક્સિંગ ડે ટેસ્ટના બીજા દિવસે કાળી પટ્ટી બાંધીને ઉતર્યા છે.

ટીમ ઈન્ડિયાના ખેલાડીઓએ પૂર્વ પ્રધાનમંત્રી મનમોહન સિંહના નિધન પર શોક વ્યક્ત કરતા કાળી પટ્ટી બાંધી છે. તમને જણાવી દઈએ કે ભારતના પૂર્વ પ્રધાનમંત્રી ડો. મનમોહન સિંહે ગુરુવારે મોડી સાંજે નિધન થયું. તે ૯૨ વર્ષે ફાની દુનિયાને અલવિદા કહી દીધું છે.

મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ચાલી રહેલી ચોથી ટેસ્ટના બીજા દિવસે ટીમ ઈન્ડિયાના ભારતના પૂર્વ પ્રધાનમંત્રી ડો.મનમોહન સિંહને શ્રદ્ધાંજલિ આપવા માટે ડાબો હાથ પર કાળી પટ્ટીઓ પહેરી. ડો.મનમોહન સિંહ ૨૦૦૪થી ૨૦૧૪ સુધી સતત બે વખત ભારતના પ્રધાનમંત્રી રહ્યા હતા. બીસીસીઆઈએ એક નિવેદન જાહેર કરીને લખ્યું, ટીમ ઈન્ડિયાના ખેલાડી પૂર્વ પ્રધાનમંત્રી ડો.મનમોહન સિંહની યાદમાં શોક વ્યક્ત કરતા કાળી પટ્ટી પહેરી રહ્યા છે, જેમનું નિધન થઈ ગયું.

પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી ડો.મનમોહન સિંહને ૧૯૯૧ના આર્થિક સુધારાનું નેતૃત્વ કરવાનો શ્રેય આપવામાં આવે છે. મનમોહન સિંહે ભારતને એક ગંભીર નાણાંકીય સંકટમાંથી બચાવ્યું હતું. ડો.મનમોહન સિંહની નીતિઓએ આર્થિક ઉદારીકરણની શરૂઆત કરી, જેણે પછીના દાયકાઓમાં ભારતના ઝડપી આર્થિક વિકાસનો પાયો નાખ્યો.

તમને જણાવી દઈએ કે ડૉ.મનમોહન સિંહને ગંભીર હાલતમાં ગુરુવારે રાત્રે લગભગ ૮.૩૦ વાગ્યે ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. AIIMSએ ૨૬ ડિસેમ્બરે એક બુલેટિનમાં કહ્યું હતું કે, 'તેમની ઉંમર સંબંધિત તબીબી સારવાર ચાલી રહી હતી અને તે ઘરે અચાનક બેભાન થઈ ગયા હતા. તેમને રાત્રે ૮.૦૬ કલાકે દિલ્હી એમ્સમાં લાવવામાં આવ્યા હતા. તમામ પ્રયાસો છતાં તેમને ભાનમાં લાવવામાં આવ્યા ન હતા અને રાત્રે ૯.૫૧ વાગ્યે તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

### દીપ્તિ શર્માએ બનાવ્યો નવો રેકોર્ડ

# ભારતીય મહિલા ક્રિકેટ ટીમની વેસ્ટ ઈન્ડિઝ સામે શાનદાર જીત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।



ભારતીય મહિલા ક્રિકેટ ટીમે શુક્રવારે અજાયબી કરી બતાવી છે. હરમનપ્રીત કૌરની કેપ્ટનશીપ હેઠળ ભારતીય મહિલા ક્રિકેટ ટીમે વેસ્ટ ઈન્ડિઝ સામે શાનદાર જીત હાંસલ કરી છે. ભારતીય ટીમ ત્રણ મેચની શ્રેણીમાં એક પણ મેચ હારી નથી. એટલા માટે આ જીત વધુ ખાસ બની છે. આ દરમિયાન ટીમ ઈન્ડિયાની સ્ટાર ખેલાડી દીપ્તિ શર્માએ પહેલા બોલિંગ કરીને ઈતિહાસ રચ્યો અને પછી જ્યારે બેટિંગની વાત આવી તો તેણે ત્યાં પણ ચમત્કારો કર્યો. આ ઉપરાંત રિચા ઘોષે બે-બે સિક્સર ફટકારીને ટીમને જીત અપાવી હતી. ભારત દૃજ વેસ્ટ ઈન્ડિઝના ત્રીજી મેચમાં વેસ્ટ ઈન્ડિઝની ટીમ પ્રથમ બેટિંગ કરવા ઉતરી હતી. ટીમ પોતાનો ૫૦ ઓવરનો ક્વોટા પણ રમી શકી ન હતી અને માત્ર ૩૮.૫ ઓવરમાં જ ઓલઆઉટ થઈ ગઈ હતી. વેસ્ટ ઈન્ડિઝે માત્ર ૧૬૨ રન બનાવ્યા હતા. વેસ્ટ ઈન્ડિઝને આટલા નાના સ્કોર પર આઉટ કરવામાં સૌથી મોટી ભૂમિકા દીપ્તિ શર્માએ ભજવી હતી. તેણીએ ૧૦ ઓવરમાં માત્ર ૩૧ રન આપીને ૬ વિકેટ લીધી હતી. આમાં ત્રણ ઓવર એવી હતી જેમાં તેણીએ એકપણ રન આપ્યો ન હતો. વનડેમાં દીપ્તિ શર્માની આ ત્રીજી ૫ વિકેટ હૉલ છે. આ સાથે, તે હવે લેફ્ટ આર્મ સ્પિનર એકતા બિષ્ટને પાછળ છોડીને ODIમાં ભારત માટે સૌથી વધુ પાંચ વિકેટ લેનારી બોલર બની ગઈ છે. એટલું જ નહીં, બિષ્ટની સાથે તેણીએ ઝુલન ગોસ્વામી અને નીતુ ડેવિડને પણ પાછળ છોડી દીધા છે, કારણ કે તે બધાએ તેમની ODI કારકિર્દીમાં બે વખત પાંચ વિકેટ હૉલ લીધી હતી. અત્યાર સુધી, દીપ્તિએ માત્ર ૯૮ ODI મેચોમાં ત્રણ વખત પાંચ વિકેટ હૉલ લીધી છે અને તેના નામે ૧૨૩ વિકેટ છે, જેમાં તેનું શ્રેષ્ઠ પ્રદર્શન ૨૦ રનમાં ૬ વિકેટ લેવાનું રહ્યું છે, જે પ્રશંસનીય છે. દીપ્તિ શર્માએ પોતાની બોલિંગથી વેસ્ટ ઈન્ડિઝના બેટ્સમેનોને આશ્ચર્યચકિત કરી દીધા હતા. તેણીએ શેમેન કેમ્પબેલ, ચિનેલ હેનરી, જેડા જેમ્સ, આલિયાહ એલીને, એફી ફ્લેચર અને અશ્મિની મુનિસરને આઉટ કર્યા. આ પછી ટીમ ઈન્ડિયા જ્યારે રનનો પીછો કરવા મેદાનમાં ઉતરી ત્યારે જોવાનું એ રહ્યું કે, તેને જીતવા માટે કેટલી ઓવરનો સમય લાગશે.

### આ થિયરી અત્યારે સોશ્યલ મિડીયા ઉપર ચાલી રહી છે

# અઝરબૈજાનનું વિમાન ભૂલથી રશિયાએ તોડી પાડ્યાના દાવાથી મચેલો હડકંપ

। (એજન્સી) મોસ્કો, તા.૨૭ ।



એક તરફ એવી પણ શંકાઓ તે દુર્ઘટનાગ્રસ્ત અઝરબૈજાન એરલાઈન્સનું પ્લેન એમ્બ્રિટ-૧૯૦, અઝરબૈજાનમાં તુટી પડયું તે અંગે એવી પણ થીયરી ચાલે છે કે કોઈ મોટુ પક્ષી તે વિમાન સાથે અથડાતાં એ દુર્ઘટના બની હશે. સાથે બીજી થીયરી જોર પકડતી રહી છે કે, રશિયાની સ્વયમ-સંચાલિત એર-ડીફેન્સ સિસ્ટીમે તે વિમાન યુક્રેનનું ડ્રોન માની તોડી પાડયું હશે. આ થિયરી અત્યારે સોશ્યલ મિડીયા ઉપર ચાલી રહી છે. તે દુર્ઘટના વિમાનમાં ૬૭ પ્રવાસીઓ અને બે પાયલોટ તથા ત્રણ અન્ય ક્રૂ મેમ્બર્સ સાથેનું તે વિમાન અઝરબૈજાનથી ચેચાન્યાના ગ્રોઝની જઈ રહ્યું હતું. તે કઝાખસ્તાનનાં આકતુ નજીક તૂટી પડયું. આકતુ વિમાનગૃહ ઉપર ઈમરજન્સી-લેન્ડિંગ કરવા તે વિમાને પરવાનગી માગી હતી. ત્યાં ઉતરતાં તે તૂટી પડયું. આ ઘટના અંગે જે વિડીયો પ્રસિદ્ધ થયા છે તેમાં વિમાનમાં ગોળીથી પડેલા છિદ્રો દેખાય છે. તેથી નેટિઝન્સ માને છે કે તે વિમાનને રશિયાની સ્વચાલિત એર-ડીફેન્સ સિસ્ટીમે યુક્રેનનું ડ્રોન માની ગોળીબાર કરતાં વિમાન તૂટી પડયું હશે.

### સરળ રીતે સમજો કેવી રીતે ચૂકવવો પડશે ટેક્સ

# જૂની કારના વેચાણ પર ૧૮ ટકા GST તમામ માટે નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।



જીએસટી કાઉન્સિલ દ્વારા આ વખતની બેઠકમાં કરવામાં આવેલી જાહેરાતોથી પ્રજા સ્તબ્ધ બની છે. જેમાં સૌથી ચર્ચાસ્પદ મુદ્દો પોપકોર્નની જુદી-જુદી વેરાયટી પર જુદો-જુદો જીએસટી રહ્યો છે. પરંતુ આ સિવાય યુઝ્ડ અને જૂની કારના વેચાણ પર ૧૮ ટકા જીએસટીનો મુદ્દો પણ ચર્ચાઈ રહ્યો છે. યુઝ્ડ-જૂની કારના વેચાણ પર પણ જીએસટી ચૂકવવા મુદ્દે સોશિયલ મીડિયા પર સરકાર પર આકરા પ્રહારો થઈ રહ્યા છે. નાણા મંત્રી નિર્મલા સીતારમણે તેના પર સ્પષ્ટતા આપતાં લોકોને રાહત થઈ છે. જૂની અને વપરાયેલી કારના વેચાણ પર ૧૮ ટકા જીએસટી ખરીદ કિંમત અને વેચાણ કિંમત વચ્ચેના તફાવત પર લાગુ થશે. જો કે, તેમાં પણ ઘસારો બાદ મળશે. અર્થાત જો ૧૨ લાખની કિંમતમાં ખરીદેલી ગાડી રૂ. ૯ લાખમાં વેચવામાં આવે તો તેનુ માર્જિન રૂ. ૩ લાખ થશે. આ માર્જિનમાં પણ જો ઘસારા માટે અપીલ કરશો તો, કોઈપણ ટેક્સ ચૂકવવો પડશે નહીં. સામાન્ય રીતે જૂની અને યુઝ્ડ કાર ખરીદ કિંમત કરતાં ઓછા ભાવે જ વેચાતી હોય છે. કારણકે તેના પર ઘસારો લાગુ પડે છે. આ ઘસારો મોંઘવારી અને વપરાશના વર્ષના આધારે નક્કી થાય છે. વધુમાં વ્યક્તિગત ધોરણે વેચવામાં આવેલી કાર પર કોઈ જીએસટી લાગુ થશે નહીં.

### વર્તમાન મુખ્યમંત્રીને હટાવવા રાખી માનતા

# ભાજપ નેતાએ અર્ધનગ્ન થઈ ખુદને ચાબુક મારી, ૪૮ દિવસ કરશે ઉપવાસ

## તમિલનાડુમાં અન્ના યુનિવર્સિટીની એક વિદ્યાર્થિની સાથે થયેલાં કથિત યૌન ઉત્પીડનનો મામલો ગરમાઈ રહ્યો છે

। (એજન્સી) ચેન્નાઈ, તા.૨૭ ।



તમિલનાડુમાં અન્ના યુનિવર્સિટીની એક વિદ્યાર્થિની સાથે થયેલાં કથિત યૌન ઉત્પીડનનો મામલો ગરમાઈ રહ્યો છે. આ ઘટનાએ રાજ્યની રાજનીતિમાં હલચલ મચાવી દીધી છે. ભાજપ અને અન્નાદ્રમુકે (AIADMK) આ મુદ્દે ગુરૂવારે (૨૬ ડિસેમ્બર) વિરોધ પ્રદર્શન કર્યું. ભાજપે આરોપ લગાવ્યો કે, આરોપી દ્રવિડ મુનેત્ર કષગમ (દ્રમુક)નો પદાધિકારી છે. જોકે, સત્તાધારી પાર્ટી દ્રમુકે (DMK) આ આરોપોને નકારી દીધા છે.

ભાજપની તમિલનાડુ એકમના પ્રમુખ કે. અન્નામલાઈના આરોપીની દ્રમુક નેતાઓ સાથે તસવીરો જોતા આરોપ લગાવવામાં આવ્યો કે, આરોપી સત્તાધારી પાર્ટીની વિદ્યાર્થી શાખાનો પદાધિકારી છે. તેઓએ દાવો કર્યો કે, આરોપીએ પાર્ટી સાથે જોડાયેલા હોવાના કારણે ગુનાને અંજામ આપ્યો અને પોલીસે તેના પર કાર્યવાહી નથી કરી. વિરોધ પ્રદર્શન વધુ પ્રભાવી બનાવવા માટે અન્નામલાઈએ એલાન કર્યું કે, તે શુક્રવારે પોતાના આવાસની બહાર પોતાને છ વાર ચાબુક મારશે. તેઓએ કહ્યું કે, જ્યાં સુધી DMK સરકાર સત્તામાં છે તે ચંપલ નહીં પહેરે અને ખુલ્લા પગે જ રહેશે. ત્યારબાદ ભાજપ તમિલનાડુ અધ્યક્ષ કે. અન્નામલાઈએ શુક્રવારે (૨૭ ડિસેમ્બર) કોયંબટૂરમાં પોતાના આવાસની બહાર પોતાને ચાબુક મારીને પોલીસ અને રાજ્ય સરકારની ઉદાસીનતાનો વિરોધ કર્યો હતો.

આ મામલે વિરોધ કરી રહેલાં અન્નાદ્રમુકે સીનિયર નેતાઓને પોલીસે કસ્ટડીમાં લીધા છે. ભાજપના સીનિયર નેતા અને પૂર્વ રાજ્યપાલ તમિલિસાઈ સુંદરરાજને પણ પોલીસની કાર્યવાહીની નિંદા કરતા કહ્યું કે, યૌન અપરાધ વધી રહ્યા છે અને સરકાર તેમજ પોલીસ નિષ્ક્રિય બની ગઈ છે. સુંદરરાજને ભાર દઈને કહ્યું કે, તેઓને વિરોધ પ્રદર્શન કરવાનો અધિકાર છે અને સરકારને આ મામલે કડક પગલાં લેવા જોઈએ.

આ મુદ્દો ફક્ત કાયદો અને વ્યવસ્થાનો જ નહીં, પરંતુ રાજકીય રૂપે પણ સંવેદનશીલ થઈ ગયો છે. ભાજપે તેને દ્રમુક સરકારની સામે મોટા વિરોધનો આધાર બનાવ્યો છે. વળી, દ્રમુકે ભાજપના આરોપોને ખોટા જણાવતા કહ્યું કે, વિપક્ષ તેને રાજકીય લાભ માટે ઉછાળી રહ્યો છે. તમિલનાડુમાં આ મામલે રાજકીય તાપમાન ગરમાયું છે.



કોલકાતામાં રાજ્ય સરકાર દ્વારા ભરતીની માંગણી કરતી વિરોધ રેલીમાં'રાઈટફુલ ટીચર્સ રાઈટ્સ ફોરમ'(જોગ્યો શિક્ષક શિક્ષિકા અધિકાર મંચ)ના સભ્યોએ પણ ભાગ લીધો.

# પૂર્વ ક્રિકેટર ઈરફાન પઠાણ ઓસ્ટ્રેલિયા પર ગુસ્સે થયો

। (એજન્સી) મેલબર્ન, તા.૨૭ ।

વિરાટ કોહલી અને સેમ કોન્સ્ટેસા વચ્ચે જે થયું તેના કારણે વિરાટ કોહલીની ૨૦ ટકા ફી કપાઈ છે. આ પછી ઓસ્ટ્રેલિયાના અખબારોમાં વિરાટ કોહલીને જોકર તરીકે ચિતરવામાં આવ્યો છે, આ મામલે હવે ભારતીય પૂર્વ ક્રિકેટર્સ ગુસ્સામાં છે, તેઓ ઓસ્ટ્રેલિયાની ધરતી પરથી આ બાબતોનો વિરોધ કરી રહ્યા છે. ભારતીય પૂર્વ ક્રિકેટર ઈરફાન પઠાણે કહ્યુ કે જ્યારે કોઈ ભૂલના કારણે રેફરી એક્શન લે છે તો તે રેફરીનું કામ છે, પરંતુ જે રીતે ભારતીય ખેલાડીઓ સાથે વર્તન થઈ રહ્યું છે તે જરાય ચલાવી લેવાય તેવું નથી. વિરાટ કોહલીનો જે રીતે ઓસ્ટ્રેલિયાના અખબારોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે અંગે ઈરફાને સવાલ ઉઠાવીને કહ્યુ કે, તમે જે વ્યક્તિને કિંગ બનાવો છો તેને જ જોકર કઈ રીતે કહી શકો? ઓસ્ટ્રેલિયાના અખબારો અને એક એક્સ ઓસ્ટ્રેલિયન ક્રિકેટરનું નામ લીધા વિના કહ્યુ કે, તમે ડબલ ઢોલકીની હદો પાર કરી રહ્યા છે, જેનું કારણ એ છે કે એક તરફ તમે કોઈ વ્યક્તિને રાજ બનાવી રહ્યા છો અને પછી તે એગ્રેશન બતાવે તો તમે તેને જોકર કહો છો. તમારે ક્રિકેટરને વધારે ફેમસ કરવું છે પરંતુ કઈ રીતે? તમે વિરાટ કોહલીની માર્કેટ વેલ્યુનો ઉપયોગ કરીને તેના ખભા પર ચઢીને જે કરી રહ્યા છો તેને અમે ક્યારે સ્વીકારી શકીએ નહીં. પૂર્વ ક્રિકેટર તરીકે અમે આ બાબતનો સ્વીકાર નહીં કરીએ. આવું વર્ષોથી થાય છે અને આગળ પણ થશે.. જો આજે આપણે તેનું ખંડન ન કરીએ તો.. ઈરફાને પોતાનો કિસ્સો ઉલ્લેખીને કહ્યુ કે, ડેવિયન માર્ટિનની વિકેટ લીધી ત્યારે મને દંડ કરવામાં આવ્યો હતો. તે વખતે મે માત્ર તાળી પાડી હતી, પરંતુ ગાળ દેવાની શરુઆત ડેનિયલ માર્ટિને કરી હતી, ડેનિયલ માર્ટિનને ખુલ્લા છોડી દેવામાં આવ્યા અને હું ફસાઈ ગયો. આ ઘટના અહીં ઓસ્ટ્રેલિયામાં જ બની હતી. આમનું જે પાત્ર છે એ બહુ વર્ષોથી આમનું આમ જ છે. જેઓ બહારથી આવે છે તેઓ કાયદાનું પાલન કરે, પણ તમે નહીં કરો.. આ વાતને આગળ ચલાવીને સુનિલ ગાવસ્કરે કહ્યુ કે, જે જૂની વાત છે અમે (ઓસ્ટ્રેલિયા) કરશે તો ઠીક છે, તમે (વિરાધી ટીમ) કરશો તે યોગ્ય નથી. નોંધનીય છે કે, એક ઘટના એવી પણ છે કે, જ્યારે માર્નસ લાબુશેન પીચની વચ્ચે ચાલે છે ત્યારે રોહિત શર્મા તેને આમ કરવાની ના પાડે છે તે મામલે કોઈ એક્શન લેવાયા નહીં.

### પાકિસ્તાન-અફઘાનિસ્તાનની સરહદ પર તોપોની ગર્જના

# TTP આતંકવાદીઓએ લોહિયાળ બદલો લીધો

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૭ ।



પાકિસ્તાન તહરીક-એ-તાલિબાનના આતંકવાદીઓ પર ખૂબ કડક બન્યું છે. જેઓ છેલ્લા ઘણા મહિનાઓથી પાકિસ્તાની સૈનિકોને મારી રહ્યા છે. આ જ કારણ છે કે ૨ દિવસ પહેલા પાકિસ્તાને અચાનક અફઘાનિસ્તાન પર હવાઈ હુમલો કર્યો હતો. આ પછી ટીટીપીએ વચન આપ્યું હતું કે તે પાકિસ્તાનના હુમલાનો જડબાતોડ જવાબ આપશે. એવું જ થયું, TTP આતંકવાદીઓએ પાકિસ્તાનીસેનાના હવાઈ હુમલાનો લોહિયાળ બદલો લીધો છે. TTPએ પાકિસ્તાની સેના પર ઘણી જગ્યાએ જોરદાર હુમલા કર્યા. જેમાં એક પાકિસ્તાની મેજરનું મોત થયું છે. પાકિસ્તાની સેનાએ એક નિવેદન જારી કરીને સ્વીકાર્યું છે કે TTP દ્વારા ઘણા હુમલા કરવામાં આવ્યા છે અને ઉત્તર વઝીરિસ્તાનમાં તેના મેજર રેંકના અધિકારીનું મૃત્યુ થયું છે. TTP વિરુદ્ધ ક્રૂર હુમલો કરનાર પાકિસ્તાન સેનાએ ૧૩ આતંકવાદીઓને ઠાર કર્યા છે. પાકિસ્તાની સેના પર હુમલાની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવી રહી છે. પાકિસ્તાની સેનાએ પોતાના નિવેદનમાં કહ્યું કે આતંકીઓને જડબાતોડ જવાબ આપવામાં આવી રહ્યો છે. આ દરમિયાન સરહદ પર ભારે તણાવ છે. અગાઉ પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલામાં ૪૬ લોકો માર્યા ગયા હતા, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો હતા. એક ન્યૂઝ એજન્સીએ સેનાની મીડિયા વિંગ ઈન્ટર-સર્વિસિસ પબ્લિક રિલેશન્સ (ISPR) ને ટાંકીને કહ્યું કે બન્નુ જિલ્લામાં એક ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ ઓપરેશનમાં આતંકવાદીઓના ઠેકાણાને ચોક્કસ નિશાન બનાવવામાં આવ્યું હતું અને એન્કાઉન્ટર દરમિયાન બે આતંકવાદીઓ માર્યા ગયા હતા. તેમજ ઉત્તર વઝીરિસ્તાન જિલ્લામાં વધુ એક ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં ભારે ગોળીબાર દરમિયાન સેનાના એક અધિકારી અને ૫ આતંકવાદીઓ માર્યા ગયા હતા. આ સિવાય ૮ આતંકીઓ પણ ઘાયલ થયા છે.

# અલ્લુ અર્જુનના જામીન યથાવત રાખવા આદેશ

। (એજન્સી) હૈદરાબાદ, તા.૨૭ ।

નામપલ્લી કોર્ટમાં સંધ્યા થિયેટર નાસભાગ કેસની સુનાવણીમાં અભિનેતા અલ્લુ અર્જુન વર્ચ્યુઅલી હાજર થયો હતો. જ્યાં તેના વચગાળાના જામીનને યથાવત રાખવાનો આદેશ આપ્યો છે. તેમજ રિમાન્ડ પર આગામી સુનાવણી હવે ૧૦ જાન્યુઆરીના રોજ યોજાશે. સુરક્ષાને ધ્યાનમાં રાખતાં અલ્લુ અર્જુન કોર્ટમાં વર્ચ્યુઅલ મોડમાં હાજર રહ્યા હતાં. પોલીસે ૧૩ ડિસેમ્બરે અલ્લુ અર્જુનની ધરપકડ કરી હતી. ૪ ડિસેમ્બરે સંધ્યા થિયેટરમાં પુષ્પા ૨: ધ રૂલના પ્રીમિયમ શો દરમિયાન અલ્લુ અર્જુનને જોવા ઉમટી પડેલી ભીડમાં નાસભાગ થતાં એક મહિલાનું મોત નીપજ્યું હતું. તેમજ અન્ય એક સગીર આઈસીયુમાં દાખલ કરાયો હતો. નામપલ્લી કોર્ટે અભિનેતાને ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો આદેશ આપ્યો હતો. પરંતુ અભિનેતાના વકીલોએ હાઈકોર્ટનો દરવાજો ખટખટાવતાં વચગાળાના જામીન મંજૂર થયા હતા. ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીની મુદત ૨૭ ડિસેમ્બરે પૂર્ણ થઈ હતી.

### ચાહકોને આપી ચેતવણી

# બોલિવુડનો એક્ટર અર્જુન કપૂર ઓનલાઇન ફ્રોડનો શિકાર બન્યો

। (એજન્સી) મુંબઈ, તા.૨૭ ।



બોલિવુડ એક્ટર અર્જુન કપૂરે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને ચાહકોને ઓનલાઈન ફ્રોડથી સાવચેત રહેવાની સલાહ આપી છે. તેણે એક એવા વ્યક્તિ વિશે જણાવ્યું જે ખુદને એક્ટરનો મેનેજર ગણાવીને લોકો સાથે છેતરપિંડી કરી રહ્યો હતો. અર્જુન કપૂરે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરીને ફોલોઅર્સને એક ફેક એકાઉન્ટ વિશે જણાવ્યું જે તેનો મેનેજર હોવાનો દાવો કરી રહ્યો હતો. આ વ્યક્તિ એક ઠગ હતો. આ ઠગાઈ કરનાર અર્જુનના નામનો ઉપયોગ કરીને લોકોને તેમની અંગત માહિતી શેર કરવા અને શંકાસ્પદ લિંક પર ક્લિક કરવા માટે કહેતો હતો. અર્જુને પોતાની ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં લખ્યું કે, મારા ધ્યાનમાં આવ્યું છે કે, એક શંકાસ્પદ વ્યક્તિ લોકોનો સંપર્ક કરી રહ્યો છે અને ખુદને મારો મેનેજર હોવાનો દાવો કરી રહ્યો છે. આ સાથે જ તે લોકોને મારી સાથે જોડાવાની વાત કહી રહ્યો છે. પ્લીઝ ધ્યાન રાખો કે આ મેસેજ અસલી નથી અને મારો તેની સાથે કોઈ સબંધ નથી. હું ક્યારેય નથી ઈચ્છતો કે કોઈ વ્યક્તિ આવી લિંક્સ પર ક્લિક કરે અથવા પોતાની અંગત માહિતી શેર કરે. પ્લીઝ આવા ઠગોના ઝાંસામાં ન આવશો, સુરક્ષિત રહો અને સાવચેત રહો. જો તમને આવા મેસેજ મળે તો તરત જ એકાઉન્ટ વિરુદ્ધ રિપોર્ટ લખાવો. સુરક્ષિત અને ખુશી-ખુશી ક્રિસમસની ઉજવણી કરો.' સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહેતાં અર્જુન કપૂરે હાલમાં જ વરુણ ધવનની ફિલ્મ 'બેબી જોન'ની ટીમને પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર શુભેચ્છા પાઠવી હતી.

## તંત્રી લેખ...

# દેશના આર્થિક વિકાસ માટે પ્રદૂષણ રોકવું જરૂરી

વાયુ પ્રદૂષણ અને આર્થિક વિકાસમાં સીધો સંબંધ છે. નિર્માણ ઉદ્યોગમાં ઉડતી ધૂળને રોકવામાં આવશે તો કન્સ્ટ્રક્શનનો ખર્ચ વધશે અને આર્થિક વિકાસ સુસ્ત પડશે. એ જ પ્રકારે ગાડીઓ અને ઉદ્યોગોના ઉત્સર્જન અને ખેડૂતો દ્વારા પરાળ બાળવાથી પ્રદૂષણ અવશ્ય થાય છે, પરંતુ તનાથી અર્થવ્યવસ્થામાં માલનોખર્ચ ઘટે છે અને આર્થિક વિકાસને ગતિ મળે છે. જોકે પ્રદૂષણનો આ માત્ર સીધો પ્રભાવ છે. આ જ પ્રદૂષણના પરોક્ષ પ્રભાવ આર્થિક વિકાસથી વિપરીત હોય છે. જેમ કે ભારતમાં વાયુ પ્રદૂષિત થવાને કારણે વિદેશી રોકાણકાર અને વિદેશી પર્યટક નથી આવવા માગતા. તે સિવાય સ્વાસ્થ્ય પ્રભાવિત થવાથી લોકોની સરેરાશ ઉંમર ઘટે છે. જે વ્યક્તિ ૭૦ વર્ષ સુધી કામ કરીને આર્થિક વિકાસમાં યોગદાન આપી શકતો હતો, તે વ્યક્તિ પ્રદૂષણને કારણે બીમાર પડવાથી પચાસ વર્ષની ઉંમરમાં જ નિષ્ક્રિય થવા લાગે છે. સમગ્રતામાં જોઈએ તો પ્રદૂષણને રોકવું આર્થિક વિકાસ માટે લાભપ્રદ છે. આ આપણી અદૂરદર્શિતા જ છે કે આપણે પ્રદૂષણના માત્ર સીધા નકારાત્મક પ્રભાવને જ જોઈએ છીએ અને પરોક્ષ નકારાત્મક પ્રભાવની અવગણના કરીએ છીએ. પ્રદૂષણ પર વધતી ચિંતાને જોતાં સરકારે પોતાના સ્તર પર કેટલાંક પગલાં ઉઠાવ્યાં છે. પહેલું, સૌર ઊર્જાને ઉત્તેજન આપવું, બીજું, ઘરે ઘરે એલપીજી સિલિન્ડર વિતરણ કરવું અને ત્રીજું શહેરોમાં મેટ્રો રેલનો વિસ્તાર. આ પગલાં ઉઠાવવા માટે સરકારને ધન્યવાદ, પણ આ પગલાં પૂરતાં નથી. પ્રદૂષણ નિયંત્રણમાં સૌથી મોટીસ મસ્યા અમલની છે. ગાડીઓ દ્વારા પ્રદૂષણ ફેલાવવા વિરુદ્ધ પોલીસ દ્વારા બહુ ઓછાં પગલાં ભરવામાં આવે છે. એ જ પ્રકારે કન્સ્ટ્રક્શન ઉદ્યોગ માટે પણ વ્યાપક કાયદાકીય જોગવાઈઓ છે, પરંતુ તેને ગંભીરતાથી લાગુ નથી કરાતી. જેમ દિલ્હીના પર્યાવરણ મંત્રીએ એલાન કર્યું કે ૨૧ કન્સ્ટ્રક્શન એકમો પર વાયુ પ્રદૂષણ ફેલાવવા મામલે ૮.૩૫ લાખ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો છે. કોઈ કન્સ્ટ્રક્શન પરિયોજનામાં હજારો કરોડ રૂપિયા દાવને જોતાં આ ઊંટના મોંમાં જીરા જેવું છે. સુપ્રીમ કોર્ટ દ્વારા બનાવેલી કમિટીએ ક્યારેક-ક્યારેક કન્સ્ટ્રક્શન, દિલ્હીમાં બદરપુર વીજળી સંયત્ર અને ડીઝલ જનરેટરો પર પ્રતિબંધ લગાવ્યો છે, પરંતુ આ સંકટ સમયે ઉઠાવવામાં આવતાં અલ્પકાલીન પગલાં છે. બિલકુલ એવાં જેમ દર્દીને તાત્કાલિક રાહત માટે આઈસીયુમાં ભરતી કરવામાં આવે છે.

# ભારતમાં બાંગ્લાદેશી ઘૂસણખોરોની સમસ્યા

હાલમાં દિલ્હીમાં બાંગ્લાદેશી ઘૂસણખોરોની ઓળખ કરીને તેમને હાંકી કાઢવાનું અભિયાન ચાલી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં દસ બાંગ્લાદેશી ઘૂસણખોરોને પણ પાછા નથી મોકલી શકાયા. કહેવું મુશ્કેલ છે કે દિલ્હી પોલીસનું અભિયાન ક્યાં સુધી ચાલુ રહેશે એ કેટલા બાંગ્લાદેશી ઘૂસણખોરોને કાઢી શકાશે, પરંતુ એ ધ્યાન રહે કે પહેલાં પણ દિલ્હીમાં આ પ્રકારનું અભિયાન ચાલ્યું હતું. તે કોઈ નિષ્કર્ષ પર પહોંચી શક્યું ન હતું. દિલ્હી બાદ મહારાષ્ટ્રમાં પણ બાંગ્લાદેશી ઘૂસણખોરોની ઓળખનું અભિયાન ચાલુ થયું છે. ત્યાં પણભૂતકાળમાં આ પ્રકારે અભિયાન ચાલ્યું હતું અને તેનું પરિણામ પણ શૂન્ય જ રહ્યું હતું. આ જ કહાની અસમની પણ છે, જ્યાં હાલમાં બાંગ્લાદેશી ઘૂસણખોરોની ઓળખ કરીને તેમને પાછા મોકલવાની કવાયત કરાઈ રહી છે. બની શકે કે આવનાર દિવસોમાં કેટલાંક બીજાં રાજ્યો પણ એવું કરે, પરંતુ એ નક્કી છે કે કેટલાંક રાજ્યો એવું નથી પણ કરવાનાં, જેમ કે મમતા દીદીનું બંગાળ! આ જ રીતે ઝારખંડમાં પણ આ કામ નથી થવાનું. વિધાનસભા ચૂંટણીઓ સમયે ઝારખંડ સરકારે ભાજપના એ આરોપોનું ખંડન કર્યું હતું કે બંગાળના રસ્તે ભારતમાં ઘૂસી આવેલા બાંગ્લાદેશીઓ રાજ્યમાં વસી ગયા છે. તેણે એ સવાલ પણ પૂછ્યો હતો કે જો એવું હોય તો કેન્દ્ર સરકાર એવું થવા દે છે કઈ રીતે? કેન્દ્ર સરકાર આ સવાલનો જવાબ નહોતી આપી શકી. એનો ઈનકાર નહીં કે બાંગ્લાદેશથી ઘૂસણખોરી થઈ રહી છે, પરંતુ કેન્દ્ર સરકાર આ ઘૂસણખોરી રોકી કેમ નથી શકતી? કારણ જે પણ હોય, કોઈ એક કે બે-ત્રણ રાજ્યોમાં બાંગ્લાદેશી ઘૂસણખોરોને પકડવાથી વિશેષ લાભ નથી મળવાનો, કારણ કે ઘૂસણખોરો પડોશી રાજ્યોમાં આસાનીથી જઈ શકે છે. શું એ સહજ સ્વાભાવિક નથી કે દિલ્હી પોલીસના અભિયાનને જોતાં બાંગ્લાદેશી ઘૂસણકોરો ઉત્તર પ્રદેશ અને હરિયાણામાં સરકી જાય? એવું થવાનો અંદેશો એટલા માટે પણ છે, કારણ કે બાંગ્લાદેશી ઘૂસણખોરને કાઢવાના કોઈ અભિયાનની તુલનામાં તેમની ઘૂસણખોરી કરાવનારું તંત્ર ક્યાંય વધુ કારગત છે. આ તંત્ર બાંગ્લાદેશી નાગરિકોને ભારતમાં ઘૂસવામાં જ મદદ નથી કરતું, બલ્કે તેના માટે સુરિક્ષત ઠેકાણાં પણ ઉપલબ્ધ કરાવે છે. એટલું જ નહીં, આ તંત્ર તેમને અસલી-નકલી આધાર કાર્ડ અને અન્ય ઓળખપત્રો પણ અપાવી દે છે. બાંગ્લાદેશી નાગરિક ગેરકાયદે રૂપે ભારતની સીમામાં જેવા પ્રવેશ કરે છે, તેમને આધાર કાર્ડ ઉપલબ્ધ કરાવી દેવામાં આવે છે. આ તંત્ર માત્ર બાંગ્લાદેશ સાથે જોડાતી સીમા પર જ સક્રિય નથી. ગત દિવસે દિલ્હી પોલીસે એક એવી ટોળકીની પકડી, જે રાજધાનીમાં બાંગ્લાદેશી ઘૂસણખોરોના આધાર કાર્ડની સાથે મતદાર ઓળખપત્ર પણ તૈયાર કરી રહી હતી. એક સમયે ગેરકાયદે રૂપે ભારત આવનારા બાંગ્લાદેશી બંગાળ, અસમ, ત્રિપુરા વગેરે સીમાવર્તી રાજ્યોમાં જ પોતાનું ઠેકાણુ બનાવવાનું પસંદ કરતા હતા, પરંતુ હવે તેઓ દિલ્હી, મુંબઈ, અમદાવાદ, હૈદરાબાદથી લઈને દેશના દરેક હિસ્સામાં મળી આવે છે. કોઈના માટે કહેવું મુશ્કેલ છે કે તેમની કુલ સંખ્યા કેટલી છે? અલગ-અલગ આંકડામાં તેમની સંખ્યા જુદી-જુદી હોવાનું કહેવામાં આવે છે. સાચો આંકડો એટલા માટે નથી, કારણ કે કેન્દ્ર કે રાજ્ય સરકારો પાસે એવું તંત્ર જ નથી, જે એ રેખાંકિત કરી શકે કે કેટલા બાંગ્લાદેશી ગેરકાયદે ઘૂસી આવ્યા અને તેઓ ક્યારથી ક્યાં રહેતા આવ્યા છે. કેટલાક લોકો દાવો કરે છે કે બાંગ્લાદેશી ઘૂસણખોરોની સંખ્યા કરોડોમાં છે અને કેટલાક અનુસાર લાખોમાં. બાંગ્લાદેશી ઘૂસણખોરોની જેમ કોઈ એ પણ નથી જણાવી શકતું કે દેશમાં ગેરકાયદે ઘૂસી ગયેલા રોહિંગ્યા કેટલા છે. જે કહી શકાય છે, તે એટલું જ કે તેઓ પૂર્વી હિસ્સાના દેશમાં ઘૂસ્યા અને જમ્મુ તથા હૈદરાબાદ સુધી જઈને વસી ગયા. એ સહજ રીતે સમજી શકાય છે કે કોઈએ તેમની મદદ કરી જ હશે! પ્રબળ આશંકા એ જ છે કે બાંગ્લાદેશીઓ અને રોહિંગ્યાઓની ઘૂસણખોરી કરાવવા અને તેમને અસલી-નકલી ઓળખપત્રો પૂરાં પાડીને ભારતીય નાગરિકોનો અંચળો પહેરાવનારા હજુ પણ સક્રિય હશે. બાંગ્લાદેશી ઘૂસણખોરોની ઓળખ કરીને માત્ર એટલા માટે જ ન કાઢી મૂકવા જોઈએ કે શેખ હસીના સરકારના તખ્તા પલટ બાદ બાંગ્લાદેશ ભારતીય હિતો વિરુદ્ધ કામ કરી રહ્યું છે. આ કામ એટલા માટે પણ થવું જોઈએ કે તેઓ સંસાધનો પર બોજ બનવાની સાથે જ દેશની સુરક્ષા માટે પણ ખતરો બની રહ્યા છે.

**મૃત્યુ ધ્રુવ છે, મૃત્યુ એ શાશ્વત સત્ય છે, જન્મ પછી ઘડી, પ્રહર ની વચ્ચે કે સમયના અંતરાયમાં ગમે ત્યારે દરેકનું મૃત્યુ છે જ**

# જેણે જીભ ને જીતી અને જે પૂર્ણ સંયમથી સિદ્ધ છે, એવાં બુદ્ધ પુરુષનાં શરણે રહેવું



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**બુદ્ધ પુરુષ એને ગણજો જેનું વચન સાંભળીને આપણો મોહ નષ્ટ થઈ જાય એ બોલે-આપણી આ શક્તિઓ ઓછી થવા લાગે! આપણને એમ લાગે કે આ મધ મીઠો દરિયો મળી ગયો, હવે ખાબોચિયામાં જવાની જરૂર શું છે? પોતાની વાત કરતાં કહ્યું, હું મારા દાદાનાં પગ પાસે બેસતો, ત્યારે મને એમ લાગતું કે હવે ક્યાંય જવાની જરૂર નથી!**

માનસ શહીદની ચોથા દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય બાપુએ સીતાની શોધમાં નીકળેલી ટોળીના આગેવાન અંગદના મોઢે જટાયુની પ્રશંસા કરે છે એ કહ્યું! મૃત્યુ ધ્રુવ છે, મૃત્યુ એ શાશ્વત સત્ય છે, જન્મ પછી ઘડી, પ્રહર ની વચ્ચે કે સમયના અંતરાયમાં ગમે ત્યારે દરેકનું મૃત્યુ છે જ. વાલીના વધ પછી સુગ્રીવને કિષ્કિંધા રાજ્ય મળ્યું, સ્ત્રી મળી, સંપદા મળી, એટલે એ વિષયી જીવ ભોગવિલાસમાં ડુબી ગયો અને રામની મદદ કરવાનું ભૂલી ગયો. ચાતુર્માસ ચાલતો હતો એટલે રામે લક્ષ્મણને જગ્યા શોધવા કહ્યું. લક્ષ્મણે કહ્યું કે કિષ્કિંધાનો પ્રદેશ શિવાલયોથી ભરેલો છે! ભગવાન એ લક્ષ્મણને કહ્યું કે શિવજી તો આપણા ઈષ્ટદેવ છે એને જ પૂછી જો આપણે ક્યાં રહેવું!; લક્ષ્મણજી એક શિવલિંગ પાસે જઈ અને પોતાને ચાતુર્માસ દરમિયાન ક્યાં રહેવું એ પ્રશ્ન પૂછે છે, શિવલિંગમાંથી એક જ્યોતી બહાર આવી અને એ જ્યોતિનો પ્રકાશ શીતલ હતો, પરંતુ રૂપ થોડું ડરામણું હતું. એટલે કે એણે એક હાથેથી પોતાની જીભ પકડી હતી, જ્યારે બીજા હાથેથી પોતાની લંગોટ પકડી હતી, જ્યોતિએ લક્ષ્મણને કહ્યું કે રામને કહેજો કે જેણે આ બે વસ્તુને પકડી રાખી હોય તે સબ ભૂમિ ગોપાલ કી, બીજી જગ્યા શોધવાની જરૂર નથી, એમ એમના રહેવાની જગ્યા બતાવી. જીભ પકડી મતલબ કે જીભનો સ્વાદ રોક્યો છે, પણ એનો અર્થ એ પણ નથી કે સ્વાદ લેવો નહીં, સ્વાદની ઉઘરાણી ન કરવી. સાધુ-સંતો લહેરથી જમતા હોય છે, શા માટે ન જમવું? આપણા હરિ જો ૫૬ ભોગ જમતા હોય, તો આપણે પણ જમવું, પણ સ્વાદ ના ઉઘરાણા ન હોય. પાત્રમાં જે આવે તે લહેરથી જમવાનું, બાકી મરચું ને રોટલો ખાઈ લેવો. ભિક્ષામાં જે ભોજન મળે એના જેવી સ્વાદિષ્ટ રસોઈ વિશ્વમાં બીજી કોઈ નથી. ગાંધીજી અસવાદ વ્રતની વાત કરી ગયા, પણ એ તો મહાત્મા હતાં, આપણે એની નકલ કે અમે પણ કરી શકીએ છીએ, એવું નાટક કરવાની જરૂર નથી. જેણે જીભ જીતી અને જેણે પૂર્ણ સંયમ રાખ્યો છે, આ બે વસ્તુ જ્યાં સિદ્ધ થઈ છે, એવી જગ્યાએ રહો, એમ એ જ્યોતિનો કહેવાનો અર્થ હતો. રામ અને લક્ષમણની જીભ ઉપરની જીત અને વિષયો ઉપરની જીત કોણ વર્ણવી શકે? એટલે રામે કહ્યું હવે આપણે ક્યાંય ભટકવાની જરૂર નથી, અને જે બે ત્રણ ગુફા દેખાય એમાં રામ લક્ષ્મણે પ્રવર્ષણ પર્વત પર ચાતુર્માસ કર્યો. ગંગા સતી કહે એમ અભિયાસ જાગ્યા પછી બહુ ભમવું નહીં ને, ન રેવું ભેદવાદીની સાથે રે, કાયમ રહેવું એકાંતમાં, માથે સદગુરુનો હાથ રે.. લાઓત્સુએ યોદ્ધાની વ્યાખ્યા આપી છે કે યોદ્ધા હોય પણ યુદ્ધખોર ન હોય, મજબૂત હોય, સાચો સૈનિક હોય, પણ યુદ્ધની ઈચ્છા ન કરી હોય! આવી પડે તો ગર્જના કરી હિમ્મતથી યુદ્ધ કરે. સેનાના જવાનો માટે એકમાત્ર મહામંત્ર છે જય હિન્દ, અને એ જ્યારે જવાનો યુદ્ધ માટે માર્ચ કરે ત્યારે તેનો પુકાર કરે છે. તો રામ યુદ્ધ પુરુષ નથી બુદ્ધ પુરુષ છે, કૃષ્ણ યુદ્ધ પુરુષ નથી બુદ્ધ પુરુષ છે, ભગવાન તથાગત અને ભગવાન મહાવીર, કબીર બધા જ બુદ્ધ પુરુષ છે. કબીરે પણ કાશીમાં પંડિતોની સામે આખી જિંદગી લડાઈ જ કરી છે. જેણે જીભને જીતી છે, અને સંયમના શીલના ઘરેણા પહેર્યા હોય એવા બુદ્ધ પુરુષને શરણે જવું. બુદ્ધ પુરુષ આપણને મળે તો એની પરીક્ષા શું? બુદ્ધ પુરુષ એને ગણજો જેનું વચન સાંભળીને આપણો મોહ નષ્ટ થઈ જાય એ બોલે અને આપણી આ શક્તિઓ ઓછી થવા લાગે! આપણને એમ લાગે કે આ મધ મીઠો દરિયો મળી ગયો, હવે ખાબોચિયામાં જવાની જરૂર શું છે? પોતાની વાત કરતાં કહ્યું, હું મારા દાદાનાં પગ પાસે બેસતો, ત્યારે મને એમ લાગતું કે હવે ક્યાંય જવાની જરૂર નથી! મારા દાદીમાં અમૃત મા અને મારા દાદા અમૃતનો સાગર હતા. બીજું જેના દર્શનથી આપણા પાપ નષ્ટ થવા લાગે, પ્રસન્નતા વધે છે. જેના હાથ આપણને અડે અને વણકર બની રહે છે, સાધુ પુરુષનો હાથ આપણા હાથમાં વિધાતાએ લખેલા ખોટા સાચા તાણાવાણા હોય, એને કબીર જેવા બુદ્ધ પુરુષનો હાથ અડે, તો ભાગ્ય રેખાને સીધી કરી નાખે, પછી આપણાં પ્રારબ્ધ પરેશાન ન કરી શકે. ચોથું જેના ચરણના દર્શન કરીએ તો એમ થાય તો ત્વમેવ શરણં ગચ્છ સર્વભાવેન ભારત. સાધક કોઈપણ ભાવ લઈને જાય એટલે કે રાજસી તામસી કે સાત્વિક ભાવ, પણ બુદ્ધ પુરુષ એ ભાવ કાઢી આપણને ગુણના ભારથી મુક્ત કરી ત્રિગુણાતિત તરફ ગતિ કરાવે છે.

**મુએ મરત મરિહૈ સકલ ઘરી પહરકે બીચુ,**
**લહી ન કાહું આજુ લૌ ગિધરાજ કી મીચુ.**


આ મિનિટે આ કલાકે આ દિવસે બધા મળતા જાય છે અને બધા મળશે પણ તુલસી કહે ગીધરાજ જટાયુનું જે મૃત્યુ મળ્યું તેવું અત્યાર સુધીમાં કોઈને મળ્યું નથી રામચરિત માનસમાં તો બધાના નિર્વાણ થયા છે, પણ બે બાપ એવા છે, કે જેનું મૃત્યુ જગતે વખાણવું પડ્યું! અને બેય રામના બાપ, એક જટાયુ અને બીજા દશરથ. એક ગીધરાજ અને બીજા રઘુરાજ બંનેનું સામ્ય જુઓ! પ્રભુ જટાયુને તાત કહે છે, નાના બાળકની જેમ બાપ ની સામે તોતડી ભાષામાં બોલે છે. એક બાપ રામના પ્રેમ માટે મર્યા, અને એક સીતાના રક્ષણ માટે મર્યા. સુમંત એ સંદેશ આપ્યો કે હવે રામ નહીં આવે, ત્યારે રઘુરાજ દશરથજીએ પ્રાણ છોડ્યાં, ત્યાં સુધી દશરથે પ્રાણ ટકાવી રાખ્યા હતાં, અને એ જ રીતે ગીધરાજ જટાયુએ પણ જાનકીનો સંદેશ રાઘવને આપવા સુધી પ્રાણ ટકાવી રાખ્યા હતા. દશરથની રામ લક્ષ્મણ રુપે બે પાંખ કૈકેયીએ કાપી, અને જટાયુની બે પાંખ રાવણ એ કાપી. રામને જાનકી વિશે સંદેશો આપ્યો, રામના દર્શન કર્યા અને જટાયુનો દેહ શાંત થયો, અને બોલે છે, નાથ દસાનન યહ ગતિ કીન્હી. બાપુ કહે છે કે મારી તમને અંગત ભલામણ છે, કે મરવાનો સમય આવે ત્યારે કર્મો જાહેર કરી દેવા, અને સ્મરણ ગુપ્ત રાખવું. જે ભોગવટા કર્યા હોય તે કહી દેવું, કે મારી આટલી ભૂલો થઈ છે, પણ હરિને ભજ્યો હોય તે કોઈને કહેવું નહીં. આપણે સંસારીઓ છીએ મહાપુરુષોની વાત જુદી છે, ડાહ્યો માણસ મરણ સમયે ભૂલો સ્વીકારી લે તો ધન્ય છે, જટાયુ મરતી વખતે કહે છે કે નાથ દસાનન.. બોલવું તો જોઈએ કે દુર્ગતિ કીન્હી, હું સારું કામ કરવા ગયો, અને મને આ ફળ મળ્યું! પણ અહીં ગતિ શબ્દ છે એનો અર્થ તેણે મારી ગતિ કરી, જો પાંખો ન કાપી હોત તો, હું ક્યાં ક્યાં ઉડતો રહેત, પાંખો કપાઈ ગઈ એટલે આપને મારી પાસે આવવું પડ્યું, એને માટે રાવણ ગતિ દેનારો છે. રામચરિત માનસમાં ચતુરાનન એવો એક બીજો શબ્દ પણ છે, એટલે કે જેને ચાર મુખ છે, એને આપણે બ્રહ્મા કહીએ છીએ. ભગવાન જટાયુને પૂછે છે, કે તાત આપના મતે દસાનન શ્રેષ્ઠ છે, કે ચતુરાનન! જટાયુ કહે છે કે એણે મને અધમ યોનિમાં જન્મ આપી અધમ ગતિ આપી! અને દસાનન એ આપ સુધી પહોંચાડ્યો માટે એ શ્રેષ્ઠ છે. અને એટલે જ લંકા કાંડમાં ભગવાને કહ્યું,

**તાસુ તેજ સમાન પ્રભુ આનન,**
**હરષે દેખી શંભુ ચતુરાનન.**

સતીના બીજા જન્મમાં પાર્વતી રૂપે એ રામકથાની જિજ્ઞાસા કરે છે, અને ભગવાન શંકર એને વામ ભાગ પર આસન આપી, કથાની શરૂઆત કરે છે, અને બાપુ કથાના ક્રમને રામ જન્મ સુધી લઈ જાય છે. આમ સુરતની કર્ણ ભૂમિ પર રામ જન્મ થયો. વ્યાસપીઠ પરથી સૌને રામ જન્મની વધાઈ આપી, ચોથા દિવસની કથાને વિરામ આપ્યો.

**કર્મમાર્ગમાં વિઘ્ન કરનારો કામ છે, કશ્યપ-દિતિ એનો દાખલો છે, કામથી કર્મનો નાશ થાય છે, ભક્તિ માર્ગમાં વિઘ્ન કરનાર લોભ છે**


# જે જોઈતું હતું એ મેળવી લીધું એટલે "સફળતા" જે છે, જેટલું છે એની કદર હોવી એટલે "સુખ" હવે વધારાનું બીજું કાંઈજ જોઈતું નથી એટલે "શાંતિ"



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**ભક્તિમાર્ગમાં લોભ કેવી રીતે વિઘ્ન કરે છે? માણસ ભગવાનને માટે અગર દાન માટે હલકામાં હલકી ચીજવસ્તુઓનો ઉપયોગ કરે છે.બાબાનો શુટ બનાવવો હોય તો સાત રૂપિયે વારનું કાપડ અને ઠાકોરજીના વાઘા સિવડાવવા હોય તો ચાર આને ગજનું કાપડ! ઠાકોરજીના માટે ફૂલ લેવા ગયા અને ગુલાબના ફૂલના ચાર આના પડે, તો કહેશે કે કરણનાં ફૂલ આપ.**

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહયું છે કે જય-વિજય એટલે કીર્તિ અને પ્રતિષ્ઠાનો મોહ. સાતમે દરવાજે પહોંચેલાને પણ એ અટકાવે છે. મનુષ્યને કીર્તિનો અને પ્રતિષ્ઠાનો મોહ છૂટતો નથી. ચેલાઓ વખાણ કરે એટલે ગુરુને લાગે છે કે, હું બ્રહ્મરૂપ થઈ ગયો છું!પછી સેવા-સ્મરણમાં ઉપેક્ષા જાગે છે અને પતન થાય છે. મનુષ્યનું મન નામ રૂપમાં ફસાયેલું છે. નામ અને રૂપમાં મોહ ન છૂટે ત્યાં સુધી મુક્તિ થતી નથી. મન શ્રીકૃષ્ણના રૂપમાં ફસાય તો જ મુક્તિ મળે. પ્રતિષ્ઠાનો મોહ આવ્યો કે ભગવાનને દરવાજેથી પાછા ફરવું પડે છે.ક્રોધ કરવાથી સનતકુમારો ને ભગવાનના સાતમા દરવાજેથી પાછા ફરવું પડ્યું,પરંતુ સનત કુમારોનો ક્રોધ સાત્ત્વિક છે. આ દ્વારપાળો ભગવત દર્શનમાં વિઘ્ન કરે છે તેથી ક્રોધ આવ્યો છે. એટલે ભગવાને અનુગ્રહ કરી બહાર આવીને દર્શન દીધાં, પરંતુ ભગવાનના મહેલમાં તો તેઓ દાખલ થઈ શક્યા નહીં જ. કારણ ક્રોધ.મહાપ્રભુએ આ ચરિત્રની સમાપ્તિ કરતાં કહ્યું કે, જ્ઞાનમાર્ગમાં જ્ઞાનીઓને વિઘ્ન કરનાર અભિમાન છે. અભિમાનના મૂળમાં આ ક્રોધ છે. કેટલાક અજ્ઞાનમાં મરે છે. કેટલાક જ્ઞાની થઈ અભિમાનમાં મરે છે. બ્રાહ્મણ ન ભણે તો અજ્ઞાની રહે છે અને બહુ ભણે તો કેટલીક વાર અભિમાનમાં મરે છે. કર્મમાર્ગમાં વિઘ્ન કરનારો કામ છે. કશ્યપ-દિતિ એનો દાખલો છે. કામથી કર્મનો નાશ થાય છે. ભક્તિ માર્ગમાં વિઘ્ન કરનાર લોભ છે.લોભથી ભક્તિનો નાશ થાય છે.કામ,ક્રોધ,લોભ-આ ત્રણ થી પુણ્યનો નાશ થાય છે. વિવેકથી કામનો નાશ થાય છે, પણ ક્રોધનો નાશ મુશ્કેલ છે. એકનાથજી મહારાજે ભાવાર્થ રામાયણમાં લખ્યું છે કે કામીને, લોભીને તત્કાળ થોડો લાભ થાય છે, પણ ક્રોધ કરનારને કાંઈ લાભ થતો નથી. ઊલટું તેના પુણ્યનો ક્ષય થાય છે. વલ્લભાચાર્યજીએ આ વિશે કહ્યું છે કે,કામ કર્મનો નાશ કરે છે. તેથી કામ,ક્રોધ,લોભને ગીતાજીમાં નરક નાં દ્વારો કહ્યાં છે અને એ ત્રણ ત્યજવાનું કહ્યું છે. ભક્તિમાર્ગમાં લોભ કેવી રીતે વિઘ્ન કરે છે? માણસ ભગવાનને માટે અગર દાન માટે હલકામાં હલકી ચીજવસ્તુઓનો ઉપયોગ કરે છે.બાબાનો શુટ બનાવવો હોય તો સાત રૂપિયે વારનું કાપડ અને ઠાકોરજીના વાઘા સિવડાવવા હોય તો ચાર આને ગજનું કાપડ! ઠાકોરજીના માટે ફૂલ લેવા ગયા અને ગુલાબના ફૂલના ચાર આના પડે, તો કહેશે કે કરણનાં ફૂલ આપ.મારા ઠાકોરજી તો ભાવના ભૂખ્યા છે પણ ઘરવાળી માટે ગમે તેટલા રૂપિયા ખર્ચીને સારી વેણી લઈ આવે સત્ય નારાયણની કથામાં બેસવાનું હોય, તો ભાઈ રૂપિયા બસોનું પીતાંબર પહેરીને બેસે અને જ્યારે ઠાકોરજી વસ્ત્રપરિધાન કરાવવાનો પ્રસંગ આવે ત્યારે કહેશે,પેલું નાડું લાવેલ તે કયાં ગયું! ભગવાન કહે છે, હમ સબ સમજતે હૈ. મેં પણ



તારા માટે લંગોટી પહેરવાના કંદોરાનું નાડું તૈયાર રાખ્યું છે.આવું નકરો ભગવાનને સારામાં સારી વસ્તુ અર્પણ કરો.'બસોબાવન વૈષ્ણવો ની વાર્તાઓમાં જમનાદાસ ભક્ત નું એક દ્રષ્ટાંત આવે છે. જમનાદાસ ભક્ત એક વખત ઠાકોરજીને માટે બજારમાં ફૂલ લેવા નીકળ્યા. ફૂલ વાળાની દુકાને એક સારું કમળ જોયું. જમનાદાસજીએ વિચાર્યું કે,આજ તો મારા ઠાકોરજીને માટે હું આ સુંદર કમળ લઈ જઈશ. તે જ વખતે તે દુકાને એક યવન રાજા ફૂલ લેવા આવી પહોંચે છે. યવનરાજાને પોતાની રખાત વેશ્યા માટે ફૂલ જોઈતું હતું.જમનાદાસ ભક્ત માળીને કમળના ફૂલની કિંમત પૂછે છે. માળી પાંચ રૂપિયા કિંમત જણાવે છે,તે જ વખતે યવન રાજા વચમાં કૂદી પડે છે કે, એ ફૂલના હું દસ રૂપિયા આપવા તૈયાર છું. બંને વચ્ચે ફૂલ લેવા હરીફાઈ ચાલે છે. યવનરાજા તે ફૂલની કિંમત દસ હજાર રૂપિયા બોલે છે. જમનાદાસ ભક્ત કહે, મારા એક લાખ! યવનરાજાને વેશ્યા તરફ સાચો પ્રેમ ન હતો, મોહ હતો. તે વિચારે છે કે, એક લાખ હશે તો બીજી સ્ત્રી મળશે ત્યારે જમના દાસજી ભક્તને મન તેના ઠાકોર જી સર્વસ્વ હતા. તેનો સાચો શુદ્ધ પ્રેમ હતો.જમનાદાસ પોતાની સર્વ મિલકત વેચીને એક લાખ રૂપિયા કિંમત આપી ફૂલ ખરીદી લાવે છે અને શ્રીનાથજીની સેવામાં અર્પણ કરે છે. શ્રીનાથજીના માથા ઉપરથી મુગટ આજે નીચે પડી જાય છે. ભગવાન તે દ્વારા બતાવે છે, જમનાદાસ ભક્તના કમળનું વજન મારાથી સહન થતું નથી. સનતકુમારોને ક્રોધ આવ્યો એટલે પતન થયું.પ્રભુના દ્વારે ગયેલા પાછા આવ્યા. કામ, ક્રોધ અંદરના વિકાર છે. તક મળતાં એ બહાર આવે છે.તેથી મન ઉપર સત્સંગનો ભક્તિનો અંકુશ રાખો. ઈશ્વરનું સતત ચિંતન કરે તેના અંદરના વિકારો શાંત થાય છે. સનતકુમારોનો ક્રોધ હજી શમ્યો નથી. તેમણે ક્રોધમાં જય-વિજયને શ્રાપ આપ્યો કે,રાક્ષસોમાં વિષમ તા હોય છે.તમે એવી વિષમતા દેખાડી, માટે તમે રાક્ષસો થાઓ! મંદિરમાં થોડું પાપ કરે એ મહા પાપ છે. સનતકુમારોએ વૈકુંઠમાં ક્રોધ કર્યો. તેથી ભગવાને વિચાર્યું કે, મારા દ્વારે પાપ કર્યું એટલે મારા ઘરમાં આવવા હવે એ લાયક નથી.આ લોકોએ ક્રોધ ઉપર હજુ વિજય મેળવ્યો નથી. સનકાદિકને અંદર પ્રવેશ મળ્યો નહીં.અંદર ગયા હોત પછી બહાર આવવા પણું ન હતું. કારણ ભગવાનનું પરમધામ તો એવું છે, જ્યાં ગયા પછી આવવાપણું હોતું નથી.એટલે નારાયણ લક્ષ્મીજી બહાર આવે છે.ઠાકોરજી સનત કુમારો ની સામે જોતા નથી.આજે નજર ધરતી ઉપર છે.જીવને કરેલાં પાપ માટે હૃદયથી પસ્તાવો ન થાય ત્યાંસુધી ઠાકોર જી દર્શન આપતાં નથી. સ્વદોષ દર્શન એ ઈશ્વર દર્શનનું ફળ છે. સનતકુમારો વંદન કરે છે. પણ ઠાકોરજી સામુ જોતા નથી. સનકાદિક ઋષિઓ ભગવાન પાસે ક્ષમા માગે છે. બ્રાહ્મણો ભગવાનને વહાલા છે. ભગવાન સનત કુમારોને કહે છે કે, તમે મારી ભક્તિ અને ભક્તિ ન હોય તો મને પાવાળો ચાર. કોમ ભક્તિ મને અતિશય પ્રિય છે. લક્ષ્મીજીમાં પણ નિષ્કામ ભક્તિ ન હોય તો લક્ષ્મીજી પણ પ્રિય લાગતી નથી.ચંચળ લક્ષ્મીજી ઠાકોરજીના ચરણમાં સ્થિર થાય છે. તલસીજી રાધાજીનું સ્વરૂપ છે. જીવાત્મા પરમાત્માનું લગ્ન એ તુલસીવિવાહ નું તાત્પર્ય છે. મસનકાદિક વિચારે છે કે, અમારાં વખાણ કરે છે,પણ ધામમાં તો બોલાવતા નથી કે લઈ જતા નથી માટે અમારે હજુ તપશ્ચર્યા કરવાની જરૂર છે.હજુ ક્રોધ અમારામાંથી ગયો નથી, એટલે સનકાદિક બ્રહ્મલોકમાં પધારે છે. પછી જય-વિજયને સાંત્વના આપી નારાયણ ભગવાને કહ્યું, તમારા ત્રણ અવતારો થશે પણ તમારો ઉદ્ધાર કરવા હું ચાર અવતારો ધારણ કરીશ! સનકાદિકના શાપથી જય અને વિજય અનુક્રમે હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ તરીકે અવતર્યા છે. એજ દિતિના બે પુત્રો. મહાપ્રભુજી એ આ ચરિત્રની સમાપ્તિ કરતાં કશ્યપ ઉપર ત્રણ દોષો નાખેલા છે કર્મત્યાગ,મૌનત્યાગ અને સ્થાન ત્યાગ.હિરણ્યાક્ષ અને હિરણ્યક શિપુના રોજ ચાર-ચાર હાથ વધતા. જો આમ ખરેખર બને તો માતાપિતાની શું સ્થિતિ થાય તે કલ્પી શકો છો! બીજી મુશ્કેલી એક બાજુ મૂકીએ, તો પણ એક દિવસનાં કપડાં બીજે દિવસે ટૂંકા પડે.પણ ભાગવતની આ સમાધિ ભાષા છે.ભાગવતમાં સમાધિ ભાષા મુખ્ય છે.લૌકિક ભાષા ગૌણ છે.આમ કહીને લોભ નું સ્વરૂપ બતાવ્યું છે. ચાર-ચાર હાથ રોજ વધતા એટલે કે લોભ રોજને રોજ વધતો જાય છે. લાભથી લોભ વધે છે. લોભનો અંત પ્રભુ કૃપા વગર થતો જ નથી. શરીર જીર્ણ થવાથી કામ મરે છે, પણ લોભનો નાશ થતો નથી. લાભથી લોભ વધે એટલે પાપ વધે.પાપ વધે એટલે ધરતી રસાતળમાં જાય છે.ધરતી એટલે માનવ સમાજ દુઃખરૂપી રસાતળ માં ડૂબે છે. વાચક ચાહક મિત્રો સૌને શિયાળાની કડકડતી ઠંડીમાં શરીરની તાસીર મુજબ હરફર કરવાની સલાહ..માવઠું આગામી બે ત્રણ દિવસમાં થવાનું છે તેવી આગાહીમાં અબોલજીવોનો ઘાસ ચારો સલામત સ્થળે રાખવો. સિઝન પ્રમાણે સૌ સારા વાના થશે તેવી શુભેચ્છા સહ અસ્તુ.

# સારાએ ફેસ્ટિવલમાં પ્રતિષ્ઠિત ઓનરીસ એવોર્ડથી પ્રિયંકા ચોપરાનું સન્માન કર્યું

## આ ફિલ્મે ઇતિહાસ, વિજ્ઞાન-મૂલ્યો તેમજ સિદ્ધાંતોની ચર્ચા ઉપરાંત બોક્સ ઓફિસના નવા રેકોર્ડ બનાવ્યા છે



વિશ્વ કક્ષાએ જો મનોરંજનની દુનિયાની વાત કરવામાં આવે તો વર્ષ ૨૦૨૪ની કેટલીક નોંધપાત્ર ઘટાનાઓમાં રેડ સી ફિલ્મ ફેસ્ટિવલ દરમિયાન પ્રિયંકા ચોપરાને પ્રતિષ્ઠિત ઓનરીસ એવોર્ડથી સન્માનિત થઈ તેને લઈને ટેલર સ્વિફ્ટની રેકોર્ડ બ્રેકિંગ એરાઝ ટુર સહિત કેટલીક ઘટનાઓનો સમાવેશ થાય છે. પ્રિયંકા ચોપરા હવે એક ગ્લોબલ આઈકોન પ્રિયંકા ચોપરા જોનાસ બની ગઈ છે. તેને સાઉદી અરેબિયાના જેદ્દા ખાતે તાજેતરમાં યોજાયેલ રેડ સી ફિલ્મ ફેસ્ટિવલમાં પ્રતિષ્ઠિત ઓનરીસ એવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી. તેને આ એવોર્ડ ગ્લોબલી ફેશન આઈકોન મનાતી સારા જેસિકા પાર્કર દ્વારા આપવામાં આવ્યો હતો. પ્રિયંકાનાં વિશ્વકક્ષાએ ફિલ્મોમાં પ્રદાન બદલ તેમજ નવા પ્રયોગો કરવામાં દર્શાવેલી હિમ્મત બદલ તેને આ એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ દરમિયાન તેનો સિલ્વર ડ્રેસ અને સારા જેસિકા પાર્કરનો ગોલ્ડન અને સિલ્વર ડ્રેસ પણ ચર્ચમાં રહ્યા હતા. તો ટેલર સ્વિફ્ટની રેકોર્ડ બ્રેકિંગ એરાઝ ટુર પણ આ વર્ષે ચર્ચામાં રહી હતી. મ્યુઝિક સુપર સ્ટાર ટેલર સ્વિફ્ટએ ઐતિહાસિક અને રેકોર્ડ બ્રકિંગ કમાણી કરનારી મ્યુઝિક ટુર દ્વારા પોતાની લોકપ્રિયતા અને લોકોના દિલો-દિમાગ પર તેના સંગીતની અસર સાબિત કરી દિધી છે. તેણે ફરી રેકોર્ડ કરેલાં તેના મ્યુઝિક આલ્બમ અને ઈન્ડસ્ટ્રી પર તેના કારણે થયેલી અસર સમગ્ર વર્ષ દરમિયાન ચર્ચામાં રહી છે.ઓપનહાઈમર ફિલ્મ આ વર્ષની અનોખી સિદ્ધિ બની રહી છે. ક્રિસ્ટોફર નોલાનની આ ફિલ્મે મોડર્ન સિનેમાની નવી વ્યાખ્યા આપવાની સાથે બોક્સ ઓફિસ પર પણ સફળતા મેળવીને ફિલ્મોને નવી રાહ ચીંધી છે. આ ફિલ્મે ઈતિહાસ, વિજ્ઞાન અને મૂલ્યો તેમજ સિદ્ધાંતોની ચર્ચા ઉપરાંત બોક્સ ઓફિસના નવા રેકોર્ડ બનાવ્યા છે. ઓપનહાઈમર ફિલ્મથી બિલકુલ વિરોધાભાસી છતાં આ ફિલ્મથી પણ વધુ ચર્ચામાં રહેલી અને સફળ થયેલી ફિલ્મ બાર્બીએ પોપ કલ્ચરને નવા આયામ પર પહોંચાડી દીધું છે. ગ્રેટા જેર્વિગની બાર્બીમાં માર્ગોટ રોબી અને રાયન ગોસ્લિંગે લીડ રોલ કર્યા હતા. જેમણે મોટા પડદાના પર નવી સાંસ્કૃતિક ક્રાંતિ લાવી દીધી હતી. આ ફિલ્મ સામાજિક મુદ્દા માટે ચર્ચામાં રહેવાની સાથે બોક્સ ઓફિસ પર પણ સફળ રહી હતી.

### સુકુમારના નિવેદનથી ઇન્ડસ્ટ્રીના લોકો-ફિલ્મ રસિકોને આંચકો લાગ્યો

# ‘પુષ્પા-૨’ ફિલ્મના ડિરેક્ટર સુકુમારનું સિનેમા છોડી દેવાનું ચોંકાવનારું નિવેદન

સુકુમારે ડિરેક્ટ કરેલી ફિલ્મ ‘પુષ્પા ૨’ ૧૦૦૦ કરોડથી વધુ કમાણી કરી લીધી, પહેલી ફિલ્મ કરતાં પણ બીજો ભાગ વધુ સફળ થયો. દરરોજ બોક્સ ઓફિસ પર આ ફિલ્મ નવા નવા રેકોર્ડ બનાવી રહી છે, ત્યારે હવે આ ફિલ્મના ડિરેક્ટર સુકુમારના એક નિવેદને ઈન્ડ્સ્ટ્રીને અને ફિલ્મ રસિકોને ચોંકાવી દિધાં છે. તાજેતરમાં સુકુમારે કહ્યું કે તેમને સિનેમા છોડી દેવું છે.તાજેતરમા સુકુમાર હૈદ્રાબાદના એક કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. જ્યાં તેમને પૂછવામાં આવ્યું હતું કે એવી કઈ એક બાબત છે, જેને તેઓ તરત જ છોડી દેવા માગે છે. એક ક્ષણનો પણ વિચાર કર્યા વિના તેમણે તરત જ એવો જવાબ આપ્યો હતો કે, ‘સિનેમા’. આ કાર્યક્રમમાં તેમની સાથે રામ ચરણ પણ હતા. તો આ જવાબ સાંભળીને ઓડિયન્સની સાથે રામ ચરણને પણ આંચકો લાગ્યો હતો. રામ ચરણ સુકુમારની બાજુમાં જ બેઠો હતો અને તેણે તરત જ સુકુમારના હાથમાથી માઈક લઈ લીધું અને કહ્યું કે તેમણે સિનેમા તો ન જ છોડવું પડે.દર્શકો સુકુમારના આ નિવેદનને અલ્લુ અર્જૂનની ફિલ્મમાં ભાગદોડની ઘટના અને તેમાં થયેલા મહિલાના મૃત્યુ તેમજ તેના કારણે અલ્લુ અર્જુન પર થયેલા કેસની ઘટના સાથે જોડી રહ્યાં છે. શરૂઆતમાં અલ્લુને ૧૪ દિવસની ન્યાયિક કેદમાં મોકલવાનો હુકમ થયો હતો, પરંતુ ત્યાર બાદ તેને જમીન મળી ગયા હતા. જેલમાંથી બહાર આવીને અલ્લુ અર્જુને દિલગીરી વ્યક્ત કરતો અને પીડિત પરિવારને ૨૫ લાખની સહાયની જાહેરાત કરતો વીડિયો પણ શેપ કર્યો હતો. સાથે તેણે મૃતક મહિલાના સારવારગ્રસ્ત બાળકની જવાબદારી પણ લીધી હતી. આ સ્થિતિમાં સુકુમારના નિવેદને ફિલ્મ રસિકોને ચોંકાવી દેવાની સાથે ‘પુષ્પા ૩’ના આયોજન પર પણ સવાલ ખડા કરી દીધાં છે.



### એક બ્રાન્ડ માટે એજન્ટ કબીર-એજન્ટ ટાઈગરના એક્શન સીક્વન્સ

# સલમાન ખાન અને રિતિક રોશન પહેલી વાર સાથે કામ કરી શકે છે


આવનારા વર્ષમાં ફિલ્મમાં ઘણી નવી જોડીઓ જોવા મળશે, જેમાં ઘણી જોડીઓ પહેલી વખત એકસાથે કામ કરતાં જોવા મળશે. તેમાં હવે વધુ એક નવી જોડીની ચર્ચા છેલ્લા બે દિવસથી ચાલી રહી છે. રિતિક રોશન અને સલમાન ખાન પહેલી વખત સાથે કામ કરતા જોવા મળશે. તેઓ બંને એક ખાસ પ્રોજેક્ટમાં સાથે કામ કરવાના હોવાની ચર્ચા છે. કેટલાંક સૂત્રો દ્વારા મળેલી માહિતી મુજબ સલમાન અને રિતિક રોશન એક જાણીતી બ્રાન્ડ માટે એક્શન સાથેની જાહેરાતમાં સાથે કામ કરવાના છે. આ સુપરસ્ટારની એક્શનને વધુ અસરદાર બનાવવા માટે તેમાં વીએફેક્સ ઉમેરવામાં આવશે, અલી અબ્બાસ ઝફરે ડિરેક્ટ કરેલી આ જાહેર ખબર ટૂંક સમયમાં ટીવી પર જોવા મળશે, આ એક જાણીતી કોર્પોરેટ કંપની માટેની જાહેરાત છે. જોકે, આ અંગે કોઈ ઓફિશીયલ જાહેરાત કરવામાં આવી નથી. સૂત્રોએ આપેલી માહિતી મુજબ આ જાહેરાતનું શૂટિંગ મુંબઈમાં જ થશે. આ સુપરસ્ટારની એક્શનને વધુ અસરદાર બનાવવા માટે તેમાં વીએફેક્સ ઉમેરવામાં આવશે. સલમાન અને રિતિક બંને યશરાજ ફિલ્મ્સના સ્પાય યુનિવર્સનો ભાગ છે, એક બ્રાન્ડ માટે એજન્ટ કબીર અને એજન્ટ ટાઈગરના એક્શન સીક્વન્સ શૂટ થશે. પરંતુ એજન્ટ ટાઈગર અને એજન્ટ કબીર બંને એક ફિલ્મમાં સાથે જોવા મળ્યા નથી, ત્યારે આ બંને હવે એકસાથે જોવા મળશે, તે બાબતે તેમના ફૅન્સ ઉત્સાહમાં આવી ગયાં છે. એક તરફ સલમાન હાલ ‘સિકંદર’ અને રિતિક ‘આલ્ફા’ની તૈયારીમાં વ્યસ્ત છે.



### આજે પણ અભિનેતા લોકોની મદદ કરી રહ્યો છે

# મને સીએમ અને ડેપ્યુટી સીએમ પદની ઓફર મળી હતીઃ સોનું સુદ

વર્ષ ૨૦૨૦માં આખી દુનિયા કોવિડનો સામનો કરી રહી હતી. કોવિડ લોકડાઉનમાં પ્રવાસી મજુરો અને દેશભરના જરુરિયાતમંદ તમામ લોકો પ્રાથમિક સુવિધાઓ મેળવવા માટે તરસી રહ્યા હતા. આ દરમિયાન લોકો એકબીજાની મદદ માટે આવ્યા હતા. આ દરમિયાન બોલિવુડ સ્ટાર સોનું સુદ પણ મસીહા બની બધાની સામે આવ્યો હતો.તેમણે એટલી મદદ કરી કે પોતાની પ્રોપર્ટી પણ ગિરવે રાખી દીધી હતી. જમવાના પેકેટથી લઈ બસ શરુ કરવાવાની તમામ સંભવ પ્રયત્ન કરતો જોવા મળ્યો હતો. આજે પણ અભિનેતા લોકોની મદદ કરી રહ્યો છે.હ્યુમન્સ ઓફ બોમ્બે સાથેની વાતચીતમાં સોનુ સૂદે જણાવ્યું કે તેને ઘણી વખત રાજકારણમાં જોડાવા માટે સારી ઓફર મળી હતી.તેને રાજ્યસભામાં પણ સીટ ઓફર કરવામાં આવી હતી પરંતુ અભિનેતાએ આ તમામ ઓફરને ઠુરાવી દીધી હતી. તેની પાછળના કારણનો પણ સોનુ સુદે ખુલાસો કર્યો છે.જ્યારે સોનુ સુદે લોકડાઉનમાં ફસાયેલા લોકોની મદદ કરવાની શરુ કરી તો લોકોને એવું લાગ્યું તે આવું એટલા માટે કરી રહ્યો છે કારણ કે, તેને રાજનીતિમાં આવવું છે. પરંતુ અભિનેતાએ આ વાતને ક્યારે પણ મનમાં લીધી ન હતી. સોનુ સુદ પોતાની આવનારી ફિલ્મ ફતેહનું પ્રમોશન કરી રહ્યો હતો. આ દરમિયાન તેમણે ફરી એક વખત રાજનીતિમાં સામેલ થવાને લઈ સવાલો કરવામાં આવ્યા હતા. જેના પર અભિનેતાએ કહ્યું મને સીએમ બનવાની પણ ઓફર મળી હતી.જ્યારે મે આના વિશે ના પાડી તો મને કહેવામાં આવ્યું કે, ડિપ્યુટી સીમે બની જા. તે બધા મોટા લોકો હતા. મને રાજ્યસભાની સીટની પણ ઓફર થઈ હતી.સોનુ સુદે રાજનીતિમાં ન આવવાના કારણનો પણ ખુલાસો કર્યો છે. તેમણે કહ્યું રાજકારણમાં લોકો ૨ કારણે આવે છે. એક તો પૈસા કમાવવા અને બીજું સત્તા માટે અને મારે આ બન્નેમાંથી કોઈની જરુર નથી.જો મારે લોકોની મદદ કરવી છે, તો હું પહેલાથી જ તેમની મદદ કરી રહ્યો છે. મારે કોઈને પુછવાની જરુર નથી. કોઈ જાતિ, ધર્મ, ભાષા વગર કોઈ ભેદ જોયા વગર હું મદદ કરું છુ. પરંતુ રાજકારણમાં આવ્યા બાદ મારે કોઈને જવાબ આપવો પડશે અને મને ડર છે.



# બર્થ-ડેના એક દિવસ પહેલા સલમાનની ફિલ્મ ‘સિકંદર’નું પોસ્ટર રિલીઝ કરાયું


## સાજિદ નડિયાદવાલાની આગામી ફિલ્મ ‘સિકંદર’નું પહેલું પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું છે અને તે ખરેખર અદભૂત છે





ઘણી રાહ જોયા બાદ આખરે સલમાન ખાનની ફિલ્મ ‘સિકંદર’નો ફર્સ્ટ લૂક જાહેર કરવામાં આવ્યો છે. સાજિદ નડિયાદવાલાની આગામી ફિલ્મ ‘સિકંદર’નું પહેલું પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું છે અને તે ખરેખર અદભૂત છે. શાનદાર ફિલ્મો માટે જાણીતા એઆર મુરુગાદોસ આ ફિલ્મમાં સલમાન ખાનને એક નવા અને અલગ અવતારમાં રજૂ કરવા માટે તૈયાર છે. પોસ્ટરમાં સલમાન ખાન દમદાર અને રહસ્યમય પોઝમાં જોવા મળી રહ્યો છે. એક અદ્ભુત અને રોમાંચક સિનેમેટિક અનુભવની ઝલક તસવીરમાં જોવા મળે છે. સિકંદરનો આ ફર્સ્ટ લુક સોશિયલ મીડિયા પર ખૂબ જ ધૂમ મચાવી રહ્યો છે અને ચાહકો આ મેગાસ્ટારના મોટા પડદા પર પાછા ફરવાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. પોસ્ટરમાં સલમાન ખાનની મજબૂત હાજરી સિકંદરના તેના પાત્રને પ્રતિબિંબિત કરે છે, જે દર્શકોને આશ્ચર્યચકિત કરવા અને આકર્ષિત કરવા માટે તૈયાર છે. સિકંદર સલમાન ખાન અને સાજિદ નડિયાદવાલાની ૨૦૧૪ની બ્લોકબસ્ટર ‘કિક’ પછીની પ્રથમ ફિલ્મ છે, જે સાજિદની દિગ્દર્શિત પ્રથમ ફિલ્મ પણ હતી. ભાઈજાન ફેમ સલમાન ખાન આવતીકાલે ૫૯ વર્ષનો થશે.

### પહેલા દિવસે માત્ર ૧૨.૫૦ કરોડ રૂપિયાની કમાણી કરી

# ‘બેબી જહોન’ ફિલ્મ પહેલા જ દિવસે નિષ્ફળ



વરુણ ધવનની બહુપ્રતિક્ષિત ફિલ્મ ‘બેબી જોન’ સિનેમાઘરોમાં છવાઈ ગઈ છે. જો કે આ ફિલ્મ પહેલા જ દિવસે કલેક્શનના મામલે નિષ્ફળ રહી છે. બોક્સ ઓફિસ પર ફિલ્મનો ઓપનિંગ ડે બિઝનેસ ખૂબ જ નિરાશાજનક રહ્યો હતો. આ સિવાય સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહેલી ‘મુફાસા ધ લાયન કિંગ’ અને ‘પુષ્પા ૨’એ પણ વરુણની નવી ફિલ્મને ઢાંકી દીધી હતી. ફિલ્મ ‘બેબી જોન’એ પહેલા દિવસે માત્ર ૧૨.૫૦ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. રિપોર્ટ્સ અનુસાર, ફિલ્મનું બજેટ લગભગ ૧૮૦ કરોડ રૂપિયા છે. ફિલ્મનું આ કલેક્શન ખર્ચની દૃષ્ટિએ ઘણું નબળું છે. ‘બેબી જોન’ શરૂઆતના દિવસે ‘કલંક’ના કલેક્શનને પણ પછાડી શકી નથી. વર્ષ ૨૦૧૯માં રિલીઝ થયેલી આ ફ્લોપ ફિલ્મે ૨૧.૬ કરોડની કમાણી કરી હતી. રસપ્રદ વાત એ છે કે હોલીવુડ ફિલ્મ ‘મુફાસા’નું છઠ્ઠા દિવસનું કલેક્શન આ ફિલ્મ કરતા વધુ હતું. ક્રિસમસના દિવસે ફિલ્મની ઓછી કમાણી ‘બેબી જોન’ના મેકર્સ માટે ઝટકા સમાન છે. ‘મુફાસા ધ લાયન કિંગ’ ભારતમાં શાનદાર કલેક્શન કરી રહી છે. ફિલ્મ ઝડપથી ૧૦૦ કરોડ ક્લબ તરફ આગળ વધી રહી છે. ફિલ્મે છઠ્ઠા દિવસે શ્રેષ્ઠ કલેક્શન કર્યું હતું. ક્રિસમસ ડેના અવસર પર, ફિલ્મે તમામ ભાષાઓમાં ૧૪.૨૫ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. ભારતમાં ફિલ્મનું કુલ કલેક્શન હવે ૬૭.૮૫ કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે. આ કમાણી ‘બેબી જોન’ કરતા ઘણી વધારે છે. આના પરથી સ્પષ્ટ થાય છે કે ફેમિલી ઓડિયન્સે ‘બેબી જોન’ને બદલે ‘મુફાસા’ જોવાને વધુ પ્રાધાન્ય આપ્યું હતું.‘પુષ્પા ૨’ હજુ પણ બોક્સ ઓફિસ પર પ્રભુત્વ જમાવી રહી છે. ૨૧માં દિવસે આ ફિલ્મ ભારતમાં ૧૧૦૦ કરોડની ક્લબમાં સામેલ થઈ ગઈ છે. ફિલ્મે ત્રીજા બુધવારે ૧૯.૭૫ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું હતું. ફિલ્મની આ કમાણી ‘બેબી જોન’ કરતા ઘણી વધારે છે. આ સાથે ફિલ્મની કુલ કમાણી ૧૧૦૯ કરોડ રૂપિયા પર પહોંચી ગઈ છે. એવું માનવામાં આવે છે કે આ ફિલ્મ ટૂંક સમયમાં હિન્દી ભાષામાં ૮૦૦ કરોડ રૂપિયાના ક્લબમાં પ્રવેશ કરી શકે છે.

# ગુણવંત જૈનને સરેન્ડર કરવા કોર્ટનો આદેશ

## તપાસ અધિકારી આદેશનું પાલન કરવાના હેતુસર કાયદા મુજબ આરોપીની ધરપકડ કરવા માટે સ્વતંત્ર



મુંબઈની એક અદાલતે મોડલના બળાત્કારના આરોપી ફિલ્મ નિર્માતાને શરણાગતિ સ્વીકારવાનો નિર્દેશ આપ્યો હતો. મુંબઈની સેશન્સ કોર્ટે ૩૮ વર્ષીય મોડલ પર બળાત્કારના આરોપી ફિલ્મ નિર્માતા ગુણવંત જૈનને પોલીસ સમક્ષ આત્મસમર્પણ કરવાનો નિર્દેશ આપ્યો હતો.મેજિસ્ટ્રેટના આદેશને બાજુ પર રાખીને જૈનને તેમની ધરપકડ પછી છોડી દેવામાં આવ્યા હતા, વધારાના સેશન્સ જજ (દિંડોશી કોર્ટ) ડીજી ધોબલે, ૨૪ ડિસેમ્બરના તેમના આદેશમાં, આરોપીને તાત્કાલિક સંબંધિત પોલીસ સ્ટેશન (પશ્ચિમ મુંબઈમાં વર્સોવા) સમક્ષ આત્મસમર્પણ કરવાનો નિર્દેશ આપ્યો હતો. ન્યાયાધીશે કહ્યું કે ડિફોલ્ટની સ્થિતિમાં, તપાસ અધિકારી આદેશનું પાલન કરવાના હેતુસર કાયદા મુજબ આરોપીની ધરપકડ કરવા માટે સ્વતંત્ર હશે. વર્સોવા પોલીસે ગઈ કાલે ૩૮ વર્ષની અભિનેત્રી અને મૉડલનું અપકમિંગ ફિલ્મ સન ઑફ સરદાર પાર્ટ ૨માં રોલ ઑફર કરવાના બહાને જાતીય શોષણ કરવા બદલ ફિલ્મ ડિરેક્ટરની ધરપકડ કરી હતી.પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી ગુણવંત તારાચંદ જૈન ઉર્ફે નિકેશ માધાનીએ કથિત રીતે મોડલને લાલચ આપી હતી અને તેને ફિલ્મમાં અભિનેતા અજય દેવગનના પાત્રની બહેન તરીકે કાસ્ટ કરવાનું વચન આપ્યું હતું. કથિત સ્ક્રીન ટેસ્ટ અને ફોટોશૂટ દરમિયાન તેણે કથિત રીતે તેને ડ્રગ્સથી ભરેલું કોલ્ડ ડ્રિંક પીવડાવ્યું હતું, જેના કારણે તે બેભાન થઈ ગઈ હતી. ત્યારબાદ માધાનીએ કથિત રૂપે તેના પર બળાત્કાર કર્યો અને આ કૃત્ય તેના મોબાઈલ ફોનમાં રેકોર્ડ કર્યું, બાદમાં કથિત રીતે ધમકી આપી કે જો તેણી તેની સાથે સંબંધ નહીં રાખે તો તે વીડિયો વાયરલ કરી દેશે.ફરિયાદીએ જણાવ્યું હતું કે કેટલાક મહિનાઓથી તેણીનું વારંવાર યૌન શોષણ કરવામાં આવ્યું હતું. જ્યારે તેણીએ તેને મળવાનો ઈનકાર કર્યો, ત્યારે આરોપીએ તેના પતિને એક વીડિયો મોકલ્યો, જેના કારણે બંને વચ્ચે અણબનાવ થયો અને આખરે તેઓ અલગ થઈ ગયા. પીડિતાએ આખરે ફરિયાદ નોંધાવી હતી.

# અર્જુન કપૂરે જાહેરમાં કહ્યું હું સિંગલ છું

## એક સમયના બોલીવુડના લવબર્ડ્સ ગણાતા મલાઈકા અરોરા અને અર્જુન કપૂર હવે છૂટા પડી ગયા છે



એક સમયના બોલીવુડના લવબર્ડ્સ ગણાતા મલાઈકા અરોરા અને અર્જુન કપૂર હવે છૂટા પડી ગયા છે. બંને જણ લાંબા સમયથી રિલેશનશિપમાં હતા અને હવે આખરે બંનેએ છૂટા પડવાનો નિર્ણય લીધો છે. ફિલ્મ સિંઘમ અગેનના પ્રમોશન દરમિયાન જ અર્જુને પોતાનું રિલેશનશિપ સ્ટેટસ કલિયર કરી દીધું હતું. અર્જુનના આ સ્ટેટમેન્ટ પર હવે મલાઈકા અરોરાની કમેન્ટ સામે આવી છે અને એ જોતા એવું લાગી રહ્યું છે કે અર્જુનના એવા વર્તનથી મલાઈકા ખાસ ખુશ નથી.હાલમાં જ આપેલા એક ઈન્ટરવ્યૂમાં મલાઈકાએ જણાવ્યું હતું કે હું એક ખૂબ જ પ્રાઈવેટ પર્સન છું અને હું મારી લાઈફ વિશે વાત કરવા માટે ક્યારેય પબ્લિક પ્લેટફોર્મનો ઉપયોગ નથી કરતી અને મને એ પસંદ પણ નથી. અર્જુને જે પણ કહ્યું છે એ તે તેના વિચારો છે અને ઈચ્છા છે. વાત જાણે એમ છે કે, સિંઘમ અગેઈનના એક ઈવેન્ટ દરમિયાન ત્યાં હાજર ભીડે મલાઈકા-મલાઈકાના નામનું હુટિંગ કર્યું હતું ત્યારે અર્જુને બધાની સામે જ કહ્યું હતું કે હવે હું સિંગલ છું એટલે તમે લોકો થોડું રિલેક્સ કરો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ વાઈરલ થયો હતો અને હવે આટલા સમય બાદ આખરે મલાઈકાએ આ બાબતે પ્રતિક્રિયા આપી છે.મલાઈકાએ આગળ એવું પણ જણાવ્યું હતું કે જે કંઈ પણ અર્જુને કહ્યું એ તેની સમજ છે. મારા માટે આ વર્ષ ખૂબ જ પડકારજનક રહ્યું છે, પરંતુ તેમ છતાં મેં લાઈફમાં મુવ ઓન કર્યું છે અને નવા વર્ષને ખુશીથી ગળે લગાવીશ.અત્રે ઉલ્લેખનીય છે કે બ્રેકઅપ બાદ પણ જ્યારે મલાઈકા અરોરાના પિતાનું નિધન થયું હતું ત્યારે પણ અર્જુન સતત મલાઈકાની સાથે ઉભો રહ્યો હતો.

### જિલ્લા કલેક્ટર તંત્ર દ્વારા અડાજણ અને કતારગામ વિસ્તારમાં મેગા ડિમોલિશન

# અડાજણ ગામની અંદાજિત રૂ.૪ કરોડની ૧૮૧૧ ચો. મી. સરકારી જમીન પર ગેરકાયદે દબાણ દૂર કરાયું



। (માહિતી) સુરત, તા.૨૭ ।

સુરત જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધીના માર્ગદર્શન હેઠળ સુરત શહેરના કતારગામ અને અડાજણ મામલતદારની ટીમ દ્વારા મેગા ડિમોલિશન હાથ ધરી સરકારી જમીનો પરના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. સુરત શહેરના અડાજણ વિસ્તારના પાલની સરકારી જમીન પરના ગેરકાયદે દબાણ દૂર કરવા માટે સુરત શહેર(ઉત્તર)ના પ્રાંત અધિકારી નેહાબેન સવાણીની ઉપસ્થિતિમાં અડાજણ મામલતદાર મનીષ પટેલની ટીમ દ્વારા ડિમોલીશન કવાયત હાથ ધરાઈ હતી, જેમાં પાલની બ્લોક નં. ૩૨૬ વાળી જમીનને લાગુ પડતી ટી.પી.સ્કીમ નં.૧૪ (પાલ), એફ.પી.નં. ૭૫, ક્ષે.૩૩૧૧ ચો.મી. જમીન પૈકી ક્ષે.૧૮૧૧ ચો.મી. વાળી ખુલ્લી જમીન યુએલસી કાયદા હેઠળ ફાજલ જાહેર થયેલી જમીન થયેલા દબાણો હટાવી અંદાજિત રૂ. ૪ કરોડની ૧૮૧૧ ચો.મી.ની સરકારી જમીન પર ગેરકાયદે દબાણો દૂર કરવામાં આવ્યા હતા. આસપાસ ચાલતા બાંધકામોના શ્રમિકો દ્વારા પતરાના શેડ સહિતની વસાહતના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર, બાંધકામ મુખ્યત્વે યુએલસી ફાજલ જમીન પર થયા છે, જેનું વિશેષ સર્વે કાર્ય અગાઉથી પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. નિશ્ચિત થયેલી જગ્યાઓમાં અડાજણના પાલ ગામની જગ્યા છે. આ અભિયાન સાથે સરકારી ગૌચરણ અને યુએલસી જમીન પર દબાણમાંથી મુક્ત કરીને આગામી દિવસોમાં સરકારી જમીનનો ઉપયોગ જાહેર હિત માટે શક્ય બનશે. અડાજણ ખાતેની સમગ્ર ડિમોલિશનમાં પોલીસ ટીમ, મનપા અધિકારીઓ તેમજ સ્ટાફગણ, મામલતદાર કચેરીના સ્ટાફ, સર્કલ ઓફિસર સહિત અડાજણના ઈ. પીઆઈ કે. એલ. ગાંધેય, પીએસઆઈ ડી.એલ.યાદવ, પીએસઆઈ બારૈયા, પોલીસ જવાનો ઉપસ્થિત રહ્યા હતા. કતારગામ વિસ્તારના સુમન પ્રતીક આવાસની બાજુમાં મુખ્ય રસ્તા પર આવેલી બ્લોક નં. ૪૦ પૈકી ૨ જેનું ૭/૧૨ મુજબના ૪૯૩ ચો.મી. તથા ટી.પી. ૩૫, એફ.પી. નં. ૪૦ મુજબ ક્ષેત્રફળ ૩૫૦ ચોમી. વાળી જગ્યા યુ.એલ.સી. હેઠળ ફાજલ જાહેર થઈ સરકાર હસ્તકની માલિકીની સરકારી જગ્યા પર દબાણ દૂર કરવાથી કાર્યવાહી પૂર્ણ કરાઈ હતી. આ કામગીરીમાં કતારગામ મામલતદાર ડી.વી.ગામીત, સર્કલ ઓફિસર વિક્રમ મકવાણાની ટીમ તથા સુરત મહાનગર પાલિકાની ટીમ તેમજ પોલીસ વિભાગની ટીમના સહકારથી જગ્યાને ખૂલ્લી કરવામાં આવી હતી. જંત્રી મુજબ આ જમીનની અંદાજિત કિંમત પોણા બે કરોડ જેટલી થાય છે. દબાણોમાં પતરાના શેડ બનાવી તેમાં કોમર્શિયલ કામગીરી જેવી કે, મોટર ગાડીઓનું ગેરેજ, કરિયાણા, ભંગારની દૂકાનો સહિતના દબાણો દૂર કરાયા હતા.

## ડાંગ જિલ્લામા પાણીની સમસ્યાના નિરાકરણ અંગે મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ સિંચાઈ વિભાગના અધિકારીઓ સાથે યોજી રીવ્યુ બેઠક



। (માહિતી) ડાંગ, તા.૨૭ ।

તાજેતરમા ડાંગ જિલ્લાની મુલાકાતે પધારેલા નર્મદા જળ સંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ, આહવા સર્કિટ હાઉસ ખાતે જિલ્લાની પાણીની સમસ્યા બાબતે સિંચાઈ અને પાણી પુરવઠા વિભાગના અધિકારીશ્રીઓ સાથે રીવ્યુ બેઠક યોજી જરૂરી દિશાનિર્દેશ આપ્યા હતા. આ બેઠકમા ડાંગ જિલ્લાની સ્થાનિક ગ્રામ પંચાયતોમા ચાલી રહેલ મીની પાઈપ લાઈન યોજના ઉપરાંત, ગ્રામજનોની પાણીની સમસ્યા અંગેની વ્યવસ્થા તેમજ અન્ય કામગીરી સંદર્ભે ગ્રામ્ય લેવલે, તાલુકા કક્ષાએ, અને જિલ્લા કક્ષાએ સંકલન સમિતિમા, પણ પાણીની સમસ્યા બાબતે સમીક્ષા હાથ ધરવા અંગે મંત્રીશ્રીએ ચર્ચા કરી હતી. મંત્રીશ્રીએ કુવાઓમા વિજ જોડાણ, વાસ્મો યોજનાની મંજુરી બાદ તેની પ્રગત અંગે સમિક્ષા, સાથે જ નવા ડેમો અને વિયરની કામગીરી, તેમજ જિલ્લામાં ચાલી રહેલ પાણી પુરવઠા જૂથ યોજનાઓનુ કાર્ય વર્ષ ૨૦૨૫ ના મે મહિના સુધી પુર્ણ કરવા, સાથે કાકરાપાર વિયર આધારિત તાપી -ડાંગ બલ્ક પાઈપ લાઈન યોજનાની કામગીરીમા ઈન્ટેક વેલ, રાઈઝિંગ મેઈન, ફિલ્ટર પ્લાન, અને સંપની કામગીરીની જાણકારી મેળવી હતી. આ બેઠકમા ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈન, ખેતીવાડી અને સિંચાઈ સમિતિના અધ્યક્ષ શ્રી હરીશભાઈ બચ્છાવ, આહવા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી સુરેશભાઈ ચૌધરી, સુબીર તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી રવીનાબેન ગાવિત, જિલ્લા કલેક્ટર શ્રી મહેશ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી રાજ સુથાર, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી એમ.કે. ખાંટ, પ્રાંત અધિકારી સુશ્રી કાજલ આંબલિયા, પાણી પુરવઠાના કાર્યપાલક ઈજનેર શ્રી હેમંતભાઈ ઢીમ્મર, જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગના નાયબ ઈજનેર શ્રી વિનીતભાઈ પટેલ સહિતના ચિંચાઈ વિભાગના અધિકારી/કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્ય સ્વાગતમાં નાગરિકોની રજૂઆતો સાંભળીને નિવારણ લાવ્યા



। (માહિતી) ગાંધીનગર, તા.૨૭ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્ય સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમમાં નાગરિકોની રજૂઆતો પ્રત્યક્ષ સાંભળીને તેનું સ્થળ પર નિવારણ લાવ્યા હતા. રાજ્ય સ્વાગતમાં વિવિધ વિભાગોની ૭૩ જેટલી રજૂઆતો આવી હતી તેમાંથી ૬૦ રજૂઆતો વિભાગોના વરિષ્ઠ અધિકારીઓએ સાંભળીને નિવારણની દિશામાં યોગ્ય કાર્યવાહી હાથ ધરી હતી. જે ૧૩ રજૂઆતો મુખ્યમંત્રીશ્રી સમક્ષ આવી હતી તેમાં પણ સંબંધિત વિભાગના વરિષ્ઠ સચિવો, ખાતાના વડાઓ, જિલ્લા અને તાલુકાના વહિવટી તંત્રના અધિકારીઓ સાથે વિડિયો કોન્ફરન્સ દ્વારા ચર્ચા પરામર્શ કરીને નિવારણ કરીને આ રજૂઆતોનું નિવારણ લાવવામાં આવ્યું હતુ.

દર મહિનાના ચોથા ગુરુવારે યોજવામાં આવતા સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત આ ગુરુવાર તા.૨૬ ડિસેમ્બરે મુખ્યમંત્રીશ્રી સમક્ષ જે રજૂઆતો આવી હતી તેમાં મહેસુલ, પંચાયત, પોલીસ, શહેરી વિકાસ, શિક્ષણ, સહકાર જેવા વિભાગોનો સમાવેશ થયો હતો. પ્રજાજનોની સમસ્યા કે રજૂઆતોને તાત્કાલિક ધ્યાને લઈ તેના નિવારણ માટે પ્રો-એક્ટિવ એપ્રોચ અપનાવવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સૂચન કર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ રાજકોટ-અમદાવાદ સિક્સ લેન યોજનાની સમીક્ષા પણ કરી હતી અને મહેસુલ, માર્ગમકાન તથા ગૃહ વિભાગને બાકીની કામગીરી ત્વરાએ પૂર્ણ કરવાના નિર્દેશ આપ્યાં હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે રાજ્ય સ્વાગતમાં મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રીઓ સર્વશ્રી પંકજ જોષી અને એમ.કે. દાસ, મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ, ઓ.એસ.ડી. શ્રી ડી. કે. પારેખ અને સંબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવશ્રીઓ જોડાયા હતા.

### પ્રાદેશિક સરસ મેળા થકી એકતાનગરના આંગણે એકતા અને કલાનો અજોડ સંગમ થવા જઈ રહ્યો છે, આ કુદરતી સૌંદર્યનો જ નહીં પરંતુ ગુજરાતના સાહસ અને સર્જનશીલતાનો ઉત્સવ છે : ભીખુસિંહજી પરમાર



। (માહિતી) નર્મદા, તા.૨૭ ।

નર્મદા જિલ્લાના પ્રભારી અને રાજ્ય સરકારના અન્ન અને નાગરિક પુરવઠા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી ભીખુસિંહજી પરમારના હસ્તે વિશ્વ પ્રવાસન સ્થળ સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાનિધ્યમાં ડેમ વ્યૂ પોઈન્ટ- એકતાનગર ખાતે ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની.લી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા આયોજિત પ્રાદેશિક સરસ મેળો-૨૦૨૪નો પ્રાભારંભ કરાવ્યો હતો. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભિમસિંહભાઈ તડવી અને નાંદોદના ધારાસભ્યશ્રી ડો. દર્શનાબેન દેશમુખ ઉપસ્થિત રહ્યા હતા. આ મેળો આગામી તારીખ પાંચમી જાન્યુઆરી-૨૦૨૫ સુધી ચાલશે. ગુજરાતભરના અલગ-અલગ જિલ્લાઓમાંથી ૫૫ સ્વસહાયજૂથોની ૧૦૦ જેટ-લી બહેનો દ્વારા સ્ટોલ અને હાથે બનાવેલી ચીજવસ્તુઓનું પ્રદર્શન કમ વેચાણ કરવામાં આવશે. મંત્રીશ્રી સહિત અન્ય મહાનુભાવોના હસ્તે સરસ મેળાને રિબીન કાપીને ખુલ્લો મૂકાયો હતો. પ્રભારી મંત્રીશ્રી ભિખૂસિંહજી પરમારે જણાવ્યું કે, ભારત સરકાર અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે ગ્રામ વિકાસ વિભાગ હેઠળની ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની. લી દ્વારા મહિલાઓના સશક્તિકરણ માટે રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ કાર્યરત મહિલા સ્વ-સહાય જૂથોને, સખી મંડળોને કૌશલ્ય તાલીમ દ્વારા આજીવિકાલક્ષી પ્રવૃતિઓ સાથે જોડાણ કરવામાં આવે છે. ઉત્પાદકીય પ્રવૃતિઓ સાથે સંકળાયેલા સ્વ-સહાય જૂથોને વેચાણ અર્થે સીધું બજાર મળી રહે અને તેઓને આત્મનિર્ભર બનાવવા મદદરૂપ થઈ શકાય તે હેતુથી આ પ્રાદેશિક સરસ મેળો યોજાયો છે.

## રાંદેર વિસ્તારના દોઢ વર્ષના બાળકે રમતા-રમતા ઝેરી દવા પી લીધી: ૧૦૮ ઈમરજન્સી ટીમની ત્વરિત સારવારથી બાળકનો જીવ બચ્યો



। (માહિતી) સુરત, તા.૨૭ ।

સુરત શહેરના રાંદેર વિસ્તારમાં શ્રમિક પરિવારના દોઢ વર્ષના બાળકે રમતા રમતા ભૂલમાં ઝેરી દવા પી લીધી હતી, પરંતુ ૧૦૮ ઈમરજન્સી ટીમની ત્વરિત સારવારથી બાળકનો જીવ બચ્યો હતો. હાલ નવી સિવિલમાં દાખલ આ બાળકની તબિયત સ્થિર છે. ગત રોજ રાંદેર લોકેશનની એમ્બ્યુલન્સને એક બાળકે ઝેરી દવા પીધી હોવાનો કોલ મળ્યો હતો. જેથી ૧૦૮ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ફરજ પરના ઈર્ શબ્બીર બેલીમે બાળકને તપાસતા બાળક બેભાન હોવાનું માલૂમ પડ્યું હતું, તેને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હતી. તેમજ પલ્સ અને ઓક્સિજન ખૂબ જ ઓછા હતા. જેથી બાળકને તાત્કાલિક એમ્બ્યુલન્સમાં લઈ અમદાવાદ નરોડા સ્થિત ૧૦૮ સેન્ટરના ઈ.આર. સી.પી ડોક્ટરના માર્ગદર્શન મુજબ ઓક્સિજન તેમજ જરૂરી ઈન્જેક્શન આપી સારવાર શરૂ કરી દીધી હતી. બાળકના પિતા મૂળ રાજસ્થાન ના બાંસવાડાના વતની છે અને સુરતમાં કડિયા કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. થોડા જ દિવસોમાં ઉત્તરાયણ પર્વ આવી રહ્યું છે, જેથી બાળકના પિતા પતંગના દોરીમાંજાનું કામ શરૂ કરવાના હોવાથી દોરીમાં નાંખવામાં આવતા કલર અને કેમિકલની બોટલો ઘરે લાવ્યા હતા. એવામાં ઘરે રમી રહેલા નાનકડા બાળકે કેમિકલ પી લીધું હતું. જેથી માતાપિતા તાત્કાલિક ઓટો રિક્ષા દ્વારા બાળકને રાંદેર હેલ્થ સેન્ટરમાં લઈ ગયા હતા, જ્યાં બાળકની સ્થિતિની ગંભીરતા જોતા આરોગ્ય સ્ટાફે નવી સિવિલમાં રિફર કર્યા હતા. જેથી પરિવારે ૧૦૮માં કોલ કર્યો હતો, ત્યારે ૧૦૮ સ્ટાફની તત્કાલ સારવારથી બાળકનો જીવ બચાવવામાં સફળતા મળી હતી એમ સુરત ૧૦૮ના જિલ્લા પોગ્રામ મેનેજર અભિષેક ઠાકર અને ટેરીટરી ઈન્ચાર્જ અજય કદમ દ્વારા જણાવાયુ હતું. EMT શબ્બીરભાઈએ જણાવ્યું કે, બાળકના માતા-પિતા ખૂબ જ ચિંતિત હતા. રડીરડીને તેમની હાલત દયનીય થઈ હતી, પણ ૧૦૮ એમબ્યુલન્સમાં મળેલી સારવારથી સિવિલ પહોંચતાં સુધીમાં બાળકની તબિયતમાં સુધારો જોવા મળ્યો હતો, અને સિવિલ પહોંચતાં બાળકે આંખ પણ ખોલી હતી, જેથી પરિવારને ધરપત આપી હતી અને માતા પિતાની ચિંતા ઓછી થઈ હતી અને ૧૦૮ સ્ટાફ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## નિપુણ ભારત અંતર્ગત બી આર સી ભવન, ઝાલોદ ખાતે તાલુકા કક્ષા નું બાળવાર્તા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૬ ।

ઝાલોદ તાલુકા કક્ષા નું આયોજન બી આર સી ભવન ઝાલોદ ખાતે ૧ થી ૮ ધોરણના વિદ્યાર્થીઓ માટે વિવિધ ત્રણ વિભાગમાં વાર્તા સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રથમ વિભાગ ફાઉન્ડેશનલ સ્ટેજ હતો તેમાં તેમાં પેહલો નંબર બોનીબેન કન્યા શાળામાં ભણતી વિદ્યાર્થીની ડાહયા ઈનાયા સોહિલભાઈ, બીજો વિભાગ પ્રીપેરેટરી સ્ટેજ હતો જેમાં પ્રથમ નંબર સંગાડા મીનાક્ષી બાલુભાઈ સંગાડા ફ. વર્ગ.પ્રા શાળા મલવાસી તેમજ ત્રીજા વિભાગ મિડલ સ્ટેજ મા વાર્તા નિર્માણમાં રળિયાતી ભૂરા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીની ભાભોર સ્નેહાબેન દિનેશભાઈ આવતા ત્રણેય વિદ્યાર્થીઓને બી આર સી શ્રી કલ્પેશકુમાર ડી મુનિયા સાહેબ ના હસ્તે પ્રમાણ પત્ર તેમજ રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા જેમા તાલુકા કુમાર ના તમામ ભાગ લેનાર બાળકો અને શિક્ષકો તેમજ નિર્ણાયકો હાજર રહ્યા હતા. તેમજ આ બાળકો જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે હવે પછી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,દાહોદ (ડાયટ) ખાતે ભાગ લેશે તે તમામ બાળકો ને બી આર સી ભવન ઝાલોદ તેમજ તાલુકા શિક્ષણ સમિતિ ઝાલોદ વતી શુભેચ્છાઓ આપવામાં આવી હતી.

## હજીરાની એલ. એન્ડ ટી. કંપનીના સી.એસ.આર.ફંડમાંથી નવી સિવિલ હોસ્પિટલને અંદાજે રૂા.૫.૫૦ લાખની એક ઇલેક્ટ્રિક ગોલ્ફ કાર્ટની ભેટ

। (માહિતી) સુરત, તા.૨૭ ।

એલ.એન્ડ ટી. હજીરા કંપનીના સી.એસ. આર.ફંડમાંથી નવી સિવિલ હોસ્પિટલને અંદાજે રૂા.૫.૫૦ લાખના ખર્ચની એક ઈલેક્ટ્રિક ગોલ્ફ કાર્ટની ભેટ આપવામાં આવી છે. આ કાર્ટ દર્દીઓને એક સ્થળેથી બીજા સ્થળે લઈ જવામાં ખૂબ ઉપયોગી નીવડશે. નવી સિવિલનું હયાત બિલ્ડીંગ ૫૫ વર્ષ જૂનું હોય તેને ડિમોલીશ કરી નવું બિલ્ડીંગ નિર્માણ પામશે. હાલમાં સિવિલની જૂની બિલ્ડીંગમાંથી કિડની તેમજ સ્ટેમસેલ બિલ્ડીંગમાં દર્દીઓનું શિફટીંગનું કાર્ય ચાલી રહ્યું છે. ગાયનેકોલોજી, પિડીયાટ્રીક, પ્લાસ્ટીક સર્જરી તથા આંખ વિભાગને સ્ટેમસેલ બિલ્ડીંગમાં જ્યારે ઓર્થોપેડિક, જનરલ સર્જરી, જનરલ મેડિસીન, પલ્મોનરી મેડીસીન, ન્યુરોસર્જરી વિભાગોને કિડની બિલ્ડીંગમાં શિફટ કરવામાં આવી રહ્યા છે, સ્ટેમ સેલ અને કિડની બિલ્ડીંગ વચ્ચે ઘણું અંતર હોય દર્દીઓ તથા સ્ટાફની અવરજવરમાં ગોલ્ફ કાર્ટ મદદરૂપ બનશે. આ પ્રસંગે સિવિલના સુપ્રિન્ટેન્ડન્ટ ડો.ધારિત્રી પરમાર, મેડિકલ કોલેજના ડીન જયેશ બ્રહ્મભટ્ટ, આર. એમ. ઓ. ડો.કેતન નાયક, એલ.એન્ડ ટી.કંપનીના એડવાઈઝર ડાયરેકટરશ્રી સંજય દેસાઈ, એલ. એન્ડ ટી.ના સી.એસ.આર.હેડ માનસી દેસાઈ, ડો.તેજશ વશી, પંકજ ચાવલા, જનક ઉપાધ્યાય તથા નર્સિંગ કાઉન્સીલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલા તથા અન્ય સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે નાની-નાની બાબતોને તમારા મગજ પર અસર કરવા ન દેતા. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. મિત્રો અને અપિચિતોથી એકસરખા ચેતતા રહેજો. એકાએક થયેલો રૉમેન્ટિક મેળાપ તમારા મિજાજને ખીલવશે. તમારી આસાપાસ શું થાય છે તેની તકેદારી રાખો- આજે તમે કરેલા કામનું શ્રેય કોઈ બીજું લેવાનો પ્રયાસ કરશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગી સાબિત થશે. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. તમારૂં બેદરકારીભર્યું તમારા માતા-પિતાને ચિંતિત કરશે. કોઈ નવો પ્રૉજેક્ટ શરૂ કરતા પહેલા તેમને વિશ્વાસમાં લેજો. કોઈ ત્રીજી વ્યક્તિની દખલ તમારા અને તમારા પ્રિયપાત્ર વચ્ચે ઘર્ષણ પેદા કરશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારું ઝડપી પગલું તમને પ્રેરિત કરશે. સફળતા મેળવવા માટે-સમય સાથે તમારા વિચારો બદલો. આ બાબત તમારા દૃષ્ટિકોણને વ્યાપક બનાવશે- તમારા વ્યક્તિત્વને સુધારશે તથા તમારા મગજને સમૃદ્ધ બનાવશે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? તમારા શોખ પોષવા તથા તમારા પરિવારના સભ્યોને મદદ કરવા માટે પણ તમે તમારો થોડો સમય ખર્ચી શકો છો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે.તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. બાળકો કદાચ નિરાશા જન્માવશે કારણકે તેઓ તમારી અપેક્ષા પર પાર નહીં ઉતરે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારે ફાજલ સમય તમારા શોખ પોષવા માટે અથવા જે પ્રવૃત્તિઓ કરવી તમને સૌથી વધુ ગમે છે તે કરવામાં ફાળવવો જોઈએ. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. તમારી હાલત તથા તમારી જરૂરિયાત સમજતા હોય તેવા નિકટના મિત્રો સાથે બહાર જાવ.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે કામનું દોડધામભર્યું સમયપત્રક તમને ગુસ્સાવાળા સ્વભાવના કરી શકે છે. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. દૂરના કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર આખા પરિવાર માટે ખુશીની ક્ષણો લાવશે. સમય, કામ, નાણાં, મિત્રો, પરિવાર, સંબંધીઓ, બધું જ આજે એક તરફ હશે અને તમારા પ્રિયપાત્ર બીજી તરફ હશે, બધું જ એકમેકમાં સમાયેલું જણાશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. બહુ અગાઉથી ઘડેલી મુસાફરીની યોજના પરિવારમાં કોઈકની માંદગીને કારણે મુલત્વી રહેવાની શક્યતા.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે વધુ પડતો ઉત્સાહ તથા ધમાકેદાર જુસ્સો તમારા ચેતાતંત્રને અસર કરી શકે છે, આ બાબત ટાળવા માટે તમારી લાગણીઓ પર અંકુશ મુકો. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. મિત્રો મદદરૂપ અને ખાસ્સા ઉપયોગી સાબિત થશે. તમારા સાથીદારની ગેરહાજરીમાં તેની હાજરી વર્તાવાની શક્યતા છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? જો તમે કોઈ ની જોડે પાછું માંગી રહ્યા હતા અને તે દર સમયે તમારી વાત ને ટાળતો હતો તે આજ ના દિવસે કીધા વગર તમારા પૈસા પાછા આપી શકે છે. પરિવારનું તમામ દેણું તમે ચૂકવી શકશો. રૉમાન્સ માટે ઉત્સાહજનક દિવસ-સાંજ માટે કોઈક ખાસ યોજના બનાવો અને તેને શક્ય એટલી રૉમેન્ટિક બનાવો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. અન્યોમાંથી કારણ વિના ભૂલો શોધવાના તમારા વલણની સંબંધીઓ ટીકા કરે એવી શક્યતા છે. તમારે એ સમજવું જોઈએ કે આ માત્ર સમયનો વેડફાટ છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. તમારા વ્યક્તિગત મોરચે મહત્વની ઘટના બનશે.

## મુંબઈ હુમલાનો દોષિત અને LeTના ડેપ્યુટી ચીફનું હાર્ટએટેકથી મોત

| (એજન્સી) લાહોર, તા.૨૭ |

૨૬/૧૧ મુંબઈ હુમલાનો ગુનેગાર અને પાકિસ્તાની આતંકી હાફિઝ અબ્દુલ રહેમાન મક્કી હાર્ટ એટેકમાં માર્યો ગયો છે. તે આતંકી સંગઠન જમાત-ઉદ-દાવાનો ડેપ્યુટી ચીફ હતો. તેને ભારત શોધી રહ્યું હતું. તે પાકિસ્તાનમાં રહેતો હતો. મળતી માહિતી મુજબ, મક્કી મુંબઈ આતંકી હુમલાના માસ્ટરમાઈન્ડ હાફિઝ સઈદનો સંબંધી અને પ્રતિબંધિત જમાત-ઉદ-દાવાના ડેપ્યુટી ચીફ હતો. જમાત-ઉદ-દાવા (JuD) અનુસાર, પ્રોફેસર અબ્દુલ રહેમાન મક્કી છેલ્લા કેટલાક દિવસોથી બીમાર હતો અને લાહોરની ખાનગી હોસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી હતી. અબ્દુલ રહેમાન મક્કીનો જન્મ પાકિસ્તાનના પંજાબ પ્રાંતના બહાવલપુરમાં થયો હતો. મક્કી લાંબા સમયથી હાફિઝ સઈદની ખૂબ નજીક હતો તે લશ્કર અને જમાત-ઉદ-દાવા (JuD)માં પણ ઘણા મહત્ત્વપૂર્ણ પદો પર રહી ચૂક્યો છે. મક્કીએ રાજકીય વડા અને લશ્કર માટે ભંડોળ એકત્ર કરવા જેવા કાર્યો પણ સંભાળ્યા. તે લશ્કરની ગવર્નિંગ બોડી શૂરાનો મેમ્બર પણ હતો. મક્કીને ૨૦૦૦માં લાલ કિલ્લા અને ૨૦૦૮માં મુંબઈની તાજ હોટલ પર થયેલા આતંકવાદી હુમલા માટે ભારતીય એજન્સીઓ દ્વારા આરોપી ગણવામાં આવ્યો હતો. US નાણા વિભાગે તેને ૨૦૧૦માં વૈશ્વિક આતંકવાદીઓની યાદીમાં સામેલ કર્યો હતો. JuDના એક અધિકારીએ જણાવ્યું કે, મક્કીને આજે શુક્રવારે સવારે હાર્ટ એટેક આવ્યો અને તેણે હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા. JuD ચીફ હાફિઝ સઈદના સંબંધી મક્કીને ૨૦૨૦માં આતંકવાદ વિરોધી અદાલતે આતંકવાદને નાણાં પૂરા પાડવાના કેસમાં છ મહિનાની જેલની સજા ફટકારી હતી. મક્કી જેયુડીનો ડેપ્યુટી ચીફ હતો.

### રાષ્ટ્રીય ગ્રાહક વિવાદ નિવારણ પંચના ચુકાદાને રદ કર્યો

# બેન્કો ક્રેડિટ કાર્ડનાં બાકી લ્હેણાં પર 30%થી વધુ વ્યાજ વસૂલી શકે : SC

### વ્યાજદર પર મર્યાદા લાદવાનો આરબીઆઇને આદેશ આપવાનો કોઈ પણ પ્રકારનો સવાલ ઊભો થતો નથી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ |

સુપ્રીમ કોર્ટે ૧૬ વર્ષ જૂના રાષ્ટ્રીય ગ્રાહક વિવાદ નિવારણ કમિશન (NCDRC)ના ચુકાદાને રદ કરતાં બેન્કો તેના ગ્રાહકો પાસેથી ક્રેડિટ કાર્ડના બાકી લેણા પર ૩૦ ટકાથી વધુ વ્યાજ વસૂલ કરી શકશે. NCDRCએ અતિશય ઊંચા વ્યાજ દરો વસૂલવાની બેન્કોની પ્રથાને ગેરવાજબી ઠેરવી હતી. ન્યાયમૂર્તિ બેલા એમ ત્રિવેદી અને સતીશ ચંદ્ર શર્માની ખંડપીઠે જણાવ્યું હતું કે વાર્ષિક ૩૦ ટકાથી વધુ વ્યાજદર એક અયોગ્ય વેપાર પ્રથા છે, તેવું NCDRCનું અવલોકન ગેરકાયદે




છે.આ અવલોકન ભારતીય રિઝર્વ બેંકની સત્તામાં પણ દખલગીરી સમાન છે. NCDRCનો ચુકાદો બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ ૧૯૪૯ના કાયદાકીય ઉદ્દેશ્યની વિરુદ્ધમાં છે. NCDRC પાસે બેંકો અને ક્રેડિટ કાર્ડધારકો વચ્ચેના કરારની શરતોને ફરીથી લખવાનો કોઈ અધિકાર નથી. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે બેંકોએ ક્રેડિટ કાર્ડધારકોને છેતરવા માટે કોઈપણ રીતે ખોટી રજૂઆત કરી ન હતી. અમે રિઝર્વ બેન્કની એવી રજૂઆત સાથે સંમત છીએ કે હાલના કેસમાં કોઈ બેન્ક સામે કાર્યવાહી કરવાનો આરબીઆઈને આદેશ આપવાનો સવાલ ઊભો થતો નથી. વ્યાજદર પર મર્યાદા લાદવાનો પણ આરબીઆઈને આદેશ આપવાનો સવાલ ઊભો થતો નથી. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે ક્રેડિટ કાર્ડ સુવિધાનો લાભ લેતી વખતે ગ્રાહકોને વ્યાજના દર સહિત સૌથી મહત્વપૂર્ણ નિયમો અને શરતોથી વાકેફ કરાયાં હતાં.

### સરકારે ઈસ્લામિક સંગઠનને નોટિસ મોકલ્યાના કલાકો બાદ જ ફતવો પાછો ખેંચ્યો

# રશિયામાં મૌલાનાઓએ ૪ લગ્નની મંજૂરીનો ફતવો પાછો ખેંચ્યો

### ઇલ્દરે કહ્યું હતું કે ફતવામાં માત્ર ઇસ્લામિક સિદ્ધાંતને સ્પષ્ટ કરવામાં આવ્યા હતા, તેને કાનૂની અધિકાર બનાવવાનો કોઈ પ્રયાસ નથી

| (એજન્સી) મોસ્કો, તા.૨૭ |

રશિયામાં ટોચની ઈસ્લામિક સંસ્થા (DUM) એ મુસ્લિમ પુરુષોને ચાર પત્નીઓ રાખવાની મંજૂરી આપતો વિવાદાસ્પદ ફતવો પાછો ખેંચી લીધો છે. સ્થાનિક મીડિયા અનુસાર, ૧૭ ડિસેમ્બરના રોજ, ઈસ્લામિક સંસ્થા DUM એ એક ફતવો બહાર પાડ્યો હતો જેમાં એકથી વધુ મહિલાઓ સાથે લગ્ન કરવાની પરવાનગીની માંગના કિસ્સામાં જેમની પત્નીની તબિયત ખરાબ હોય અથવા વૃદ્ધ હોય તો પુનઃલગ્નની મંજૂરી આપવામાં આવી હતી. ફતવામાં કહેવામાં આવ્યું હતું કે એક પુરુષ ચાર પત્નીઓ રાખી શકે છે, જો કે તે બધી પત્નીઓને સમાન સુખ સુવિધા આપવાની સાથે જ સમાન વર્તાવ પણ કરે. જો કે દેશભરમાં તેની ટીકા થઈ રહી હતી. ફતવો જારી થયાના છ દિવસ બાદ સોમવારે સરકારે ઈસ્લામિક સંગઠનને નોટિસ મોકલી હતી. તેના થોડા કલાકો પછી જ DUM એ ફતવો પાછો



ખેંચવાની જાહેરાત કરી હતી. ડીયુએમના પ્રમુખ શમિલ અલયાઉતદીનોવે ફતવો પાછો ખેંચવા અંગે કહ્યું હતું કે આ જ અલ્લાહની ઈચ્છા છે. આ મુદ્દે ચર્ચા કરવાનો કોઈ અર્થ નથી.માનવાધિકાર પરિષદના સભ્ય કિરીલ કબાનોવે ઈસ્લામિક ધર્મગુરુઓ પર દેશમાં શરિયા કાયદો લાદવાનો પ્રયાસ કરવાનો અને રશિયન બંધારણનો અનાદર કરવાનો આરોપ મૂક્યો હતો. સંસદીય પારિવારિક બાબતોના વડા નીના ઓસ્ટાનિનાએ કહ્યું કે આ ફતવો રશિયન ધર્મનિરપેક્ષતાને નબળી પાડે છે.

### TDS પ્રણાલિ 'મનસ્વી અને તર્કહીન' હોવાનો અરજીમાં ઉલ્લેખ

# TDS પદ્ધતિ રદ કરવા સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ |

સુપ્રીમ કોર્ટમાં ગુરુવારે એક જાહેર હિતની અરજી કરવામાં આવી છે. આ જાહેર હિતની અરજીમાં ટીડીએસ પ્રણાલીને 'મનસ્વી અને તર્કહીન' ગણાવીને તેને સમાપ્ત કરવાની માંગ કરાઈ, તથા સમાનતા સહિત વિવિધ મૂળભૂત અધિકારોનો ભંગ ગણાવ્યો છે. આ સાથે ટીડીએસ પ્રણાલીને શૂન્ય અને નિષ્ક્રિય જાહેર કરવાની માંગ પણ કરાઈ છે. જાહેર હિતની અરજીમાં ઈન્કમ ટેક્સ એક્ટ અંતર્ગત આવકના સ્રોત પર ટેક્સ કપાત કે ટીડીએસ માળખાને પડકારવામાં આવ્યું છે, જે અંતર્ગત કરદાતા દ્વારા ચૂકવણા સમયે ટેક્સની કપાત




અને આવક વિભાગમાં જમા કરવાની ફરજિયાત બનાવવામાં આવી છે. વરિષ્ઠ વકીલ અશ્વિની ઉપાધ્યાય દ્વારા એડવોકેટ અશ્વિની દુબે દ્વારા દાખલ અરજીમાં કેન્દ્ર, કાયદા અને ન્યાય મંત્રાલય, લો કમિશન તથા નીતિ આયોગને પક્ષ બનાવ્યા છે. આ અરજીમાં નીતિ આયોગને અરજીમાં ઉઠાવેલા મુદ્દાઓ પર વિચાર કરવા અને ટીડીએસ પ્રણાલીમાં જરુરી ફેરફારો પર સૂઝાવ આપવા સૂચના આપવાની માંગ કરાઈ છે.

### ટૂંક સમયમાં આવશે નવી પોલિસી

# અનિચ્છનીય માર્કેટિંગ કોલથી મળશે રાહત

| (એજન્સી) મુંબઈ, તા.૨૭ |

દેશના કરોડો મોબાઈલ યુઝર્સને ટૂંક સમયમાં જ અનિચ્છનીય માર્કેટિંગ કોલથી રાહત મળવા જઈ રહી છે. આ માટે સરકારે તૈયારીઓ કરી લીધી છે. ગ્રાહક મંત્રાલય આવતા મહિને આ માટે માર્ગદર્શિકા જારી કરી શકે છે. અનિચ્છનીય માર્કેટિંગ કૉલ્સને રોકવા માટે માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી રહી છે. ગ્રાહક મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ આ વાતની પુષ્ટિ કરી છે. તાજેતરમાં ટ્રાઈએ ફેક કોલ રોકવા માટે અનેક માર્ગદર્શિકા પણ જારી કરી છે.ગ્રાહક બાબતોના સચિવ નિધિ ખરેએ કહ્યું છે કે વિભાગ આ અંગે હિતધારકો સાથે પરામર્શ માર્ગદર્શિકાનો ડ્રાફ્ટ તૈયાર કરી રહ્યું છે. ડ્રાફ્ટ તૈયાર થયા બાદ તેને ટેલિકોમ રેગ્યુલેટર સાથે શેર કરવામાં આવશે. રાષ્ટ્રીય ઉપભોક્તા દિવસના અવસરે નિધિ ખરેએ કહ્યું કે અમે અનિચ્છનીય માર્કેટિંગ કોલને રોકવા માટે માર્ગદર્શિકાનો મુસદ્દો તૈયાર કર્યો છે. તેને આવતા મહિને TRAI સાથે શેર કરવામાં આવશે.વપરાશકર્તાઓ તરફથી મળેલી ફરિયાદોને ધ્યાનમાં રાખીને, ટેલિકોમ્યુનિકેશન વિભાગે અનિચ્છનીય માર્કેટિંગ કૉલ્સને રોકવા માટે કડક નિયમો લાગુ કરવાની જરૂર છે. ઉપભોક્તા મંત્રાલય દ્વારા તૈયાર




કરવામાં આવતી માર્ગદર્શિકા વ્યવસાયિક સંસ્થાઓની ભૂમિકાઓ અને જવાબદારીઓ નક્કી કરશે. ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવા માટે, TRAI અને ઉપભોક્તા મંત્રાલય આ માર્ગદર્શિકાને હાલના માળખામાં સંયુક્ત રીતે અમલમાં મૂકશે.TRAIએ આ વર્ષે ઓગસ્ટમાં ફેક કોલ અને મેસેજને રોકવા માટે નવી ગાઈડલાઈન જારી કરી હતી. ટ્રાઈની આ દિશાનિર્દેશો તબક્કાવાર લાગુ કરવામાં આવી છે.

## સંભલમાં જામા મસ્જિદની સામે બનાવાશે પોલીસ ચોકી

| (એજન્સી) સંભલ, તા.૨૭ |

ઉત્તરપ્રદેશના સંભલમાં ગત ૨૪ નવેમ્બરે શાહી જામા મસ્જિદમાં સર્વે દરમિયાન હિંસા ભડકી હતી. જેને લઈને તંત્રએ મોટો નિર્ણય લીધો છે. હવે શાહી જામા મસ્જિદની સામે ખાલી પડેલા મેદાનમાં નવી પોલીસ ચોકી બનાવવામાં આવશે. તેના માટે જગ્યા નક્કી કરવામાં આવી છે. એટલું જ નહીં એડિશનલ એસપી અને સીઓ શ્રીચંદ્રએ આ જગ્યાની માપણી કરી લીધી છે. સંભલના એડિશનલ એસપી શ્રીચંદ્રએ એક ખાનગી ન્યૂઝ ચેનલ સાથેની વાતચીત દરમિયાન જણાવ્યું કે, 'સુરક્ષાની દૃષ્ટિએ આ જગ્યા પર પોલીસ ચોકી બનવવાનો નિર્ણય લેવાયો છે. પોલીસ ચોકીનું નિર્માણ કાર્ય જલ્દીથી શરૂ કરી દેવાશે.' જ્યારે પોલીસ ફોર્સની સાથે એએસપી જામા મસ્જિદની બહાર પહોંચ્યા તો મસ્જિદ કમિટી અને આસપાસના લોકો પોતાની જમીનના કાગળ લઈને તેમની પાસે પહોંચ્યા.

## ગુજરાતથી હરિદ્વાર ફરવા ગયેલા પરિવાર સાથે કરુણ ઘટના બની

| (એજન્સી) હરિદ્વાર, તા.૨૭ |

ઉત્તરાખંડના હરિદ્વારમાં એક હૃદયદ્રાવક ઘટના બની હતી. ગુજરાતના એક પરિવારના બે સગીર બાળકોના ગંગા નદીમાં ડૂબી જવાથી મોત થયા છે. પોલીસે જણાવ્યું કે આ અકસ્માત ઉત્તર હરિદ્વારના સપ્તર્ષિ વિસ્તારમાં સંતમત ઘાટ પર સવારે ૧૦ વાગ્યે થયો હતો. અકસ્માત બાદ પરિવારજનોના આંસુ રોકાઈ રહ્યા નથી. ગુજરાતના તાપી જિલ્લાના બાજીપુરા ગામમાં રહેતા વિપુલ ભાઈ પવારનો પરિવાર ગંગામાં સ્નાન કરી રહ્યો હતો. દરમિયાન તેમની પુત્રી પ્રત્યુષા અને પુત્ર દર્શ અચાનક ગંગાના જોરદાર પ્રવાહમાં વહેવા લાગ્યા હતા. જોરદાર કરંટ અને ઉંડા પાણીના કારણે બંને બાળકો પરિવારના સભ્યોની નજર સામે જ ગંગાના પાણીમાં ગાયબ થઈ ગયા હતા. ગુજરાતના તાપી જિલ્લાના બાજીપુરા ગામમાં રહેતા વિપુલ ભાઈ પવારનો પરિવાર ગંગામાં સ્નાન કરી રહ્યો હતો. દરમિયાન, પવારની ૧૩ વર્ષની પુત્રી પ્રત્યુષા અને છ વર્ષનો પુત્ર દર્શ અચાનક ગંગાના જોરદાર પ્રવાહમાં વહેવા લાગ્યો. ઘાટ પર હાજર પરિવારના સભ્યો અને અન્ય ભક્તો બાળકોને બચાવવા માટે દોડી આવ્યા હતા. પરંતુ ગંગાના પાણીના જોરદાર કરંટ અને ઉંડા પાણીના કારણે બંને બાળકો પાણીમાં ગરકાવ થયા હતા. ઘટનાની માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને જઈ પોલીસ અને ડાઈવર્સની મદદથી બાળકોને શોધવાનું શરૂ કર્યું હતું. થોડા સમય બાદ બંનેને બેભાન અવસ્થામાં ઠોકર નંબર ૧૩ પાસે પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. પોલીસે જણાવ્યું કે બંનેને તાત્કાલિક હરિદ્વાર જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા જ્યાં ડોક્ટરોએ બંનેને મૃત જાહેર કર્યા.

## પતિએ તેની પત્ની વિરુદ્ધ એસપી ઓફિસમાં ફરિયાદ દાખલ કરી

| (એજન્સી) બરેલી, તા.૨૭ |

ઉત્તર પ્રદેશના બરેલીમાંથી એક અજીબોગરીબ ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. એક પતિએ તેની પત્ની વિરુદ્ધ એસપી ઓફિસમાં ફરિયાદ કરી છે. જી હા... પતિનો આરોપ છે કે પત્નીએ તેનું જીવન બરબાદ કરી નાંખ્યું છે. લગ્નના ૧૮ વર્ષમાં મારી પત્ની ૨૫ વખત ભાગી ગઈ છે અને પોલીસમાં જઈને ફરિયાદ કરી દે છે. એટલું જ નહીં મારી સામે દહેજ ઉત્પીડન અને ખર્ચનો કેસ પણ દાખલ કરવામાં આવ્યો છે. હું દિલ્હીમાં ટેક્સી ડ્રાઈવર છું અને દિલ્હીથી વારંવાર બરેલી કોર્ટમાં આવવું પડે છે. મારા બધા પૈસા કોર્ટમાં જ વપરાઈ જાય છે. આ ઘટનામાં પત્ની પીડિત પતિની ફરિયાદના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે. આ ઘટનાની વાત કરીએ તો આખો મામલો બરેલીના કિલા વિસ્તારનો છે. અહીં રહેતા અફસર અલી દિલ્હીમાં ટેક્સી ડ્રાઈવર છે અને તે દિલ્હીમાં રહીને જ ટેક્સી ચલાવે છે. અફસર અલી બરેલી એસએસપી ઓફિસ પહોંચ્યા અને તેમની પત્ની સામે ગંભીર આરોપ લગાવતા ફરિયાદ નોંધાવી છે. જે હાલ અહેવાલોમાં છવાઈ છે. તેમણે પોલીસને કહ્યું કે, સાહેબ મારી પત્નીએ મારું જીવન બરબાદ કરી દીધું છે. મારા લગ્નને ૧૮ વર્ષ થયાં છે. તેમણે ઉમેર્યું હતું કે, છેલ્લા ૧૮ વર્ષથી હું મારી પત્ની રૂબી ખાનને કારણે માનસિક અને શારીરિક તણાવનો સામનો કરી રહ્યો છું. મારી પત્ની ૧૮ વર્ષમાં ૨૫ વખત મારા ઘરેથી ભાગી ગઈ છે અને મારા વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં નકલી ફરિયાદ નોંધાવી છે. એટલું જ નહીં મારી સામે દહેજ અને ખર્ચનો કેસ પણ દાખલ કરવામાં આવ્યો છે. જેના માટે મારે દિલ્હીથી વારંવાર બરેલી કોર્ટમાં આવવું પડે છે અને હું જે પૈસા કમાઉ છું.

### શેખ હસીનાને સોંપવા અંગે ભારતે મોટો નિર્ણય કર્યો

# ભારત સરકારે શેખ હસીનાને પરત મોકલવા માટે ના પાડી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ |

શેખ હસીના હાલ ભારતમાં છે. ૫ ઑગસ્ટે તખ્તાપલટ બાદ તે વાયુસેનાના હેલિકોપ્ટર દ્વારા ગાઝિયાબાદના હિંડન એરબેઝ પર આવ્યા હતા અને ત્યારથી તે દિલ્હીમાં કોઈ જગ્યાએ છે. મોહમ્મદ યુનુસની આગેવાની હેઠળની બાંગ્લાદેશની વચગાળાની સરકારે શેખ હસીનાને સોંપવાની માંગ કરી છે.

ગયા અઠવાડિયે જ બાંગ્લાદેશ તરફથી એક રાજદ્વારી નોંધ આવી હતી જેમાં શેખ હસીનાને મોકલવાની માંગ કરવામાં આવી હતી, પરંતુ ભારત સરકારે તેનો જવાબ આપ્યો નથી. દરમિયાન સરકારી સૂત્રોનું કહેવું છે કે ભારત સરકાર શેખ હસીનાને પરત મોકલવાનું વિચારી રહી નથી. એટલું જ નહીં, બાંગ્લાદેશ સરકાર દ્વારા દબાણ લાવવાના પ્રયાસો પછી પણ આવો કોઈ નિર્ણય લેવામાં આવશે નહીં.

સૌપ્રથમ, બાંગ્લાદેશ સાથેની ભારતની પ્રત્યાર્પણ સંધિ કોઈપણ રાજકીય વ્યક્તિત્વને પરત કરવાની જોગવાઈ કરતી નથી. આ સિવાય ભારત ભૌગોલિક રાજકીય કારણોસર પણ આવું કરવા માંગતું નથી. ભારતને લાગે છે કે જો પરિસ્થિતિ બદલાશે તો શેખ હસીના સત્તામાં આવી શકે છે અને તે સ્થિતિમાં તે વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ હશે. તેમજ, બાંગ્લાદેશની વચગાળાની સરકાર પાસે પણ રાજદ્વારી નોંધ મોકલવા સિવાય ભારત પર દબાણ લાવવાનો કોઈ વિકલ્પ નથી. શેખ હસીના ભારતમાં સમય વિતાવી ચૂક્યા છે. તેમનો પુત્ર અને પુત્રી પણ ભારતમાં રહેતા હતા. આવી સ્થિતિમાં બાંગ્લાદેશ છોડ્યા પછી તેમના માટે સૌથી સરળ



રસ્તો ભારત આવવાનો હતો. શેખ હસીના માટે ભારતમાંથી બાંગ્લાદેશના રાજકારણને પ્રભાવિત કરવાનું પણ આસાન બની જશે. ભારત શેખ હસીનાના મહત્ત્વને સમજે છે, જેમણે પોતાના ૧૫ વર્ષના શાસન દરમિયાન બાંગ્લાદેશમાં કટ્ટરવાદી દળો પર લગામ લગાવી હતી. આ ઉપરાંત સરહદ સંબંધિત મુદ્દાઓ પણ શાંતિપૂર્ણ રીતે ઉકેલવામાં આવ્યા હતા. શેખ હસીનાના સમયમાં બંને દેશો વચ્ચેનો વેપાર પણ ઝડપથી વધ્યો. ભારત પ્રત્યાર્પણની અરજી પર વિચાર કરશે તેમ કહીને થોડા મહિનાઓ પણ કાઢી શકે છે. જો કે, ભારત એક એવો દેશ છે જેણે મહેમાનોના સ્વાગતની પરંપરા લાંબા સમયથી જાળવી રાખી છે. ભારતે દલાઈ લામાને પણ આવી જ રીતે ભારત આવવાની તક આપી હતી. અત્યારે પણ દલાઈ લામા હજારો તિબેટીયનોની સાથે ભારતમાં જ છે. જો કે, શેખ હસીના વિશે એવી આશા છે કે જો તેને થોડા વર્ષો લાગે તો પણ તે ફરી એકવાર બાંગ્લાદેશ પરત ફરી શકે છે.

## પંજાબમાં મુસાફરો ભરેલી બસ નહેરમાં ખાબકી, આઠના મોત

| (એજન્સી) ભટિંડા, તા.૨૭ |

પંજાબના ભટિંડામાં આજે (૨૭નવેમ્બર) ભીષણ અકસ્માત થયો છે. અહીં એક ખાનગી કંપનીની બસ નહેરમાં ખાબકી છે, જેમાં આઠ લોકોના મોત થયા હોવાના જ્યારે અનેક લોકોને ઈજા થઈ હોવાના અહેવાલ સામે આવ્યા છે. ઘટનાની જાણ થતાં જ પોલીસનો કાફલો અને એમ્બ્યુલન્સની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને ઈજાગ્રસ્તોને તુરંત હોસ્પિટલમાં ખસેડ્યા છે.

પોલીસે કહ્યું કે, મૃતદેહો બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવાયા છે. મળતા અહેવાલો મુજબ ખાનગી કંપનીની બસ ભટિંડાના કોટશમીર રોડ પરથી પસાર થઈ રહી હતી, ત્યારે ડ્રાઈવરે અચાનક બસ પરનો કાબુ ગુમાવતા બસ નહેરમાં ખાબકી હતી, જેમાં આઠ લોકોના દર્દનાક મોત અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. સ્થાનિક વહિવટી તંત્રની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને તમામ ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડ્યા છે. જ્યારે એનડીઆરએફની ટીમ પુરજોશમાં બચાવ કામગીરી શરૂ કરી દીધી છે. પોલીસે દુર્ઘટના સર્જાવાના કારણોની તપાસ કરી રહી છે.

### વડાપ્રધાન મોદીએ ઓસામુ સુઝુકીને આપી શ્રદ્ધાંજલી

# સુઝુકી મોટર કોર્પના પૂર્વ ચેરમેન ઓસામૂ સુઝુકીનું નિધન થયું

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ |

સુઝુકી મોટર કોર્પના પૂર્વ ચેરમેન ઓસામૂ સુઝુકીનું નિધન થયું છે. તેમણે ૯૪ વર્ષની ઉંમરે અંતિમ શ્વાસ લીધા છે. ઓસામૂ સુઝુકીએ ૪૦થી વધુ વર્ષ સુધી સુઝુકી મોટર કોર્પની આગેવાની કર્યા બાદ વર્ષ ૨૦૨૧માં નિવૃત્તિની જાહેરાત કરી હતી, તે સમયે તેઓ ૯૧ વર્ષના હતા. સુઝુકી મોટર કોર્પે શુક્રવાર ૨૭મી ડિસેમ્બરનારોજ ચેરમેન ઓસામૂ સુઝુકીનું નિધન થયું હોવાની માહિતી આપી છે. જોકે તેમનું નિધન ૨૫ ડિસેમ્બરના રોજ થયું હતું. આ માહિતી કંપનીના સત્તાવાર નિવેદન મુજબ મળી છે. ઓસામૂ સુઝુકીએ કંપનીને આગળ વધારવા માટે ઘણું યોગદાન આપ્યું છે. કંપની તેમની લીડરશિપ હેઠળ માર્કેટમાં વિસ્તરણ કર્યું. આ કંપની ખાસ કરીને મિની કાર્સ અને બાઈક માટે જાણિતી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓસામુ સુઝુકીને શ્રદ્ધાંજલી પાઠવી છે. વડાપ્રધાન તેમની સાથેની એક મુલાકાતની તસવીરો ટ્વિટ કરી છે અને લખ્યું છે કે, 'મેં તેમની સાથે અનેક વખત મુલાકાત કરી છે અને તે યાદોને યાદ કરું છું. હું તેમના વ્યવહારિક અને નમ્ર અભિગમની ઊંડી પ્રશંસા કરું છું. તેમણે અથાગ મહેનત કરીને ઉદાહરણ પુરુ પાડ્યું છે અને ગુણવત્તા પ્રત્યે અતૂટ પ્રતિબદ્ધતા દર્શાવી છે. મારી તેમના પરિવાર, સહ કર્મચારીઓ અને અસંખ્ય પ્રશંસકો પ્રત્યે હૃદયપૂર્વક સંવેદના. ઓસામૂ સુઝુકી સુઝુકી મોટર કોર્પોરેશનને વૈશ્વિક પાવરહાઉસમાં પરિવર્તિત કરનાર અને ભારતના ઓટોમોબાઈલ ઉદ્યોગમાં ક્રાંતિ લાવવામાં મુખ્ય ભૂમિકા ભજવનાર સ્વપ્રદ્રષ્ટા નેતા હતા. તેમના નેતૃત્વ હેઠળ મારુતિ ઉદ્યોગ લિમિટેડ સાથે સુઝુકીના સહયોગથી મારુતિ સુઝુકીની રચના થઈ. ઓસામૂ સુઝુકીની આગેવાની હેઠળ કંપની ભારતના ઓટોમોટિવ સેક્ટરમાં ખૂબ પ્રગતિ કરી શકી. તેમની જીવન યાત્રા એક સામાન્ય પરિવારમાંથી શરૂ થઈ હતી અને તેમનો જન્મ ૩૦ જાન્યુઆરી-૧૯૩૦ના રોજ જાપાનના ગેરો-ગિફુ પ્રિફેક્ચરમાં થયો હતો. તેમણે ટોક્યોમાં ચાઓ યુનિવર્સિટીમાં કાયદાની ડિગ્રી પ્રાપ્ત કરી હતી. ઓસામૂ સુઝુકીએ જીવનમાં ઘણો સંઘર્ષ કર્યો છે, જેમાં તેમણે જુનિયર હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે અને નાઈટ ગાર્ડ તરીકે પણ કામ કર્યું હતું. ૧૯૫૩માં સ્નાતક થયા બાદ તેમણે શરૂઆતમાં બેંકમાં કામ કર્યું હતું અને પછી લગ્ન કર્યા હતા.

# ઈઝરાયલની એરસ્ટ્રાઈકમાં માંડ માંડ બચ્યાં WHO પ્રમુખ

| (એજન્સી) યમન, તા.૨૭ |

ઈઝરાયલ દ્વારા યમનમાં કરાયેલી એરસ્ટ્રાઈકમાં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO) ના ડિરેક્ટર જનરલ ટેડ્રોસ એદનોમનો આબાદ બચાવ થયો હતો. આ હુમલામાં બે લોકો મૃત્યુ પામ્યા.

ડૉ. ટેડ્રોસ સંયુક્ત રાષ્ટ્ર અને ડબ્લ્યૂએચઓના સહયોગીઓ સાથે વિમાનમાં બેસવા જતા હતા અને એ જ સમયે ઈઝરાયલે હવાઈ હુમલા કરી દીધા. આ દરમિયાન ફ્લાઈટના ક્રૂ મેમ્બર્સનો એક સભ્ય ઈજાગ્રસ્ત થયો હતો.

WHO ના ચીફ એદનોમે એક પોસ્ટમાં જણાવ્યું કે યુએનના સ્ટાફને બંધક બનાવી લેવાયા બાદ તેમને મુક્ત કરાવવા વાતચીત માટે અમે યમન ગયા હતા. ત્યાં સ્વાસ્થ્ય અને માનવીય સ્થિતિનું આકલન કરવાનું અમારું મિશન ખતમ થઈ ગયું. જ્યારે અમે ફ્લાઈટમાં બેસવા માટે પહોંચ્યા એરપોર્ટ પર બોમ્બમારો કરી દેવાયો. જેમાં અમારા વિમાનના ક્રૂ મેમ્બર્સમાંથી એક તેની લપેટમાં આવી ગયો હતો.

આ મામલે યુએન સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગ્યુટેરેસે હુમલાની આકરી ટીકા કરી અને ઈઝરાયલને આંતરરાષ્ટ્રીય કાયદાનું સન્માન કરવા હાકલ કરી. આ સિવાય તેમણે ભારપૂર્વક કહ્યું કે નાગરિકો અને માનવતાવાદી વર્કરોને ક્યારેય નિશાન ન બનાવવામાં આવે.

**ન્યૂઝ બ્રિફ**

## રાધનપુરના નાનાપુરા ગામે ૨ જૂથ વચ્ચે અથડામણ, ૧૦ લોકો ઈજાગ્રસ્ત

। (એજન્સી) રાધનપુર, તા.૨૭ ।

રાજ્યમાં અવારનવાર જૂથ અથડામણની ઘટના બનતી હોય છે. ત્યારે ફરી એક વાર પાટણના રાધનપુરના નાનાપુરા ગામે જૂથ અથડામણની ઘટના બની છે. જૂથ અથડામણમાં ૧૦ થી વધુ લોકોમાં ઈજા પહોંચી છે. એક જ કોમના બે જૂથ વચ્ચે જૂથ અથડામણમાં ઈજાગ્રસ્ત થયેલા તમામ લોકોને તાત્કાલિક ધોરણે સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ થતા જ તાત્કાલિક પોલીસના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી મામલો શાંત પાડ્યો હતો. જે બાદ નાનપુરા ગામમાં પોલીસનો બંદોબસ્ત ગોઠવાયો હતો. જો કે હજી સુધી કઈ બાબતે ૨ જૂથ વચ્ચે અથડામણ થયુ હતુ તેનું કારણ અકબંધ છે.

## પત્ની અને બાળકના મોત બાદ આત્મહત્યાનો પ્રયાસ

। (એજન્સી) સુરત, તા.૨૭ ।

સુરતના સરથાણામાં વધુ એક સામૂહિક હત્યાનો બનાવ સામે આવતા ચકચાર મચી જવા પામી. શહેરના સરથાણા વિસ્તારમાં આવેલ સૂર્યા ટાવરમાં રહેતા યુવાનના પરિવારે સામૂહિક હત્યાનો પ્રયાસ કર્યો. જેમાં યુવાનની પત્ની અને બાળકનું મોત નિપજયું. જ્યારે ઘાયલ માતાપિતા સહિત યુવાનને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. પોલીસ ઘટના સ્થળ પર પંહોચી વધુ વિગત એકત્ર કરી રહી છે. ઘટનાની પ્રાપ્ત વિગત મુજબ શહેરના સરથાણામાં આવેલ સૂર્યા ટાવરમાં સ્મિત જિયાણી નામનો યુવાન પોતાના પરિવાર સાથે રહે છે. ગત રોજ સ્મિત નામના યુવાને અચાનક પોતાના પરિવાર પર ઘાતકી હુમલો કર્યો. યુવાને પહેલા પત્ની અને માસૂમ બાળક તેમજ પોતાના માતા-પિતાને પણ ચપ્પુ મારી ઘાયલ કર્યા.

## "પૈસા દો નોકરી લો" પોસ્ટરો સાથે ગુજ. યુનિ ખાતે વિરોધ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

શહેરની ગુજરાત યુનિવર્સિટી ખાતે NSUIના કાર્યકર્તાઓએ ગુજરાત યુનિવર્સિટીમાં જોબ ટ્રેનિમાં થતા ગડબડ ગોટાળા બાબતે આવેદન સાથે ઉગ્ર રજૂઆત કરવા માટે પહોંચ્યા હતા. NSUI નો આક્ષેપ હતો કે યુનિવર્સિટીમાં પોતાના લાગતા વળગતા મળતીયાઓને જ નોકરી આપવામાં આવે છે. ખરેખર લાયકાત ધરાવતા લોકો સાથે અન્યાય થઈ રહ્યો છે. મોટા પ્રકારનું ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. જેવા આવેદન સાથે યોગ્ય તપાસ કરી આવા લાગતા વળગતા લોકોને નોકરીમાંથી બરખાસ્ત કરી લાયકાત ધરાવનાર લોકોને નોકરી આપવામાં આવે અને ખાલી પડેલી જગ્યાઓમાં નવી ભરતી મૂકવામાં આવે તેવી માગણી કરવામાં આવી હતી. NSUI કાર્યકર્તા વિક્રમસિંહ ગોહિલે જણાવ્યું હતું કે ગુજરાત યુનિવર્સિટીનાં વિવિધ વિભાગોની અંદર ૩૦૦થી વધારે લોકો જોબ ટ્રેની તરીકે ફરજ બજાવે છે. છતા પણ કુલપતિ દ્વારા કોઈ યોગ્ય નિર્ણય લેવાતો નથી, છેલ્લા ૩ વર્ષનું જોઈએ તો જોબ ટ્રેનીની અંદર જે વર્ષોથી ચાલી આવતા લોકો છે એ જ લોકો છે.

### સાંસદ મનસુખ વસાવાની નારાજગી

# નર્મદામાં નવા પ્રમુખોની નિયુક્તિને લઈ રાજકારણ ગરમાયું

### ઝઘડિયાના નવનિયુક્ત પ્રમુખ મુદ્દે ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ પોતની નારાજગી વ્યક્ત કરી

। (એજન્સી) નર્મદા, તા.૨૭ ।

નર્મદામાં નવા પ્રમુખોની નિયુક્તિને લઈ રાજકારણ ગરમાયું છે. ઝઘડિયાના નવનિયુક્ત પ્રમુખ મુદ્દે ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ પોતની નારાજગી વ્યક્ત કરી. મનસુખ વસાવાએ પ્રમુખ મુદ્દે નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું કે મેં મારી રજુઆત પ્રદેશ સુધી પહોંચાડી દીધી છે. વસાવાએ કહ્યું કે પ્રમુખ તરીકે પટેલ, ક્ષત્રિય, વસાવા સમાજ વધુ દાવેદારી ધરાવે છે. જ્યારે નવા નિયુક્ત કરાયેલા સંદીપ પટેલ પોતે પટેલ નથી પરંતુ અન્ય જ્ઞાતિમાંથી આવે છે. ઝગડીયામાં પ્રમુખની નિમણૂકને લઈને ભાજપમાં જ મતમતારં છે. રાજ્યમાં આગામી સમયમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજવાની તૈયારીઓ થવા લાગી છે. ત્યારે ભાજપમાં ચાલતો આતંરકલહ ધીરે-ધીરે સપાટી પર આવવા લાગ્યો છે. વિવિધ જિલ્લાઓ, તાલુકાઓ અને શહેરોમાં પ્રમુખની નિમણૂક થવા લાગી છે. કયાંક પ્રમુખપદ ના મળવાને લઈને નારાજગી છતી થઈ છે તો કયાં નવનિયુક્ત પ્રમુખ બીજા દિવસે જ રાજીનામું ધરી દે છે. ઝગડીયામાં સંદીપ પટેલની નવા પ્રમુખ તરીકે નિમણૂક કરાતા સાંસદ મનસુખ વસાવા નારાજ થયા. મનસુખ વસાવાએ જિલ્લાના ૧૨ મંડળોના પ્રમુખની નિયુક્તિને આવકારી છે પરંતુ ઝઘડિયા તાલુકા પ્રમુખ તરીકે સંદીપ પટેલની નિયુક્તિનો સખત વિરોધ નોંધાવ્યો. સાંસદે પોતાના સોશિયલ મીડિયા પર પ્રમુખપદની નિયુક્તિને લઈને સખત વિરોધ કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે.સામાન્ય રીતે ઝગડીયા વિસ્તાર આદિવાસીનો વિસ્તાર માનવામાં આવે છે. સંદીપ પટેલ પોતે પટેલ નથી પરંતુ અન્ય જ્ઞાતિમાંથી આવે છે. સંદીપભાઈ હંમેશા ગામ પૂરતા જ સીમિત રહ્યા છે તેમણે જીલ્લા અને તાલુક સ્તરે સંગઠનનું કામ કર્યુ નથી.

ઉપરાંત તેમણે સંદીપ પટેલ પર એવો આક્ષેપ કર્યો કે તેમણે લોકસભા ચૂંટણીમાં પક્ષ વિરુદ્ધ કામ કર્યું છે. સંદીપભાઈનું પક્ષમાં કોઈ યોગદાન નથી. આથી જ્યારે આવા કાર્યકરની પ્રમુખ પદે નિમણૂક થાય ત્યારે તાલુકા અને જીલ્લા સંગઠનમાં વર્ષોથી સખત મહેનત કરતા લોકોની અવગણના થઈ હોવાનું અનુભવ થાય છે. વધુમાં મનસુખ વસાવાએ કહ્યું કે સેવસેતુ કે અન્ય કોઈ પણ સાંસદના કાર્યક્રમમાં સંદીપ પટેલ ઉપસ્થિત રહ્યા નથી. તેઓ માત્ર ધંધાકીય વ્યક્તિઓ સાથે જોડાયેલા છે અને આ ધંધાકીય હિત ધરાવનારાઓ પ્રદેશને ગેરમાર્ગે દોરતા પક્ષે સંદીપ પટેલને પ્રમુખ બનાવ્યા. વસાવાનું કહેવું છે કે ઝગડીયા તાલુકામાં રહેતી મોટાભાગની પ્રજા આદિવાસી છે. તેમજ આ ઉપરાંત ત્યાં પટેલ અને રાજપૂત એમ ત્રણ સમાજનું પ્રભુત્વ છે. આ ત્રણે સમાજના સભ્યો વર્ષોથી ભાજપને સમર્થન કરી રહ્યા છે.એટલે જ હું કહું છે કે પ્રમુખ પદ તરીકે

આ ત્રણ સમાજમાંથી એક સમાજના વ્યક્તિ વધુ દાવેદાર છે. નવા પ્રમુખ સંદીપ પટેલ પર એટ્રોસિટીનો ગુનો નોંધાયો છે. તો તેઓ આદિવાસીઓની સાથે કેવી રીતે ન્યાય કરશે. જો કે અંતે તેમણે એમ પણ જણાવ્યું કે તેઓ પ્રમુખપદની નિયુક્તિને લઈને નારાજ જરૂર છે પરંતુ હંમેશા પક્ષ સાથે જ રહેશે. પ્રદેશ ભાજપ ભલે ઝઘડિયાના પ્રમુખને બદલે કે ના બદલે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપનો જ ભગવો લેહરાશે.

### ૩૫ કરોડથી વધારે પ્રિ બુકિંગનાં નામે ખંખેર્યા


# PRIVILON સ્કેમનાં કૌભાંડી જયદીપ કોટકની ધરપકડ, હિરેન કારિયા હજુ ફરાર

### સેલેસ્ટેલ બાય ૧૪ સ્ટોરીઝ અને રીચમંડ બાય ૨૨ સ્ટોરીઝ નામની બે સ્કીમ બહાર પાડવામાં આવી હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

શહેરના સાઉથ બોપલમાં પ્રિવિલોન ગ્રુપ દ્વારા સેલેસ્ટેલ બાય ૧૪ સ્ટોરીઝ અને રીચમંડ બાય ૨૨ સ્ટોરીઝ નામની બે સ્કીમ બહાર પાડવામાં આવી હતી. જેમાં ૨૦૦ જેટલા ગ્રાહકો પાસેથી ૩૫ કરોડથી વધારે જેટલી રકમ પ્રી બુકિંગના નામે મેળવી જયદીપ કોટક અને હિરેન કારિયા ફરાર થઈ ચૂક્યા હતા. જે અંગે બોપલ પોલીસમાં કુલ ૧૮૩ થી વધુ ફરિયાદો આવી છે જેમાં કુલ બે એફઆઈઆર નોંધવામાં આવી છે. અને હાલ આ અંગે મુખ્ય આરોપી જયદીપ કોટકની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

અમદાવાદ ગ્રામ્ય એસપી ઓમ પ્રકાશ જાટે પત્રકાર પરિષદને સંબોધન કરતાં જણાવ્યું હતું કે પ્રિવિલોન ગ્રુપ દ્વારા કોઈપણ જાતના ગવર્મેન્ટ રૂલ્સ ફોલો કર્યા વગર ફ્રી પ્રપોઝ નામે આશરે



૩૫ કરોડથી વધારે જેટલી રકમ ચેક અને કેશથી મેળવી લેવામાં આવી હતી. જેમાં જમીન ખરીદી કર્યા વગર, રેરાની પરમિશન વગર સ્કીમ લોન્ચ કરવામાં આવી હતી. જે જમીન ઉપર બાંધકામ થવાનું હતું તે જમીનનાં મૂળ માલિક અશોક ડાહ્યા ભાઈ પટેલ અને ધરણીધર ડેવલોપર હોવાનું સામે આવ્યું છે. ક્યારે આ બંને જમીન માલિકોનો આ કેસમાં શું રોલ છે? તેની તપાસ કરવામાં આવી રહી છે. જૅંએ વધુમાં જણાવ્યું હતું કે હિરેન કારીયા વિરુદ્ધ અગાઉ જૂનાગઢમાં પોલીસ IPC ૩૮૬ મુજબ ગુનો પણ નોંધાયેલો છે. આરોપી જયદીપ કોટક ૨૦૧૩થી જમીન દલાલીનું કામ કરતો હતો અને હિરેન કારિયા પણ જુનાગઢ ખાતે જમીન દલાલી અને બિલ્ડર પ્રોજેક્ટનું કામ કરતો હતો. કેસની ગંભીરતાને જોઈને એસઆઈટીની રચના કરવામાં આવી છે. અને એસઆઈટીમાં બે ડીવાયએસપી અને એક પીઆઈને સામેલ કરવામાં આવ્યા છે. આ સમગ્ર કેસની તપાસ હવે આ એસઆઈટી કરશે. હાલ જયદીપ કોટકને ૧૪ દિવસની રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. અને હિરેન કારિયાની ધરપકડ કરવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. એસપીએ ખાસ જણાવ્યું હતું કે બંને આરોપીઓની મિલકતોની તપાસ કરવામાં આવશે. અને જો સ્કેમનાં રૂપિયાથી કોઈ પણ પ્રોપર્ટી અથવા રોકાણ કરવામાં આવ્યું હશે તો સીલ કરવામા આવશે.

## અચાનક "કાંકરિયા કાર્નિવલ ૨૦૨૪" સંપૂર્ણપણે રદ કરાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

ભારતના પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહના દુઃખદ અવસાન નિમિત્તે "કાંકરિયા કાર્નિવલ ૨૦૨૪" સંપૂર્ણપણ રદ કરવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે, અમદાવાદમાં ૨૫ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ સુધી કાંકરિયા કાર્નિવલની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, લોક ડાયરો, સ્ટેન્ડ અપ કોમેડી શો, બેન્ડ પર્ફોર્મન્સ, ડીજે કિયારા, લેસર-ડ્રોન શો, આતશબાજી સહિત અનેક કાર્યક્રમો યોજવાના હતા, પરંતુ પૂર્વ પીએમ મનમોહનસિંહના નિધનના કારણે હવે તે રદ કરવામાં આવ્યો છે તો બીજી તરફ અમદાવાદમાં યોજાનાર ફલાવર શોની તારીખમાં પણ ફેરફાર કરવામાં આવી શકે છે. ૧ જાન્યુઆરીથી ફલાવર શોની શરૂઆત થનાર હતી. જો કે, કાંકરિયા પરિસરમાં સવારે વોક માટે આવતા મુલાકાતીઓ પ્રવેશ મેળવી શકશે. રંગારંગ કાર્યક્રમો સંપૂર્ણપણે રદ કરાયા છે.

દેશના પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહનું નિધન થયું છે. તેમના નિધન બાદ દેશભરમાં શોકની લહેર છે. મનમોહન સિંહ ૯૨ વર્ષના હતા. તેમને ૮:૦૬ વાગ્યે દિલ્હી એઈમ્સમાં લાવવામાં આવ્યા હતા. તબીબોના પ્રયાસો છતાં તેને બચાવી શકાયો ન હતો અને ૯:૫૧ વાગ્યે તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. દેશના પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહનું ગઈકાલે નિધન થયું. તેમના નિધન પર સમગ્ર દેશમાં ૭ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો છે અને કેટલાક રાજ્યોમાં રાજ્ય શોક જાહેર કરવામાં આવ્યો છે.

અમદાવાદમાં કાંકરિયા કાર્નિવલનો ૨૫ ડિસેમ્બરથી પ્રારંભ થયો હતો. ૩૧ ડિસેમ્બર સુધી ચાલનારા કાંકરિયા કાર્નિવલને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

### આણંદમાં બેંકના લોકર પણ સુરક્ષિત નથી

# બેંક ઓફ બરોડાનું તૂટયું લોકર, ૬૦ તોલા સોનું અને રોકડ ગુમ

। (એજન્સી) આણંદ, તા.૨૭ ।

આણંદમાં બેંકના લોકર પણ સુરક્ષિત નથી. બેંક ઓફ બરોડાના લોકરમાં મુકેલા દાગીના અને રોકડની ચોરી થયાનો કિસ્સો સામે આવતા ઉહાપોહ મચ્યો છે. સમગ્ર મામલામાં હાલ આણંદ LCB પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો. બેંકનો લોકરમાં ૩ મહિના પહેલા ચોરી થઈ હતી. અને પોલીસે છેક અત્યારે ગુનો નોંધ્યો. આ તે કેવું નઘરોળ તંત્ર!

લોકો મોટાભાગે બેંકના લોકરને વધુ સુરક્ષિત માને છે. અને સોના અને ચાંદી જેવી કિમંતી વસ્તુઓ લોકરમાં મૂકે છે. પરંતુ તાજેતરમાં આણંદમાં બનેલ બનાવે લોકોની ચિંતા વધારી છે. શહેરમાં બેંક ઓફ બરોડાની ચિખોદરા શાખાના લોકરમાંથી ચોરી થઈ. વઘાસીના વિપુલ કેસરિયાનું ચિખોદરની બેંક ઓફ બરોડામાં લોકર છે. તેમણે BOBના લોકરમાંથી ૬૦ તોલા સોનું અને રોકડ રૂ.૧૦.૫૦ની તફડંચી થઈ હોવાનો ઘટસ્ફોટ કર્યો. અને આ લોકર તેમની જાણ બહાર જ ખોલાયું હોવાનું તેમણે પોલીસને માહિતી આપી. આણંદ ગ્રામ્ય પોલીસે ૩ મહિને ચોરીનો ગુનો નોંધ્યો અને LCBને સોપાઈ તપાસ. બેંક ઓફ બરોડા એ રાષ્ટ્રીય બેંક છે. અને રાજ્યમાં અનેક નાના મોટા શહેર તેમજ ગામડાંઓમાં તેની શાખાઓ છે. આણંદના ચિખોદરા ખાતે પણ BOBની છે. આ બેંકમાં ગ્રાહકોને લોકર સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. પરંતુ હાલમાં વિપુલ કેસરિયા નામના ગ્રાહકના બેંકના લોકરમાં મુકેલ દાગીના અને રોકડની ચોરી થતા મામલો ગરમાયો. BOBના લોકરમાં રાખેલ ૬૦ તોલા સોનું અને રોકડ રૂ.૧૦.૫૦ ની ચોરી થઈ. બેંક ઓફ બરોડાની ચિખોદરા શાખાના લોકરમાંથી ચોરી થયાની ઘટના બનતા અન્ય ખાતાધારકોની પણ ચિંતા વધી છે. અન્ય ખાતાધારકો આ કિસ્સા બાદ પોતાના બેંક લોકરમાંથી કિમંતી વસ્તુઓ લઈ જવા લાગ્યા છે. ચિખોદરાના BOBનું બેંક લોકર તૂટવાની ઘટનામાં ગ્રાહકની ફરિયાદ બાદ આણંદ LCB પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો. બેંકનું લોકર અતિ વિશ્વસીય વસ્તુ છે. અને મોટી BOB બેંકનું લોકર તૂટવું એ ઘણી ગંભીર બાબત ગણાય. બેંક લોકર તોડવામાં કોઈ જાણભેદુ જ હોવાનું લાગી રહ્યું છે.

### CA ફાઇનલનું પરિણામ જાહેર કરાયું

## અમદાવાદની રિયા શાહ ભારતમાં બીજા નંબરે આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

આઈસીએઆઈ સીએનું ફાઈનલ પરિણામ ગઈકાલે રાત્રે જાહેર થઈ ગયું છે. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઈન્ડિયા (ICAI) દ્વારા યોજાયેલી ચાર્ટર્ડ એકાઉન્ટ (CA)ની ફાઈનલ પરીક્ષામાં બે વિદ્યાર્થીઓ અને બે વિદ્યાર્થીનીઓએ ટોચના ત્રણ રેંક મેળવ્યા છે. જેમાં અમદાવાદની રિયા શાહ સમગ્ર ભારતમાં બીજા નંબરે આવી છે. જ્યારે હેદરાબાદના હેરાંબ મહેશ્વરી અને તિરૂપતિના રિષભે ઓસ્વાલે સંયુક્તરૂપે ૫૦૮ માર્ક્સ સાથે પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. રિયા શાહે ૫૦૧ માર્ક્સ સાથે બીજો નંબર મેળવ્યો છે. જ્યારે ત્રીજા સ્થાને આવેલી કોલકાતાની કિંજલ અજમેરાએ ૪૯૩ માર્ક્સ મેળવ્યા છે. હેદરાબાદના હેરાંબ મહેશ્વરી અને તિરુપતિના ઓસ્વાલે સંયુક્ત રીતે ૫૦૮ માર્ક્સ (૮૪.૬૭%) મેળવી પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. જ્યારે રિયા કુંજનકુમાર શાહે ૫૦૧ માર્ક્સ (૮૩.૫%) મેળવી બીજા ક્રમાંકે આવી છે. તેમજ કોલકાતાની કિંજલ અજમેરાએ ૪૯૩ માર્ક્સ (૮૨.૧૭%) સાથે ચોથા ક્રમે આવી છે. આઈસીએઆઈના પ્રમુખ સી. એ. રણજીત કુમાર અગ્રવાલે ભારતની સૌથી અઘરી પરીક્ષાઓ પાસ કરનારા તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે. આ વર્ષે ૩૧,૯૪૬થી વધુ વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક CA ફાઈનલ પરીક્ષા પાસ કરી છે. જ્યારે નોંધપાત્ર ૧૧,૫૦૦ વિદ્યાર્થીઓ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બન્યા છે.

### ક્રાઈમની ઘટનામાં સતત વધારો

# વરાછા વિસ્તારના યુવકનું અપહરણ કરીને તેની પાસેથી એક કરોડ માગ્યા

। (એજન્સી) સુરત,તા.૨૭ ।

સુરત શહેરમાં ક્રાઈમની ઘટનામાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે ઓનલાઈન જુગારના પૈસાની લેતીદેતીમાં સુરતના વરાછા વિસ્તારના યુવકનું અપહરણ કરીને તેની પાસેથી એક કરોડ માગ્યા હોવાની ફરિયાદ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં નોંધાય છે. આ સમગ્ર મામલે પોલીસ દ્વારા તાત્કાલિક અસરથી ત્રણેય ઈસમોને પકડવામાં આવ્યા છે અને ચાર લોકોને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે. ઘટના એવી છે કે, સુરતના કાપોદ્રા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી એક યુવકના અપહરણની ઘટના સામે આવી છે. વરાછા વિસ્તારમાં આવેલ રંગ અવધૂત સોસાયટીમાં પરિવાર સાથે રહેતો આકાશ કુકડિયા નામનો યુવક ઓનલાઈનનો ધંધો કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ૨૪ ડિસેમ્બરના રોજ આકાશ કુકડિયા બપોરના સમયે મોપેડ લઈને તેના ઘરેથી ઓફિસ જતો હતો તે સમયે કાપોદ્રા સરકારી ગોડાઉન પાસે કાર અને બાઈકમાં આવેલા શખ્સોએ આકાશનું અપહરણ કર્યું હતું. અજાણ્યા શખ્સોએ આકાશને રસ્તા વચ્ચે રોક્યો હતો અને ત્યારબાદ બળજબરીપૂર્વક તેને કારમાં બેસાડીને તેનું અપહરણ કરી લઈ ગયા હતા અને ત્યારબાદ આ શખ્સોએ આકાશને કહ્યું હતું કે, "તું બુકી છે અને તારી પાસે રાજકોટથી ૧૦ કરોડ રૂપિયા આવ્યા છે અને તારા કારણે બે માણસોએ દવા પીધી છે." આટલું કહ્યા બાદ અપહરણકર્તાઓએ આકાશ કુકડિયાને માર માર્યો હતો અને ત્યારબાદ આકાશ પાસેથી એક કરોડ રૂપિયાની માગણી કરી હતી. જો પૈસા નહીં દે તો તેને રાજકોટ લઈ જવાની ધમકી આપી હતી અને ત્યારબાદ આકાશને અબ્રામા રોડ પર આ ઈસમો ઉતારીને ભાગી ગયા હતા. આ ઘટનાને લઈને તાત્કાલિક અસરથી આકાશ કુકડિયાએ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં આ બાબતે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તપાસ કરતા સામે આવ્યું હતું કે, આકાશનું અપહરણ જે કારમાં થયું હતું તે કાર ટ્રાવેલ્સ એજન્સીમાંથી ખુશાલ નામના ઈસમે ૩૦૦૦ રૂપિયા આપીને ભાડે લીધી હતી. કારના નંબરના આધારે જ પોલીસ ટ્રાવેલ્સ એજન્સી સુધી પહોંચી હતી અને ગાડી ભાડે લઈ જનાર વ્યક્તિની વિગત મેળવીને પોલીસ આરોપીને પકડવામાં સફળ રહી હતી.